



# પ્રકરણ:૫

## હિમાંશી શેલતનું અન્ય સાહિત્યસ્વરૂપોમાં પ્રદાન


















# પ્રકરણ:૫

## હિમાંશી શેલતનું અન્ય સાહિત્યસ્વરૂપોમાં પ્રદાન

## ૫.૧. ભૂમિકા:

હિમાંશી શેલતનું ગુજરાતી સાહિત્યમાં ટૂંકી વાર્તા, નવલકથા, સ્મરણકથા, નિબંધ અને બાળ સાહિત્યની સાથે સાથે સંપાદન, વિવેચન અને અનુવાદ ક્ષેત્રે પણ મહત્વનું યોગદાન રહ્યું છે. કોઈપણ ભાષાના સર્જનાત્મક સાહિત્યના વિકાસ અને તેના સંવર્ધન માટે સંપાદન, વિવેચન અને અનુવાદ જેવી કેટલીક પૂરક અને પોષક પ્રવૃત્તિઓ મહત્વની ગણાય છે.

ગુજરાતી સાહિત્યમાં સંપાદનક્ષેત્રે ચીવટપૂર્વક અને શાસ્ત્રીય પદ્ધતિએ થતાં કાર્યની શરૂઆત છેક દલપતરામના સમયથી થાય છે. દલપતરામે 'રાસમાળા' અંતર્ગત ગુજરાતની પ્રજા, તેમનો ઈતિહાસ, હસ્તલિખિત સાહિત્ય અને દસ્તાવેજો એકત્ર કરવાનું પ્રશંસનીય કાર્ય કર્યું હતું. દલપતરામ પછી નર્મદ, મહીપતરામ નીલકંઠ, હરગોવિંદદાસ કાંટાવાળા, ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ, ગોવર્ધનરામ ત્રિપાઠી, મણિલાલ દ્વિવેદીથી લઈ નરસિંહરાવ દિવેટિયા, કેશવ હર્ષદ ધ્રુવ, બ. ક. ઠાકોર, રા. વિ. પાઠક, ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોશી, જયંતિ દલાલ, રસિકલાલ છો. પરીખ, હરીન્દ્ર દવે, સુરેશ દલાલ અને સુરેશ જોશી જેવા વિદ્વાનોએ સંપાદનક્ષેત્રે મહત્વનું યોગદાન આપ્યું છે, જે પરંપરા આજ પર્યંત ચાલુ રહી છે. ગુજરાતીમાં વિવિધ વિષયોમાં સંપાદનકાર્ય થયું છે. જેમાં કવિતા, ટૂંકી વાર્તા, એકાંકી, નિબંધ, ચરિત્ર અને સ્મરણો જેવા સર્જનાત્મક સાહિત્ય સ્વરૂપોના સંપાદનથી માંડીને પત્રો, સૂચિ-કોશ, વ્યક્તિગત સર્જકોની પ્રતિનિધિ કૃતિઓ તેમજ લોકસાહિત્ય અને મધ્યકાલીન સાહિત્ય જેવા મહત્વના કહી શકાય તેવા ક્ષેત્રે સંપાદનકાર્ય થયું છે.

સર્જનાત્મક સાહિત્યની લગોલગ ચાલનારી વિવેચન પ્રવૃત્તિ સાહિત્યને સમજવામાં અને તેનામાં રહેલી ત્રુટિઓ કે ક્ષતિઓ બતાવી તેને સમૃદ્ધ અને સત્ત્વશીલ બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યના આરંભકાળથી જ આપણને નવલરામ જેવા વિદ્વાન વિવેચક મળ્યા હતા કે જેમણે વિવેચનક્ષેત્રે મહત્વનું કાર્ય કર્યું હતું. નવલરામ ઉપરાંત મણિલાલ દ્વિવેદી, નરસિંહરાવ દિવેટિયા, ગોવર્ધનરામ ત્રિપાઠી, રમણભાઈ નીલકંઠ, કેશવ હર્ષદ ધ્રુવ, મટુભાઈ કાંટાવાળા, આનંદશંકર ધ્રુવ, ન્હાનાલાલ, ક. મા. મુનશી, બળવંતરાય ઠાકોર, રા. વિ. પાઠક, વિજયરાય વૈદ્ય, વિશ્વનાથ ભટ્ટ, વિષ્ણુપ્રસાદ દ્વિવેદી તેમજ ઝવેરચંદ મેઘાણી, કાકાસાહેબ કાલેલકર, બટુભાઈ ઉમરવાડિયા, ચુનીલાલ શાહ, રસિકલાલ છો. પરીખ, ઉમાશંકર જોશી, સુંદરમ્, અનંતરાય રાવળ, ડોલરરાય માંકડ, ડો.ભોગીલાલ સાંડેસરા, હરિવલ્લભ ભાયાણી, જયંત પાઠક અને ધીરૂભાઈ ઠાકર જેવા વિદ્વાન અભ્યાસીઓએ વિવેચનક્ષેત્રે સીમાચિહ્નરૂપ કાર્ય કર્યું છે.

અનુવાદ સંદર્ભે વાત કરીએ તો, ગુજરાતી સાહિત્યના વિકાસમાં અનુવાદનો પણ નોંધપાત્ર ફાળો રહ્યો છે. વિશ્વની જુદી જુદી ભાષાઓમાં સર્જાયેલ ઉત્તમ સાહિત્યથી અવગત થવા માટે તેમજ પોતાની ભાષામાં સર્જાયેલ ઉત્તમ સાહિત્યથી વિશ્વ અવગત થાય તે માટે અનુવાદની પ્રવૃત્તિ મહત્વની ગણાય છે. ૧૯મી સદીના પૂર્વાર્ધમાં આપણે ત્યાં સંસ્કૃતમાંથી ગુજરાતીમાં અનુવાદ થતો હતો, પરંતુ ત્યારબાદ અગ્રેજીનું વર્ચસ્ જોવા મળ્યું. આપણે ત્યાં અગ્રેજોના આગમનને કારણે અંગ્રેજી કેળવણીનો પ્રારંભ થયો પરિણામે આપણે પાશ્ચાત્ય સાહિત્યના વધુ સંપર્કમાં આવ્યાં અને તેમાંનું કેટલુંક સાહિત્ય આપણી ભાષામાં અનુવાદિત થવા લાગ્યું. અલબત્ત અંગ્રેજીમાંથી અનુવાદિત થયેલી ઉત્તમ કૃતિઓને કારણે ગુજરાતી સાહિત્યને જ લાભ થયો. વળી, સંસ્કૃત અને અંગ્રેજીની સાથે સાથે હિન્દી, મરાઠી અને બંગાળી જેવી ભારતીય ભાષાઓમાંથી પણ અસંખ્ય કૃતિઓનો ગુજરાતીમાં અનુવાદ થવા લાગ્યો. તો બીજી બાજુ કનૈયાલાલ મુનશી, ધૂમકેતુ અને ન્હાનાલાલ જેવા સર્જકોની કૃતિઓનો હિન્દી, મરાઠી તેમજ અંગ્રેજી ભાષામાં અનુવાદ થયો જે સરવાળે ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવામાં મહત્ત્વનો સાબિત થાય છે. ગુજરાતી સાહિત્યમાં નર્મદ, ગોવર્ધનરામ ત્રિપાઠી, મણિલાલ દ્વિવેદી, કેશવ હર્ષદ ધ્રુવ, કવિ કાન્ત, બ. ક. ઠાકોર, ન્હાનાલાલ, રા. વિ. પાઠક, ઉમાશંકર જોશી, સુન્દરમ્, ઝવેરચંદ મેઘાણી, રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, સુરેશ જોશી, હરીન્દ્ર દવે, સુરેશ દલાલ, હસમુખ પાઠક, ભોળાભાઈ પટેલ તેમજ સિતાંશુ યશશ્ચંદ્ર જેવા વિદ્વાનોએ બહોળા પ્રમાણમાં અનુવાદ કાર્ય કર્યું છે.

હિમાંશી શેલતે સંપાદન, વિવેચન અને અનુવાદક્ષેત્રે કરેલા કાર્ય વિશે હવે વિગતે જોઈએ.

## ૫.૨. હિમાંશી શેલતનું સંપાદનક્ષેત્રે પ્રદાન

હિમાંશી શેલતનું સંપાદનક્ષેત્રે મહત્વનું યોગદાન રહ્યું છે. એમણે જુદાં-જુદાં પ્રકારના કુલ ૧૦ સંપાદનો કર્યા છે. જેમાં 'સ્વામી અને સાંઇ' (૧૯૯૩), 'પ્રતિરૂપ' (૧૯૯૫), 'અંતર-છબિ' (૧૯૯૮), 'લિ...હું આવું છું' (૨૦૦૩) અને 'મધદરિયે મહેફિલ' (૨૦૧૧) એમ કુલ પાંચ વ્યક્તિલક્ષી સંપાદનો, 'નાયિકા પ્રવેશ' (૨૦૦૪), 'અડધા આકાશનો રંગ' (૨૦૦૫) અને 'પહેલો અક્ષર' (૨૦૦૫) એમ ત્રણ નારીકેન્દ્રી સંપાદનો તેમજ '૨૦૦૨ની શ્રેષ્ઠ વાર્તાઓ' (૨૦૦૩) અને 'ગુજરાતી નવલિકા ચયનઃ૨૦૦૭' (૨૦૦૮) એમ બે શ્રેષ્ઠ વાર્તા ચયનના સંપાદનો કર્યા છે. હિમાંશી શેલતે કરેલા આ સંપાદનો વિશે હવે વિગતે જોઈએ.

## ૫.૨.૧. 'સ્વામી અને સાંઈ' (૧૯૯૩)

સંપાદનના આદર્શ નમૂનારૂપ 'સ્વામી અને સાંઈ' હિમાંશી શેલતનું પ્રથમ સંપાદન છે. તેની પ્રથમ આવૃત્તિ ૧૯૯૩માં થઈ હતી, તો લોકપ્રિયતાને કારણે તેનું પુનઃમુદ્રણ ૨૦૧૨માં થયું. મકરન્દ દવે પાસેથી મળેલા ૩૦૦ જેટલા મૂલ્યવાન કહી શકાય તેવા પત્રો જોઈને હિમાંશી શેલતને આવું લખાણ પ્રગટ થયા વિના પડયું રહે તે ઠીક ન લાગતા એ પત્રોમાંથી એમણે ૧૭૪ પત્રો સમયક્રમાનુસાર વ્યવસ્થિત રૂપે સંપાદિત કરીને અહીં મૂક્યા છે. આ પત્રોમાં ચોક્કસ વિષયને પ્રાધાન્ય આપ્યા સિવાય વિચારોના આદાન - પ્રદાન દ્વારા ઉચ્ચ જીવનમૂલ્યોને પોષતી અને સંરક્ષતી વાતોની સાથેસાથે સ્વામી આનંદ અને મકરન્દ દવેના જીવનદર્શન, નિષ્ઠા, ખોજ, આરત, અનુભવ, સચ્ચાઈ અને અલગારી મસ્તી ઉપસતી દેખાય છે. અહીં વ્યક્તિગત સંબંધોની હૂંફ, વડીલોનું વાત્સલ્ય અને ચિંતા, મિત્રભાવે અપાતી-મંગાતી સલાહ છે તો સાંપ્રત પ્રશ્નો, ધર્મ, રાજકારણ, વ્યક્તિઓ, પુસ્તકો અને પ્રકૃતિનું વર્ણન પણ છે. તેથી જ તો સ્વામી આનંદ આ પત્રોને 'ઉઘાડા દિલનો દસ્તાવેજ' કહે છે.

'સંગમ' માસિકના સંપાદન અને વસ્તુ પસંદગીથી પ્રસન્ન થયેલા સ્વામી આનંદ તેના સંપાદક - મકરન્દ દવેને મુબારકબાદી આપતો પ્રથમ પત્ર તા.૨૧-૦૪-૧૯૫૫ના રોજ લખે છે. આ પત્રથી લઈને ૧૪-૧૦-૧૯૭૫ના રોજ લખાયેલા છેલ્લા પત્ર સુધી, એટલે કે ૧૯૫૫થી ૧૯૭૫ એમ વીસ વર્ષ સુધી, વાડાબંધીથી સદંતર મુક્ત, નિર્ભીક અને જાગ્રત એવા સ્વામી આનંદ અને નવલોહિયા 'સાંઈ' મકરન્દ દવે વચ્ચે અખંડિત ધારાએ ચાલેલો પત્રવ્યવહાર અહીં સંચિત થયો છે. આ પત્રો જે સમયે લખાયા તે સમયે મકરન્દ દવેની વય ૩૩ વર્ષ અને સ્વામી આનંદની લગભગ ૬૮ વર્ષની હતી.

હિમાંશી શેલતે કરેલા આ સંપાદન વિશે ભરત મહેતા નોંધે છે, "'સ્વામી અને સાંઈ' (૧૯૯૩) નામથી સ્વામી આનંદ અને મકરંદ દવેનો પત્રવ્યવહાર સંપાદિત કર્યો છે. 'બાદશાહી ખાણું' શીર્ષકથી લખાયેલું સંપાદકીય સ્વામી આનંદ અને મકરન્દ દવેની રસપ્રદ છબિ ઝીલે છે. સ્વામી આનંદ આ પત્રોને 'ઉઘાડા દિલનો દસ્તાવેજ' કહે છે. આ પત્રોનું જગત વ્યાપક છે. રહસ્યવાદથી માંડી રોજબરોજના કટુવાસ્તવ સુધીનું છે. બેઉ પત્રલેખકો તળપદમાંથી આવે છે. તેથી પત્ર જેવી અનૌપચારિક સામગ્રીમાં તો આ દિલનો દસ્તાવેજ સરસ રીતે ખૂલતો જાય છે. સ્વામી આનંદ અનેકવિધ પ્રવૃત્તિઓમાં જોતરાયેલ માણસ પણ અહીં જોઈ શકાય છે કે પોતાની અનુગામી

પેઢીના પ્રતીક સમા મકરન્દભાઈને નિરાંતે પત્રો લખવાનો સમય ફાળવે છે. આ પત્રો કેવળ ઔપચારિક પૂછપરછના જ નથી અહીં બે જણની ગોઠડી પણ સંભળાય એવા હૂંફાળા પત્રો છે."[૧]

હિમાંશી શેલતે અહીં પત્રોના સંપાદનની સાથે સાથે દષ્ટાંતો સાથે પત્રોનો ઉચિત પરિચય કરાવતો ૨૫ પાનાંનો ભૂમિકાલેખ આપ્યો છે, જે આ સંપાદનના પ્રાણ સમાન છે. આ ઉપરાંત તેમણે આ સંપાદનમાં બે પરિશિષ્ટો આપ્યા છેઃ 'પરિશિષ્ટ-અ'માં પત્રોમાં ઉલ્લેખાયેલ નામોનો વિગતે પરિચય આપ્યો છે, તો 'પરિશિષ્ટ-બ'માં પત્રોમાંનાં સંસ્કૃત, અંગ્રેજી, બંગાળી અવતરણોના અનુવાદો મૂકી તેની સંદર્ભ સમજૂતી આપી છે. છેલ્લે તેમણે મકરન્દભાઈએ કરેલ અંગ્રેજી કાવ્યો 'The Guy in The Glass' અને 'Woman and War'નો ગુજરાતી અનુવાદ મૂક્યો છે. આ પ્રકારનું સંપાદન આ પુસ્તકને અન્ય સંપાદિત પુસ્તકથી વિશેષ બનાવે છે.

રમણ સોની હિમાંશી શેલતના આ સંપાદન વિશે નોંધે છે, "'સ્વામી અને સાંઈ' (૧૯૯૩; બીજી ૨૦૧૨) સ્વામી આનંદ અને મકરંદ દવે વચ્ચેનો પત્રવ્યવહાર. મકરંદભાઈ પાસેથી પત્રો મળ્યા અને પત્રોનાં તેજ અને ઊર્જા જોઈને એમને લાગ્યું કે 'આવું લખાણ પ્રગટ થયા વિના પડયું રહે, તે તો ઠીક નહીં.'(સંપાદકીય) પત્રો વ્યવસ્થિત રૂપે સમયક્રમે મૂક્યા; પરિશિષ્ટોમાં નામો, સ્થળો, પ્રસંગો, વગેરેની સમજૂતી આપી; પત્રોમાં નામ સંસ્કૃત, અંગ્રેજી, અવતરણોના અનુવાદો મૂકવાની કાળજી કરી-એ મુખ્ય સંપાદન-ભાત. પણ સંપાદનનો ખરો પ્રાણ તો સંપાદકીય લખાણ હોય છે. એવા ૨૦ -૨૫ પાનાંના ભૂમિકાલેખમાં દષ્ટાંતો સાથે આ પત્રસેતુનો એવો પરિચય કરાવ્યો કે એનું પૂરેપૂરું રૂપ ઊઘડે, બલકે સાક્ષાત્ થઈ રહે. વધુ ગમે એવી વાત તો એ છે કે આ, 'બાદશાહી ખાણું' નામનો સંપાદકીય લેખ, એક સ્વતંત્ર લેખ તરીકે, આ સંપાદનમાંથી જુદો તારવ્યો હોય તો પણ પ્રસ્તુત રહે એવા એક ચરિત્રલેખ તરીકેય મહત્વનો બન્યો છે. એમાં સ્વામી અને સાંઈ બંનેની ભાતીગળ વ્યક્તિરેખાઓ આસ્વાદ્ય રૂપે ઊતરી છે."[૨]

'સ્વામી અને સાંઈ'માં સંપાદિત આ પત્રોમાંથી આપણને બંને પત્રલેખકોના સુરેખ વ્યકિતચિત્રો પ્રાપ્ત થાય છે. ૧૮૮૭માં સૌરાષ્ટ્રના બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલા હિંમતલાલ દવે - સ્વામી આનંદ દસ વર્ષની કાચી વયે ભગવાન જોવાની લાલચે સાધુઓ સાથે સમગ્ર દેશમાં રઝળપાટ કરે છે. સ્વામી આપબળે - અનુભવે શીખેલા, મેધાવી અને પ્રચંડ ગ્રહણશક્તિવાળા, ગાંધીજીના સમર્થ સાથી, પ્રકૃતિપ્રેમી, નિરંતર અભ્યાસી, ગદ્યસ્વામી, જીવનમૂલ્યોનું રક્ષણ કરનાર જીવનનિષ્ઠ સંસ્કારપુરુષ છે. વળી તેઓ સાફ, ઝીણી નજરવાળા, વિષમતાથી પરિચિત, અનુભવી અને ભારે

કોઠાસૂઝ ધરાવનાર, પ્રેમાળ, નિઃસંકોચપણે સ્પષ્ટ અભિપ્રાય આપનાર, વડીલ, મિત્રધર્મ જાળવનાર, વિનમ્ર અને જ્ઞાનપિપાસુ હતા. તેઓ સેવાપ્રેમી, ગાંધીજી, સરદાર, ટિળક, મહાદેવભાઈ, નરહરિભાઈ, નાનાભાઈ ભટ્ટ, કિશોરલાલ મશરૂવાળા જેવી હસ્તીઓ વચ્ચે વસેલા, સાચા-ખોટા અનેક સાધુસંતોની સોબતમાં આવી ગયેલા, સારામાઠા અનુભવોથી પૂરા ઘડાયેલા, સ્વચ્છ, નિર્ભીક, મુક્ત, દષ્ટિસંપન્ન સાધુ હતા જે આ પત્રોમાં પૂરેપૂરા પ્રગટ થાય છે. સ્વામીએ એમની વેધક દષ્ટિ અને ધારદાર કલમ દ્વારા સમાજના સાંપ્રત પ્રવાહો, ધર્મ, રાજકારણ, વ્યક્તિઓ, પુસ્તકો તેમજ પ્રકૃતિ વિશે મૂલ્યવાન કહી શકાય તેવું ઘણું લખ્યું છે માટે જ તેમના પત્રો અતિમૂલ્યવાન છે. સ્વામીથી પૂરેપૂરા પરિચિત મહાત્મા ગાંધીએ 'નવજીવન' અને 'યંગ ઈન્ડિયા'ના સંપાદનની કામગીરી તેમને સોંપી હતી, જેને તેમણે સુપેરે નિભાવી હતી.

તો, મકરન્દ દવે આદર્શવાદી સ્વપ્નદ્રષ્ટા, કલ્પનાશીલ, તરવરાટભર્યા યુવાન કવિ, ભક્તિના રંગે રંગાયેલા, કંઈક કરી છૂટવાની તાલાવેલી ધરાવતા, અધ્યાત્મમાર્ગના પ્રવાસી, મિસ્ટિક કહેવાય એવા, કશીક શોધમાં સતત પરોવાયેલા સાધક જીવ, આર્ત્ત-આર્દ્ર ભક્તહૃદય ધરાવતા નવલોહિયા યુવાન છે. તેમના કેટલાક પત્રોના આધારે બંનેના મૂલ્યવિષયક અને સાંપ્રત પરિસ્થિતિ વિશેના વિચારો જોઈએ...

સેવાનો ભાર લઈને ચાલનારા દંભી અને અધ્યાત્મ કે ગૂઢવાદના ગબારાથી આંજી દેનારા તકસાધુથી સાવધ રહેવાનું ઉષ્મા અને સ્નેહભાવથી સહજ મિત્રભાવે જણાંવતા સ્વામી લખે છે, "...તમારામાં Mystic તત્ત્વ મેં મૂળથી જ હંમેશા જોયું છે. અને જોકે હું Mysticismમાં નથી માનતો તેમ જ સમજું છું પણ નહિવત્ છતાં તમારા જેવા earnest Souls જેમને હું સંત ફકીર ઓલિયા દરવેશની હરોળમાં ગણું છું તેમનામાં એવા Mystic અનુભવો કે મનોદશાની નફરત મેં કદી નથી સેવી બલ્કે તેને Prayerful વલણથી સમજવા - ઉકેલવાનો મેં હંમેશા પ્રયત્ન કર્યો છે એટલે હું ન સમજું છતાં તેવી વાતવલણ અનુભવનો ઉપહાસ હું તમારા જેવા દાખલામાં કદી ન કરું." (પત્ર ક્રમાંકઃ ૧૫૭) તો સામે પક્ષે લોકેષણા કે લાલચથી લદબદ એવા અગમના બંદાઓના મકરન્દ દવે આકરા ટીકાકાર છે. તેઓ લખે છે, "...કાળાંબજારિયા ને લાંચિયા લોકોને સામાજિક પ્રતિષ્ઠા આપતા લેભાગુઓને હું સંત ગણવા તો તૈયાર નથી જ પણ ધૂર્તો માનું છું. આપણી આધ્યાત્મિકતાને નાસ્તિકોનો જરાયે ડર નથી. આવા મોટા 'ક્લેઈમ્સ' - દાવા - કરનારા, ને દોકડાની ચારિત્ર્યશુદ્ધિ વિનાના મહંતો જ મારી નાખશે સાચા ધર્મને." (પત્ર ક્રમાંકઃ ૧૫૫)

સ્વામી આનંદ establishmentના વિરોધી હતા. સરકારી જોરે આગળ વધતા કલાકારો કે સર્જકો માટે એમને ભારે આક્રોશ હતો. તેઓ લખે છે, "હું તો આજની સરકારોના પૈસા કે પેટ્રનેજ પાછળ જનારા લોકોને કળાવંત કે કલાકાર કહેતો જ નથી. હું તો એ સરકારો કે સરકારી ખાતાંવાળાઓ જે આજે હિંદુસ્તાનની પ્રજાનો અને જનતાનો ઓદ્ધાર કરવા હાલી નીકળ્યા છે તેમને પડછાયે ઊભવામાં પણ આભડછેટ માનું એમ છું. આટલામાં બધું આવી ગયું..." (પત્ર ક્રમાંકઃ ૩૭)

સ્વામી આનંદ અને મકરન્દ દવે પાસે સૌરાષ્ટ્રની ધીંગી વાણી છે. તેમની પાતાળ ફોડીને ખળખળ વહેતી આ વાણી લોકહૃદયને સ્પર્શે છે, તેમાં સંતોની સરળતા અને શક્તિ છે. નાગરોની જેમ રેશમી અને સુંવાળી નથી. તેથી જ સ્વામી પોતાની ભાષા વિશે લખે છે, "... સાક્ષરી Sophisticated - ભદ્રલોકોની ભાષા મને ગમતી જ નથી ને કદાચ તેથી જ તે હું સમજી પણ નથી શકતો અગર તો બહુ ઓછી - કવિતા તો એ ભાષામાં લખાયેલી મુદ્દલ ન સમજું. પ્રયત્ન પણ જવલ્લે જ કરું." (પત્ર ક્રમાંકઃ ૩૩) સ્વામી આનંદને આપણે ભલે ગદ્યના સ્વામી કહીએ છીએ પરંતુ તેમને પોતાની ભાષા 'ખીચડો' લાગે છે. તેઓ મકરન્દ દવેને લખે છે, "મારી ભાષા કાઠિયાવાડી કે ગુજરાતી નથી પણ અરધોડઝન પ્રાંતભાષાઓનો ખીચડો છે ને મુખ્યત્વે તેનું હાડ મરાઠીનું છે. તે તેવી ખીચડો રહેવા દેવામાં જ મારી ઈજત જળવાય તેવું છે. તેને Embelish કરવા જવામાં માલ નથી." (પત્ર ક્રમાંકઃ ૪૨)

ધર્મ, રાજકારણ, જીવનમૂલ્યો અને સમાજની ચિંતા કરતી શૂષ્ક વાતોની વચ્ચે સ્વામી આનંદ અને મકરન્દ દવેના પત્રોમાં તેમની ગજબની સેન્સ ઓફ હ્યુમરના આપણને દર્શન થાય છેઃ "તમે મારા જેવા ઘરડાખખ માણસ ઉપર જે પરિશ્રમ હંમેશા લ્યો છો તે જોઉ છું ત્યારે મિત્રો આગળ જે એક જૂનું સુભાષિત હું મને પોતાને લાગુ કરતો હોઉં છું તે ખોટું પડતું હોય એવો અનુભવ થાય છેઃ

દાંત ખિયાને ખુર ઘિસ, પીઠ ન બોઝા લેય
ઐસે બુઢે બર્દ કો કૌન બાંધ ભુસ દેય ?" (પત્ર ક્રમાંકઃ ૬૮)

અહીં સ્વામી પોતાને બૂઢા બળદિયા સાથે સરખાવીને હળવાફૂલ થતા દેખાય છે.

તો, ફરી ફરીને પાછા આલ્મોડા આવેલા સ્વામી આનંદ મકરન્દ દવેને લખે છે, "ભૂત પાછું એની આંબલીએ આવી ગયું છે..."

વળી, સ્વામી આનંદને દાંત પડાવવાનું થાય છે ત્યારે મકરન્દ દવે લખે છે, "દાકતર તમારા દાંત કાઢશે એના કરતાં તમને હું વધારે દાંત કઢાવી શકીશ ને એમ વાતો ન કરી શકો એનો વસવસો નહીં રાખું." (પત્ર ક્રમાંકઃ ૭૩)

આમ, સ્વામી આનંદ અને મકરન્દ દવે - બંનેના પત્રો દ્વારા તેમના હાસ્ય અને રમૂજથી ભર્યા વ્યક્તિત્વના આપણને દર્શન થાય છે.

'સ્વામી અને સાંઈ'માં સંપાદિત કરેલા સ્વામી આનંદ અને મકરન્દ દવે વચ્ચે લખાયેલા આ પત્રો કેટલા મૂલ્યવાન છે એ વિશે હિમાંશી શેલત નોંધે છે, "આ એવા સમયની વાત છે, જ્યારે લાંબા પત્રો લખવા માટે સમય ફાળવી શકાતો. નિમિત્ત વગર પણ દીર્ઘ પત્રો લખાતા, અને જીવ ચોર્યા વગર પત્રોમાં હૃદય ઠલવાતાં. હવે તો પત્ર લખવાની કળા લગભગ અદશ્ય થતી જાય છે. બે વ્યક્તિ વચ્ચે મીઢું મૌન આવી બેસે છે, પારદર્શક વ્યક્તિત્વો ઓછાં થતાં જાય છે, નિખાલસ વાતોનું સ્થાન ઠંડી ગણતરીએ લીધું છે, જ્ઞાનગોષ્ઠિ કે સાત્ત્વિક આનંદને ઠેકાણે અહંકાર કે દ્વેષ પત્રોમાં ડોકાયા કરે છે. એવા વખતમાં જાળવી રાખવા જેવા પત્રો ઓછા જ પ્રાપ્ત થવાના. એટલે જ સ્વામી આનંદ અને મકરન્દભાઈ વચ્ચે જે પ્રકારનો પત્રવ્યવહાર થયો તેનું સવિશેષ મૂલ્ય છે. વળી પત્રોમાંથી બંને પત્રલેખકોનાં સુરેખ વ્યક્તિચિત્રો આપણને સાંપડે છે તેનેય પત્રોની નોંધપાત્ર પ્રાપ્તિ લેખી શકાય."[3]

## ૫.૨.૨. 'પ્રતિરૂપ' (૧૯૯૫)

'પ્રતિરૂપ' એ સંસ્કૃત, બંગાળી, પંજાબી અને અંગ્રેજી સ્તવનો તથા કાવ્યોના મકરન્દ દવેએ કરેલા પદ્યાનુવાદોનું હિમાંશી શેલતે કરેલું મહત્વનું સંપાદન છે. ઓગષ્ટ ૧૯૯૫માં પ્રકાશિત આ પુસ્તકમાં હિમાંશી શેલતે મકરન્દ દવે દ્વારા અનુવાદિત કુલ ૩૦ જેટલાં અગ્રંથસ્થ કાવ્યો પસંદ કરીને આપણને ૧૦૭ પૃષ્ઠોમાં સુલભ કરી આપ્યાં છે. પુસ્તકની શરૂઆતમાં 'આ અનુવાદના જન્માક્ષર' નામે મકરન્દ દવેનો લેખ તેમજ 'પ્રાણનો પરકાયાપ્રવેશ' નામે હિમાંશી શેલતનો વિસ્તૃત સંપાદકીય લેખ આપ્યો છે. જેમાં મકરન્દ દવેની અનુવાદ પ્રક્રિયા વિશે મહત્વના નિરીક્ષણો પૂરાં પાડયાં છે. સાથે સાથે સંપાદકે આ લેખમાં રવીન્દ્રનાથ ટાગોર અને સુરેશ જોષી જેવા ભારતીય તેમજ Hilaire Belloc, Edward Fitzgerald, Edward Sapir, Isaac Bashevis Singer, George Steiner, Yeats, Juan Mascaro જેવા પાશ્ચાત્ય વિદ્વાન અનુવાદકો - વિચારકોના મંતવ્યો ટાંકીને અનુવાદ

દરમિયાન ઉદ્ભવતી સમસ્યાઓ તરફ ભાવકનું ધ્યાન દોર્યું છે જેથી અનુવાદની પ્રક્રિયાથી તેઓને વાકેફ કરી શકાય. ટૂંકમાં, ઉત્તમ અનુવાદ કેવો હોઈ શકે - કેવી રીતે થઈ શકે તેની શક્યતાઓ વિશેનો વિચાર રજૂ કર્યો છે. આ ઉપરાંત સંપાદનમાં એમણે શુદ્ધિપત્રક પણ આપ્યું છે જેથી મૂળ કાવ્ય કે અનુવાદિત કૃતિમાં રહી ગયેલી અશુદ્ધિઓ તરફ આપણું ધ્યાન દોરાય.

હિમાંશી શેલતે અહીં મકરન્દ દવે દ્વારા અનુવાદિત એવી કૃતિઓ સંપાદિત કરી છે જે કૃતિઓ મકરન્દ દવેના પ્રાણને હચમચાવી નાખતી, તેમના લોહીમાં ઘૂંટાયેલી-ઘોળાયેલી તેમજ આત્મસાત્ બની તેમના મનનો કબજો લઈને પ્રવાહિત બની હોય. વળી, આ સંપાદનમાં ફક્ત તેમના પદ્યાનુવાદો જ રજૂ કરવાને બદલે સંપાદકે મૂળ કૃતિઓ પણ આપી છે જેથી ભાવક બંનેનો આસ્વાદ લઈ શકે તેમજ આપણી ભાષાના વળાંકો મુખ્ય પ્રવાહને કેવો વહેતો રાખે છે એ પણ પારખી શકે.

'પ્રતિરૂપ'નું સંપાદન કરવાનો વિચાર પ્રથમ વાર ક્યારે આવ્યો એ સંદર્ભે હિમાંશી શેલત નોંધે છે, "Simone Weilના કાવ્ય 'The Gate'નો શ્રી મકરન્દભાઈએ કરેલો અનુવાદ એમની પાસેથી જ જ્યારે સાંભળ્યો, ત્યારે આ સંપાદનનો વિચાર પ્રથમ વાર ઝબકી ગયો હતો.

*'દરવાજો ખોલી નાખો રે*
*ખોલી નાખો દરવાજો*
*લેલૂમ ફળે ઝૂકી પડતી વાડીને જોવા*
*તલખ તલખ આંખોનો એક તકાજો.'* (પૃ.૬૭)

- જેવી આરંભની પંક્તિથી મૂળ રચનાના પ્રતિરૂપનો આહ્લાદક પરિચય થયો. આ પહેલાં પણ એમના બીજા કાવ્યાનુવાદ માણ્યા હતા, એટલે મૂળ કૃતિ સાથે થોડા પસંદ થયેલા અનુવાદો પુસ્તકરૂપે હોય તો ઠીક થાય. કાવ્યના અનુવાદમાં કેવી કેવી સંભાવના રહેલી છે એનો પ્રત્યક્ષ પરિચય મળી શકે એવી અપેક્ષા પણ આ સંપાદનના મૂળમાં ખરી જ. મારા આ ભાવને મકરન્દભાઈની સ્વીકૃતિ મળી, અને આ સંપાદન શક્ય બન્યું."[૪]

હિમાંશી શેલતે મકરન્દ દવેના આ પદ્યાનુવાદોનું સંપાદન કર્યું તેની પાછળનું તેમનું મુખ્ય આકર્ષણ તે આ કાવ્યોમાં ઉઘડતું લયનું આકર્ષણ અને સંગીતત્વનો પ્રભાવ પણ ખરો. તેઓ સ્પષ્ટપણે માનતાં હતાં કે, "કાવ્યની આગવી સંપત્તિ એનો લય છે, એમાં રહેલું સંગીતનું તત્ત્વ છે. એ દ્વારા ભાષાની પકડ બહાર રહી જતું ઘણું ઘણું કાવ્યમાં પ્રગટ થાય છે, ને ગ્રાહ્ય બને છે."[૫]

કાવ્યની આગવી સંપત્તિરૂપ લય-સંગીતના આ માધુર્યને મકરન્દ દવે અનુવાદિત St. francis of Assisiની એક પ્રાર્થનાની પંક્તિને આધારે માણીએ…

'Where there is hatred let me sow love
Where there is injury, pardon.'

*"વેરનાં વખિયાં ખેતર રે, ખેડી ગોડીને ખાંતે,*
*સાંતીડાં જોડી સનેહનાં રે, વાવું બી ભલી ભાંતે,*
*ઊંડા તે ઘાવ વરામણા રે, દિલે દાહ જ્યાં કારી,*
*અંગે અંગે દઉં નરમળાં રે, શીળા લેપ નિતારી."* (પૃ.૧૦૩)

અહીં આ પંક્તિમાં લય-સંગીતના માધુર્યની આહ્‌લાદકતાનો આપણને પરિચય મળે છે.

મકરન્દ દવેએ મૂળકૃતિને વફાદાર રહેવાના જડ આગ્રહ વગર અનુવાદમાં મૂળકૃતિનો અણસાર કે અવાજ સાચવીને તે સહજ અને સ્વાભાવિક લાગતી હોય તો પદ્યાનુવાદમાં તેમણે ક્યાંક-ક્યાંક આવશ્યક ફેરફાર પણ કર્યો છે. તેથી જ તેમનાં પદ્યાનુવાદો પ્રતિબિંબ તરીકે નહિ, પણ પ્રતિરૂપ તરીકે આવ્યાં છે. સામાન્ય રીતે કેટલાક અનુવાદકોમાં એવો અભિપ્રાય બંધાતો હોય છે કે, કાવ્યનો અનુવાદ કઠીન હોય છે - મૂળ કૃતિના શબ્દસૌંદર્યને, એની લાક્ષણિક અર્થછાયાઓને બીજી ભાષામાં ઢાળવાનું લગભગ અસંભવ હોય છે, કવિના અવાજનો અસલ રણકો મૂળ ભાષામાં જ સંભળાય કે તેનામાં રહેલું સંગીતતત્ત્વ પ્રજાકીય ચેતનાનો અંશ હોવાથી તેને બીજી ભાષામાં ઉતારી ન શકાય. પરંતુ મકરન્દ દવેના મતે મૂળ સાથે ભાવનું ભળતાપણું જ મુખ્ય વસ્તુ છે, એ જ પ્રાણનો પરકાયાપ્રવેશ છે. તેમના 'શિવમહિમ્ન સ્તોત્ર', 'લઘુસ્તવ', 'વનવાસ', 'વર્ષગાઠ' જેવા સંસ્કૃત, બંગાળી અને પંજાબી સ્તવનો અને કાવ્યોની સાથે સાથે 'ભેદુ તારા નેહના, આ ભડકા તો ભારી', 'પ્રીતમના ઓરડા', 'પ્રીતમનો હાર', 'દરવાજો', 'બેહદનું બારણું', 'આયના માહ્યલો ગોઠિયો' અને 'છોડી દે વિચાર છોરા' જેવી અંગ્રેજી રચનાઓ તેમાં રહેલા લયના આકર્ષણ અને સંગીતતત્ત્વના પ્રભાવને કારણે આસ્વાદ્ય બની છે.

આ સંપાદનમાંથી પસાર થતા અંતે એટલું અવશ્ય કહી શકાશે કે, હિમાંશી શેલતે મકરન્દ દવેના આ પદ્યાનુવાદોનું સંપાદન કરીને ગુજરાતી સાહિત્યમાં મહત્વનું યોગદાન આપ્યું છે.

### ૫.૨.૩. 'અંતર-છબિ'(૧૯૯૮)

'અંતર-છબિ' એ હિમાંશી શેલત અને વિનોદ મેઘાણીએ સાથે મળીને ૧૯૯૮માં સંપાદિત કરેલું શ્રી ઝવેરચંદ મેઘાણીનું સંકલિત આત્મવૃત્તાંત છે. કુલ ૬૦૮ પાનના આ દળદાર ગ્રંથમાં ઝવેરચંદ મેઘાણીના પ્રગટ-અપ્રગટ અને ગ્રંથસ્થ-અગ્રંથસ્થ સાહિત્યમાંથી પ્રસ્તાવનાઓ, પુસ્તકનિવેદનો, પત્રો, મુલાકાતો, અહેવાલ, પ્રવાસ વર્ણનો, વ્યાખ્યાનો, ટાંચણપોથીઓ અને બીજાંઓનાં સંસ્મરણોમાંથી એમના ઉદ્ગારોના આત્મકથનાત્મક અંશોનું આત્મદર્શન છે. ટૂંકમાં, મેઘાણીજીવનની એમને જ મુખે કહેવાયેલી આ અનુભવકથા છે.

પરિશ્રમ પૂર્વક તેમજ સુઆયોજીત રીતે સંપાદિત કરેલા આ ગ્રંથમાં ઝવેરચંદ મેઘાણીની વિવિધરંગી છબી આલેખાઈ છે. જેમાં કલમકસબી સર્જક, પત્રલેખક, સાચા પત્રકાર, લોકસાહિત્યના સંશોધન તેમજ સંપાદન માટે સતત રઝળપાટ કરનાર, સમાજહિતચિંતક, ગુજરાતના લોકસાહિત્યને ઘરે-ઘરે પહોંચાડનાર, લોકવિદ્યાવિદ્ એવા ઝવેરચંદ મેઘાણીની અહીં ઋજુ કોમળ પિતા અને લાગણીશીલ સસરા તરીકેની સુરેખ છબીનો પણ આપણને પરિચય થાય છે. ગુજરાતીમાં કદાચ પ્રથમ કહી શકાય એવી આ સંકલિત આત્મકથામાં ઝવેરચંદ મેઘાણીના જીવનમાં બનેલી વિવિધ ઘટનાઓ, પ્રસંગો, અનેક જાણીતાં વ્યક્તિઓ સાથે થયેલ તેમના મૈત્રીસંબંધો, સાહિત્ય-સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની પ્રતિબદ્ધતા તેમજ લોકસાહિત્ય માટેની કટિબદ્ધતા ધરાવતા આ વિરલ વ્યક્તિત્વ અંગેની વિવિધરંગી છબી આ સંપાદનમાં સંગ્રહીત થઈ છે.

શાસ્ત્રીય પદ્ધતિએ કરેલા આ સંપાદનમાં 'સત્ય-સુંદર છબિઃ અંતર-છબિ...' નામક સંપાદકીય લેખ ઉપરાંત મુદ્રણ નોંધો તેમજ પરિશિષ્ટો આપ્યાં છે. જે આ સંપાદનને ગુજરાતીમાં અગાઉ થયેલા સંપાદનોથી જુદું પાડે છે. ઉત્તમતાના તમામ ધોરણોમાં ખરું ઉતરે એવાં આ સંપાદનમાં લખાણની મુદ્દાસરની ગોઠવણી સાથે તેને અનુરૂપ સુંદર રેખાંકનો આપવામાં આવ્યાં છે. આ સંપાદનના ઘાટ વિશે કનુભાઈ જાની નોંધે છે, "ડિમાઈ સાઈઝનું, પ્રત્યેક પાનની વધારેમાં વધારે જગ્યા વપરાય - અમારા જેવા પેન્સિલવીરોની હાંસિયાખોરીને ભાગ્યે જ અવકાશ રહે એમ, ક્યાંક તો ૩૨ થી ૩૪-૩૫ લાઈનો સુધી ખીચોખીચ છતાં રુચિપૂર્ણ ગોઠવણીવાળું, લખાણના મુદ્દાસર અંશોને, પ્રત્યેક અંશ-એકમના આદિ-અંતે લખાણને અનુરૂપ સુંદર ચિત્રાંકનોથી શોભતું, દળદાર બૃહત્ અભ્યાસગ્રંથ - સાચાને એના વ્યુત્પત્તિગત અર્થમાં Tome (મૂળ ગ્રીક શબ્દાર્થ 'કટિંગ'!) - છસોક પાનનું પુસ્તક (ગૂર્જર પ્રકાશન, ૧૯૯૮), 'લિ.હું...'નું જોડીદાર બને એવું છે.

અભ્યાસીઓ માટે સંદર્ભગ્રંથ, રસિકો માટે મેઘાણીજીવનની એમને જ શ્રીમુખે ઝમતી સ્વાનુભવકથા. આનું ત્રિવિધ મૂલ્ય છે : સ્વોક્ત જીવનચરિત્ર તરીકેનું, સંદર્ભગ્રંથ તરીકેનું અને એક શ્રદ્ધેય દસ્તાવેજ તરીકેનું, ત્રણને સમાવવાનો ખ્યાલ સૂઝભર્યું શિલ્પકામ માગી લે. હર સ્થળે સર્જક અભિગમ અને એકંદરે અભ્યાસનિષ્ઠ ધૃતિ."[૬]

જોકે, 'અંતર-છબિ'ના આ સંપાદન પહેલા શ્રી ઝવેરચંદ મેઘાણીના જીવન વિશે ઘણું લખાયું. એમના આત્મકથનાત્મક અંશોને સંઘરતા અનેક પ્રયોગો થયા. મેઘાણીના આત્મનિવેદનોને આત્મચરિત્રાત્મક ઘાટ આપવાનો પ્રથમ પ્રયત્ન નિરંજન વર્મા અને જયમલ્લ પરમારે એક લેખ ('ઝવેરચંદ મેઘાણી - સ્મરણાંજલિ', ફુલછાબ પ્રકાશન, ૧૯૪૭; પૃ.૩૩ થી ૫૭)માં કર્યો. ઉપરાંત કનુભાઈ જાનીએ મેઘાણીના નિકટના મિત્રોએ લખેલા લખાણો તેમજ તેમના દસ્તાવેજોનો અભ્યાસ કરીને મેળવેલી વિગતોને આધારે જીવનચરિત્ર આલેખ્યું. મેઘાણીના અવસાન પછી 'સ્મરણાંજલિ' ઉપરાંત શ્રી કપિલ ઠક્કરે જીવનકથા આપી તો 'ઊર્મિ અને નવરચના', 'સ્ત્રી-જીવન'ના મેઘાણી સ્મૃતિ અંકોમાં ઘણાં મિત્રોએ તેમના વિશે લખ્યું. ઉમાશંકર જોશીએ 'જન્મભૂમિ' મેઘાણી સ્મૃતિગ્રંથમાં લખ્યું. તો મહેન્દ્ર મેઘાણીએ સંપાદિત કરેલ પત્રસંગ્રહ ૧૯૪૮માં 'લિ. સ્નેહાધીન ઝવેરચંદ' નામે પ્રગટ કર્યો. જેમાં લગભગ ૧૭૬ જેટલા બિનઅંગત પત્રોનો સમાવેશ કરેલો. ત્યારબાદ મહેન્દ્ર મેઘાણીએ ઝવેરચંદ મેઘાણીના પુસ્તકોની પ્રસ્તાવનાઓમાંથી આત્મકથનાત્મક અંશો તારવીને ૧૯૭૨માં 'આત્મનિરીક્ષણ' નામનું પુસ્તક આપ્યું. શ્રી મકરંદ દવેએ ૧૯૮૮માં 'લિ. હું આવું છું' નામક સંપાદનમાં 'લિ. સ્નેહાધીન ઝવેરચંદ'માંના પત્રો તેમજ અન્ય પત્રો મળીને કુલ ૬૩૬ પત્રોમાંથી શ્રી ઝવેરચંદ મેઘાણીનું વૈવિધ્યપૂર્ણ સત્ત્વ તારવીને સંપાદન કર્યું હતું. આ બધી સામગ્રી ઉપરાંત તેમણે અન્ય સામગ્રી મેળવીને આ 'અંતર-છબી'નું સંપાદન કર્યું છે. ટૂંકમાં, 'અંતર-છબી'નો મુખ્ય સ્રોત 'લિ. હું આવું છું'ના પત્રો છે.

'અંતર-છબિ' દ્વારા ઝવેરચંદ મેઘાણીની હૃદયગમ અને સુરેખ છબી ઉપસાવી આપનાર સંપાદકો અને તેમના આ ભવ્ય પુરુષાર્થ એવા આ સંપાદન વિશે મનસુખ સલ્લા નોંધે છે, " 'અંતર-છબિ' (૧૯૯૮) આત્મચરિત્રની દષ્ટિએ આગવો ગ્રંથ છે. મેઘાણીએ પોતાની આત્મકથા નથી લખી પરંતુ તેમના વિપુલ લેખન રાશિમાંથી આત્મગત અને નિવેદન રૂપે, વિચાર અને અભિપ્રાય રૂપે કહેવાયું હોય, વિવિધ રૂપે જિવાયું હોય, ભિન્ન-ભિન્ન તબક્કે અને હેતુઓથી કહેવાયું હોય તેને જાણે કે સળંગ રૂપે લખ્યું હોય તો લેખકની કેવી 'આંતરછબી' ઊપસે તેનો અભિનંદનીય પ્રયાસ

હિમાંશી શેલત અને વિનોદ મેઘાણીએ કર્યો છે. વ્યક્તિએ જાતે ન લખી હોય તે આત્મકથા ન ગણાય, પરંતુ વ્યક્તિએ ટુકડા રૂપે કહ્યું હોય તેને માળા રૂપે ગૂંથીએ તો કહેલું તો લેખકનું જ છે, માત્ર સંકલનકાર અલગ છે. એ રીતે આ બહુ વિશિષ્ટ પ્રયોગ છે. પિતૃઋણ અદા કરવા રૂપે આ ગંજાવર પણ પ્રશસ્ય કાર્ય થયું છે, તેથી તેને આત્મકથા વિભાગમાં સમાવવાનું ઉચિત ગણ્યું છે.

સામગ્રીચયન, તેનું સંકલન, નાની વિગતોને પણ મળતું મહત્ત્વ, મેઘાણીના માત્ર બાહ્યજીવનને જ નહિ, તેમના માનસ અને ભાવલોકને પ્રગટ કરતા ઉલ્લેખો અને ઘટનાઓ, ચિંતનો, પ્રસંગો, તેમનાં સંબંધસૂત્રો - તેના મુલાયમ અને આળા પ્રશ્નો, લોકસાહિત્યનું ભવ્યકાર્ય, મૈત્રીસંબંધો, ઘટનાઓ અને માન્યતાઓ, સાહિત્યપ્રીતિ અને રાષ્ટ્રપ્રીતિ, સર્જનની અપ્રગટ બાજુઓ કે પ્રેરણાઓ - આ સઘળાને એકત્ર અને સંકલિત કરવું તે જ ભવ્ય પુરુષાર્થ છે. સંકલનકર્તાઓએ કશુંય ચલાવી લીધું નથી, કે કેવળ ઢગલાની જેમ મૂક્યું નથી, પસંદગીમાં ઔચિત્ય અને વિવેક છે, અને સંબંધની આંતરિકતા છતાં બધું તટસ્થપણે તપાસવાની જાગૃતિ દેખાઈ આવે છે. કહી તો એમ શકાય કે ગુજરાતી સાહિત્યમાં આ ઉમદા દૃષ્ટાંત છે. મેઘાણીની આ છબી મનોરમ, હૃદયંગમ અને સુરેખ બની શકી છે."[૭]

અહીં સંપાદકોએ ઝવેરચંદ મેઘાણીના આત્મનિવેદનાત્મક અંશોને એ રીતે મૂકી આપ્યાં છે કે ભાવકને એમાંથી સાહિત્યપરિચય પણ મળતો રહે છે. મેઘાણીના આંતરજીવનના દ્યોતક સમા આ સંપાદનમાં વીસેક ચિત્રકારોએ બનાવેલાં જુદાં-જુદાં સો કરતા પણ વધુ ચિત્રો પ્રસંગ-ઘટનાને અનુરૂપ મૂકી આપ્યાં છે, જે આ સંપાદનનું નવલું નજરાણું છે. કનુભાઈ જાની આ સંપાદન વિશે નોંધે છે, "મૂળ તો આ સંપાદન છે જ કાપકૂપ ને કોલાજની કળાવાળું ચંદરવા-ચાકળા-શૈલીનું સર્જનલક્ષી સંપાદન. મેઘાણીની પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ સમગ્ર શબ્દસૃષ્ટિના, અભ્યાસાત્મક ઊંડા-વ્યાપક શ્રમપૂર્ણ અનુશીલન પછીની ચયન પામેલ સામગ્રીને મેઘાણીના માત્ર બહિર્ જ નહિ પણ વિશેષે તો આંતર્જીવનની તે દ્યોતક બને એ રીતે પ્રયોજતાં બનતી કતરણકળાનું આ મનઠારતું શિલ્પવિધાન છે."[૮]

સુંદર કલાઘાટ ધરાવતા આ સંપાદનમાં સંપાદકોએ મુદ્રણ નોંધ, સંખ્યાબંધ પ્રતીકચિત્રો, રેખાંકનો, સુવ્યવસ્થિત રીતે મૂકેલા વિવિધ પરિશિષ્ટો તેમજ સૂચિ આપી છે. જે સંપાદનકાર્ય પ્રત્યેની સંપાદકોની જહેમત અને નિષ્ઠા દર્શાવે છે.

### ૫.૨.૪. 'લિ. હું આવું છું' ભાગઃ ૧-૨ (૨૦૦૩)

'લિ. હું આવું છું' એ વિનોદ મેઘાણી અને હિમાંશી શેલત દ્વારા બે ભાગમાં સંપાદિત શ્રી ઝવેરચંદ મેઘાણીના પત્રજીવનનું નવસંસ્કરણ છે. ઝવેરચંદ મેઘાણીના પત્રોનું તેમના ૧૯૪૭માં થયેલ અવસાન બાદ સૌપ્રથમ મહેન્દ્ર મેઘાણીએ ૨૫૦ તદ્દન બિનઅંગત પત્રોમાંથી ૧૭૬નું 'સ્નેહાધીન ઝવેરચંદ' નામે ૧૯૪૮માં સંપાદન કરેલું, ત્યારબાદ ઝવેરચંદ મેઘાણીના લગભગ ૮૦૦થી વધારે પત્રોનું સંપાદન 'લિ. હું આવું છું' નામે ૧૯૮૮માં વિનોદ મેઘાણીએ પ્રગટ કર્યું હતું. પરંતુ પ્રથમ સંપાદન પછી મળેલા પત્રો તથા કેટલાક અંગત અને ગોપનીય પત્રોનો વિષદ છણાવટ સાથે ૨૦૦૩માં વિનોદ મેઘાણી અને હિમાંશી શેલતે શાસ્ત્રીય અભિગમ સાથે એ જ પત્રોનું ફરીથી બે ભાગમાં પ્રસ્તાવના અને પરિશિષ્ટો મળીને લગભગ ૧૩૬૫ જેટલાં પાનામાં બૃહદ્ નવસંસ્કરણ કર્યું છે. ઝવેરચંદ મેઘાણીની ૧૯૧૦ થી ૧૯૪૭ સુધી ૩૭ વર્ષ અવિરત ચાલેલી પત્રયાત્રા દ્વારા આપણને તેમના જીવનમાં આવેલ તીવ્ર વળાંકો અને પ્રચંડ ઉથલપાથલનો અણસાર મળે છે. વળી, જનસમુદાયની નીકટ આવી અસાધારણ લોકચાહના પ્રાપ્ત કરનાર ઝવેરચંદ મેઘાણી એક સમર્થ સર્જક, સંશોધક, પ્રખર પત્રકાર તેમજ ઊર્મિશીલ, ઉષ્માભર્યા, કુટુંબવત્સલ વડીલ એમ બંને વિરાટ વ્યક્તિત્વનો પરિચય મળે છે. સાથે સાથે તેઓ પોતાના પ્રદેશ સાથે, લોક સમુદાય સાથે, સામાજિક વાસ્તવ સાથે કેવા વણાઈ ગયા હતા, તે પણ પ્રતિષ્ઠાની ધખના વગર અને સાહિત્યિક સંસ્થાઓમાં કે વર્તુળોમાં સ્થાપિત થવાની મહત્ત્વકાંક્ષા વગર તેનો ખ્યાલ આવે છે.

સંપાદનકલાના ઉત્તમ નમૂનારૂપ આ પત્રસંચયને મોતીડે વધાવવાનું કહેતા ભરત મહેતા નોંધે છે, " 'લિ...હું આવું છું' એ ઝવેરચંદ મેઘાણીના ૬૩૬ પત્રોનો સંચય છે. આ પૂર્વે 'સ્નેહાધીન ઝવેરચંદ'ના નામે મેઘાણીના ૧૭૬ પત્રો સંચિત થયા હતા. આ સંચયપત્રને મોટે મોટે મોતીડે વધાવવા જેવો છે. આ પત્રોનું સંપાદન સંપાદનકલાનો પણ નમૂનો બને તેમ છે. સાહિત્યના જગતમાં પત્ર જેવી દસ્તાવેજી સામગ્રીનું ખૂબ જ મૂલ્ય છે. કીટ્સના પત્રો, ગાલિબના પત્રો, ટાગોરના પત્રો, જગતસાહિત્યના ઉત્તમ પત્રો છે. મેઘાણીના પત્રોનું સામ્ય પ્રેમચંદજીના પત્રસાહિત્ય જોડે પણ કરી શકાય. કારણ કે એ પત્રોમાં બંને સર્જકોની સામાજિક પ્રતિબદ્ધતા તથા સમસામયિક ઘટનાઓનો ચિતાર મળે છે. પત્ર-સાહિત્યની જ વાત કરી રહ્યા છીએ ત્યારે આપણે એ પણ નોંધવું જોઈએ કે કાર્લ માર્ક્સ અને એંગલ્સનો પત્રવ્યવહાર જગતના ઉત્તમ પત્રસંચયોમાંનો એક છે. 'લિ. હું આવું છું' પત્રસંચયમાં મેઘાણીની સર્જક તરીકેની મથામણો અને સામાજિક પ્રતિબદ્ધતાનું ચિત્ર

સાંપડે છે. મધ્યમ વર્ગમાંથી આવતો એક યુવાલેખક ધીમે ધીમે કેવી રીતે પ્રગતિશીલ સાહિત્યકાર નીવડે તેની વિકાસરેખા આ પત્રસંચયમાં જોવા મળે છે."[૯]

હિમાંશી શેલતે ઝવેરચંદ મેઘાણીના પત્રજગત વિશે કંઈક કરવાની અદમ્ય ઈચ્છાથી આ સંપાદન કર્યું છે. ૧૯૮૮માં થયેલ પ્રથમ આવૃત્તિ પછી મળેલા ઝવેરચંદ મેઘાણીના તેમજ તેમના પર લખાયેલા અન્યોનાં પત્રો મળવાથી હિમાંશી શેલત અને વિનોદ મેઘાણીએ તેનું નવસંસ્કરણ શાસ્ત્રીય પદ્ધતિથી કરવાનું નક્કી કર્યું. અહીં સંપાદકોએ દરેક પત્રોની ગોઠવણી સમયાનુક્રમ પ્રમાણે કરી છે. સાથે સાથે આ દરેક પત્રોને જુદાં-જુદાં વિભાગોમાં સવિગત વિભાજીત કર્યા છે. આ દરેક વિભાગ આગળ ભૂમિકારૂપ નોંધ મૂકવામાં આવી છે જેમાં ઝવેરચંદ મેઘાણીની વ્યક્તિત્વરેખાઓ સંયોજિત કરીને તેમનું સઘનચિત્ર ઊભું કરવામાં સંપાદકોએ લીધેલી કાળજી પ્રસંશનીય છે. વૈજ્ઞાનિક મુદ્રણ - સંકેતોની વ્યવસ્થા પ્રમાણે ગોઠવાયેલ આ સંપાદનમાં સંપાદકોએ વિગતે શબ્દસૂચિ પણ આપીને એક રસપ્રદ અને વિચારણીય પત્રસંપુટ સંકલિત કરી આપ્યું છે. સમગ્ર સંપાદનમાં સંપાદકોએ શાસ્ત્રીય સંપાદન માટે લીધેલ કાળજી અને તેમણે લીધેલો શ્રમ આનંદ આપે તેવો છે. ટૂંકમાં, પત્રો મેળવવામાં, પત્રધારકોને વિશ્વાસમાં લેવામાં, પત્રોના ઉતારા કરવામાં ને એનું સંકલન - આયોજન કરવામાં લાંબા સમય સુધી લીધેલ શ્રમ અંગે સંપાદકોએ કરેલી નોંધ પ્રસંશનીય / અનુકરણીય છે.

શાસ્ત્રીયઢબે થયેલ આ સંપાદન વિશે રમણ સોની નોંધે છે, "પત્રોની ક્રમ-વ્યવસ્થામાં અગાઉની આવૃત્તિના પત્રક્રમાંકોના ગૂંથાતા પ્રતિ-નિર્દેશો; વિગતોનો સ્પષ્ટ આલેખ પણ આપતો અનુક્રમ; વૈજ્ઞાનિક મુદ્રણ-સંકેતો ને મુદ્રણવ્યવસ્થા; દસ્તાવેજી કાળજીથી કરેલાં પરિશિષ્ટો, ફોટોગ્રાફ વગેરે, પત્રધારક વગેરે, પત્રધારક-પત્રલેખક (પ્રત્યુત્તર આપનાર) પણ હોય ત્યારે આંકડાને બોલ્ડ ટાઈપથી દર્શાવવાની કલ્પનાશીલતા દાખવતી શાસ્ત્રીય શબ્દ-સૂચિ-એની ચુસ્ત અને સ્પષ્ટ શાસ્ત્રીયતાથી મનને ભરી દે છે."[૧૦] તો સંપાદનની શરૂઆતમાં સંપાદનના પ્રવેશદ્વાર સમા જે જુદાં-જુદાં બે દીર્ઘ સંપાદકીય લેખો આપ્યા છે એ વિશે રમણ સોની નોંધે છે કે, "આ સંપાદનમાં સંયુક્ત સંપાદકીય લેખ નથી. બંનેના જુદા લેખો છે. અને એ બંને લેખો પૂરક હોવા ઉપરાંત બંનેના શૈલીભેદનીય મજા કરાવે એવા છે. વિનોદ મેઘાણીના દીર્ઘ લેખમાં સંપાદનનો સિલસિલાબંધ ઈતિહાસ આપતી દસ્તાવેજી ને વૈજ્ઞાનિક ચીવટ છે, પણ એમની ઉદ્રેકશીલ ભાષામાં વાગ્મિતાના રંગો છે, એવી છટાવાળી ફલેર છે... હિમાંશી શેલતનો લેખ 'દેવાલયના ગર્ભગૃહમાં' મેઘાણીના

પત્રોમાંથી દૃષ્ટાંતો લઈને એમના વ્યક્તિત્વનાં પરિમાણો સુરેખ ઉપસાવી આપતો છતાં લાઘવવાળો, ઊર્મિની સ્નિગ્ધતાવાળો છતાં સ્વસ્થ - સહજ - સરળ અભિવ્યક્તિવાળો હૃદ્ય લેખ છે."[૧૧]

ઝવેરચંદ મેઘાણીએ લોકસાહિત્ય વિષયક જે કામ કર્યું હતું અથવા લોકસાહિત્ય પ્રત્યે તેમને જે પ્રકારનો રસ હતો તેના વિષયક માહિતી તેમના આ પત્રોમાંથી મળી રહે છે. એમને ગુજરાતમાં વસતી ખારવા તેમજ આહીર જેવી ગરીબ પરંતુ ખુમારીથી ભરપૂર એવી ઓછી જાણીતી પ્રજા વિશે સંશોધન કરવું ગમતું. તો એમણે દક્ષિણ ગુજરાતમાં વસતા આદિવાસીઓમાં ધબકતા સાહિત્યને શબ્દસ્વરૂપ આપવાનું ભગીરથ કાર્ય કર્યું હતું તે અંગેની માહિતી પણ તેમના આ પત્રોમાંથી આપણને સાંપડે છે. સંપૂર્ણ રીતે લોકસાહિત્યને સમર્પિત એવા મેઘાણીની 'વિશ્વભારતી' ત્રૈમાસિકમાં લોકસાહિત્ય વિષયક અંગ્રેજી લેખો લખવાની વાત હોય કે, ઠક્કર વ્યસનજી માધવજી વ્યાખ્યાનો આપવાની વાત હોય એ દરેકમાં તેમની હોંશ દેખાઈ આવે છે. આ વ્યાખ્યાનો આપવા માટે તો તેમણે 'કલમ અને કિતાબ' નામની ખૂબ જ લોકપ્રિય એવી કોલમ છોડી દીધી હતી જેમાં આપણને તેમની કામ પ્રત્યેની નિષ્ઠાના દર્શન થાય છે. લોકસાહિત્ય માટે 'ફૂલછાબ'ની જવાબદારી છોડવા તૈયાર મેઘાણી પોતાના પુત્ર મહેન્દ્ર અને ભત્રીજા બાલુભાઈને લોકગીતોમાં રસ લેવાનું જણાવે છે. વળી, કાઠી કોમનો ઈતિહાસ રચવાની વાત હોય કે, કાઠિયાવાડની વિવિધ જાતિઓ વિશે સંશોધન કરવાની વાત હોય, એમણે આ દરેક કાર્યમાં ઉત્સુકતાથી કામ કર્યું છે. ટૂંકમાં, ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય માટે લોકજીવનના સંશોધનમાં કેટલો ઊંડો રસ લેતા હતા તે એમના આ પત્રો દ્વારા જાણી શકાય છે. મેઘાણીએ દમયંતીબહેનને લખેલા પત્રોમાં કુટુંબથી દૂર રહેવાથી કુટુંબીજનો ને એમનાથી શોષાવાનું થાય છે તેનો ઉલ્લેખ આવે છે. બાળકોના અભ્યાસની વાત હોય, પુત્ર કારખાનામાં જોડાય છે તેની વાત હોય કે દીકરા-દીકરી મોટા થઈ રહ્યાં છે તેની વાત હોય - કુટુંબ પ્રત્યેનો તેમનો પ્રેમ આ પત્રોમાં ભારોભાર છલકાય છે.

આ સંપાદનની ચુસ્ત શાસ્ત્રીયતામાં રહી ગયેલી કેટલીક શિથિલતાઓ તરફ ધ્યાન દોરતા રમણ સોની નોંધે છે, "જોડણી અંગેના સંપાદકીય નિર્ણયો ચિંત્ય છે. ૧૯૩૦ સુધીના મેઘાણી લિખિત પત્રોમાંની જોડણી 'બહુ જ જરૂરી લાગી તો જ સુધારી છે' કેમ કે સાર્થ જોડણીકોશ ૧૯૨૯માં આવ્યો. આ કારણે, મેઘાણીના એ પછીના સર્વ પત્રોની 'જોડણી સુધારી લીધી છે' પરંતુ ગૃહિણીઓ વગેરે (દમયંતી બા જેવાં) ના પત્રોની જોડણી તેમજ 'સાહિત્યક્ષેત્રના કેટલાક ધુરંધરો'ના પત્રોની જોડણી યથાવત રાખી છે. જોઈ શકાશે કે આવા નિર્ણયમાં કોઈ તાર્કિક સંગતિ નથી.

'જોડણીકોશ'ને જો વિભેદક બાબત ગણી તો ૧૯૩૦ પહેલાંના મેઘાણીપત્રોમાં 'જરૂરી લાગી' એવી જોડણી પણ શા માટે 'સુધારી'(એટલે કે બદલી) ? પછીના પત્રોમાં 'ધૂરંધરો'ની જોડણી ન બદલી તે એ વિદ્વાનોના કોઈ આગ્રહને લીધે નહીં પણ 'સમર્થ સર્જકો ને વીદ્વાનો જોડણીસંદર્ભે ૧૯૪૦ પછી પણ કેટલા અનીશ્ચીત રહ્યા છે' એ બતાવવા માટે - એ વિલક્ષણ લાગે છે. ખરેખર તો, દસ્તાવેજી રક્ષણ માટે થઈને ગ્રંથમાંના બધા જ પત્રોની જોડણી યથાવત રાખવી જોઈતી હતી. કે પછી એકવાક્યતા રાખવા માટે બધે જ 'જોડણીકોશ' મુજબ ફેરવી લેવી જોઈતી હતી. વળી 'સાર્થ જોડણીકોશ' મુજબ જોડણી 'સુધારી' (-'બદલી' એમ નહીં પણ 'સુધારી') જેવા પ્રયોગ કરનાર અને ઉપર મુજબના ત્રિ-વિધ નિર્ણયોમાં જોડણી અંગે અત્યંત સંવેદનશીલતા દાખવનાર બંને સંપાદકોએ વળી પોતાના લેખોની જોડણી તો, 'જોડણીકોશ'થી જુદી, 'ઉંઝા જોડણી' મુજબ રાખીએ પણ નવાઈ પમાડે એવું છે. કેમ કે પોતાની જોડણી વિશે એમની આવી પસંદગી હોઈ શકે, પણ જ્યારે ઉપર્યુક્ત જોડણી સભાનતા રાખી ત્યારે તો અહીં એની વિડંબના કરવા જેવું થયું."[૧૨] તો, વિનોદ મેઘાણીનો સંપાદકીય લેખ ભાવુકતા અને વાગ્મિતા તરફ સરી ગયો છે એ વિશે તેઓ નોંધે છે, "વિનોદ મેઘાણીનો સંપાદકીય લેખ, રસપ્રદ બનતો હોવા છતાં ઘણી જગ્યાએ ભાવુકતા ને વાગ્મિતા તરફ સરી ગયો છે. 'ગાઈ રહ્યું ઝાકળબિંદુ' એવું એનું શીર્ષક ને વચ્ચે વચ્ચે, ખાસ તો લેખને અંતે રૂપકાત્મક (ને એથી ધૂંધળી) બની જતી ભાષા ભાવનાશીલતામાં તણાઈ ગયાં છે. જેને માટે, આ સંપાદન દ્વારા 'નક્કર ભૂમિકા રચવાની' ખાસ કાળજી રખાઈ છે એ સંશોધકને કરાતી વિનંતી પણ આવી જ ભાષામાં અવતરી છે. આ સંપાદનમાં સમીક્ષક-સંશોધકને સંપાદક કહે છેઃ 'હળવે પગે સંચરજો... અંતરતમ અજવાળતી ઊર્મિઓનું કોડીયું અને સ્નેહની ધુપસળી ધરીને એ પોયણી શા હૃદયમાં પ્રવેશજો; તો જ એ દેવાલયમાં પ્રવેશવાનો આ પ્રયાસ સાર્થક ગણાશે'(પૃ.૨૨). સંપાદકનો અહેવાલ, મૂળ સામગ્રીના 'અંતરતમ'માં ઉતરનારો હોય ત્યારે પણ, બહાર આવ્યા પછી, સ્વસ્થ રહી અંતર રાખનારો પણ બને એ જરૂરી છે. કામ આવું ગંજાવર હોય ને છતાં આટલું સુ-આયોજિત પણ બન્યું હોય ત્યારે તો આવી અપેક્ષા રહે જ."[૧૩]

આ પત્રસંચય અંગત દસ્તાવેજની સાથે સાથે યુગનો દસ્તાવેજ કેવી રીતે બન્યો છે તે વિશે નોંધતા ભરત મહેતા જણાંવે છે કે, "આ પત્રોમાં કેવળ સાહિત્યિક જ નહીં પણ રાજકીય, સામાજિક પ્રશ્નોની રજૂઆત છે. તેથી આ પત્રો અંગતતાના આવરણને ભેદીને સામાજિક દસ્તાવેજ બન્યા છે. બહારવટિયાને પણ એમણે પત્રો લખ્યા છે. ગોવિંદ સોની પરનો પત્ર એનું ઉદાહરણ છે. જેમાં

એમણે બહારવટિયાઓ પ્રત્યેના સરકારી વર્તાવને એ રીતે મૂલવ્યો છે કે આજની માનવ-અધિકારની માંગ કરતી સંસ્થાના તેઓ પ્રતિનિધિ હોય તેવું લાગે. ટૂંકમાં, 'લિ. હું આવું છું'ના પત્રો ઝઝૂમતા પ્રગતિશીલ સાહિત્યસર્જકનાં પદચિહ્નો છે. અંગત દસ્તાવેજ તો છે પણ તે યુગનો દસ્તાવેજ પણ બન્યો છે."[૧૪]

અંતે એટલું અવશ્ય નોંધવું ઘટે કે, આ સંપાદનની ખાસ વિશેષતા તેનું શાસ્ત્રીય ઢબે થયેલું સંપાદન છે. ખૂબ જ જહેમતના અંતે તૈયાર થયેલ આ સંપાદનમાં સંપાદકોએ ઝીણી ઝીણી બાબતોની કાળજી લીધી છે તેથી આ બંને સંપાદકો આવું ઉત્તમ સંપાદન આપવા બદલ અભિનંદનનાં અધિકારી છે.

### ૫.૨.૫. 'મધદરિયે મહેફિલ'(૨૦૧૧)

'મધદરિયે મહેફિલ' એ હિમાંશી શેલતે કરેલું મહત્વનું પત્રસંપાદન છે. 'સ્વામી અને સાંઈ'ની જેમ જ પત્રસાહિત્ય જગતમાં મહત્વનું ગણાતું આ સંપાદન એમણે ૨૦૧૧માં કર્યું હતું. વ્યવસાય અર્થે જીવનના ચાલીસ વર્ષ સુધી દરિયો ખેડનાર વિનોદ મેઘાણી પરના સર્વશ્રી મકરન્દ દવેએ લખેલા લગભગ સો-સવાસો જેટલા ઉત્કટ, ઊંડા અને એક સરખા પ્રવાહમાં વહેતા સંબંધને વ્યક્ત કરતા પત્રો હિમાંશી શેલતે અહીં સંપાદિત કર્યા છે. વીસ વર્ષથીયે વધુ ચાલેલી વિનોદ મેઘાણી અને મકરન્દ દવેની આ પત્રયાત્રામાં હેતથી તરબોળ, ઊંચી ભાવનાથી છલકાતા, વ્યક્તિગત ટીકાઓ અને કટુતાથી સર્વથા મુક્ત, કહેવા જેવું હોય ત્યાં ટકોરવાની જવાબદારી વાળા પત્રોની સાથે સાથે દરિયાઈ પ્રવાસની અને વર્ષગાંઠની શુભેચ્છાવાળા પત્રો પણ અહીં સંપાદિત થયા છે. મકરન્દ દવે દ્વારા લખાયેલા આ પત્રોમાં પ્રેમ, ચિંતા, સમભાવ, સૌજન્ય દાખવવાની, એમની હયાતીની કદર કરવાની સાથે સાથે દરિયામાં હવામાન કેવું છે?, રહેવાની જોગવાઈ કેવી છે?, ખાવાનું કેવું મળે છે?, કેપ્ટન સાથે મેળ પડયો કે કેમ? જેવા પ્રશ્નો પૂછીને વિનોદ મેઘાણીની રજેરજની રખાતી કાળજીના દર્શન થાય છે.

આ પત્રોનું સંપાદન કરવા પાછળનું કારણ આપતાં હિમાંશી શેલત જણાવે છે, "પત્રલેખન હવે લુપ્ત થતી જતી કળા છે. કમ્પ્યૂટર અને એસએમએસના વંટોળમાં પત્રમાં પ્રગટતી આત્મીયતા, નિરાંતની ગોઠડી, ખુલ્લા દિલની વાતો, અને પ્રેમની ભરતી વેર વિખેર થઈ ગયાં છે. પત્રો લખવાનું હવે છેક જ ભુલાતું જાય છે. થોડાં વર્ષો પછી આપણી પાસે પત્રસાહિત્ય જેવું કશું બચ્યું જ નહીં હોય."[૧૫]

અહીં સંપાદિત પત્રોમાં પરિવારથી દૂર, દરિયો ખેડતા એક યુવકને પિતાતુલ્ય હૂંફ આપતા મકરંદ દવેના પત્રો તો છે, પરંતુ વિનોદ મેઘાણીએ લખેલા પત્રો ગેરહાજર છે. સંપાદક કહે છે એમ 'મકરન્દભાઈએ પણ વિનોદના પત્રો જાળવ્યા હશે પણ એમના અવસાન પછી એ શોધી ન શકાયા.' તેમ છતાં મકરન્દ દવે લિખિત 'લોહીની સગાઈથીયે અદકા આત્મીય સંબંધની સોડમ'(સંપાદકીય) ધરાવતાં આ પત્રો આ સંપાદનને કારણે ગુજરાતી પત્રસાહિત્યની અમૂલ્ય મૂડી બની રહે છે.

મકરન્દ દવેએ વિનોદ મેઘાણી પર બાળપણથી જ પિતાતુલ્ય સ્નેહ વરસાવ્યો છે. તો તેમની ભાળ રાખતા, તેમના પરિશ્રમ અને કામ પ્રત્યેની નિષ્ઠાને બિરદાવતા પત્રોની સાથે સાથે તેમના જન્મદિન નિમિત્તે શુભેચ્છા આપતા પત્રો પણ અવશ્ય લખ્યા છે, એમાં ક્યારેય મીનમેખ નહીં. આ ક્રમ તેમને જીવનના અંત સુધી જાળવ્યો હતો. વિદેશમાં અને તે પણ દરિયાઈ સફરમાં પત્રો પહોંચાડવાનું મુશ્કેલ હોવા છતાં મકરન્દ દવેએ વિનોદ મેઘાણીને આ પત્રો હોંગકોંગ, જર્મની, સ્વિટ્ઝર્લેન્ડ, ગ્રીસ, નેધરલેન્ડ્ઝ, યુ.કે., ઓસ્ટ્રેલિયા અને ઇઝરાયેલ જેવાં દુનિયાના ખૂણે ખૂણેના દેશમાં પહોંચાડયાં છે. જે તેમની વચ્ચેના પ્રેમ, લાગણી તેમજ ચિંતાથી ભર્યા સંબંધો દર્શાવે છે. જેમકે, પત્ર લખવામાં વહેલું-મોડું થતાં મકરન્દ દવે નિખાલસ કબૂલાત સાથે લખતાઃ

*'આ વેળા તમારી સ્ટીમર નાંગરી હોય ત્યાં મારી કાગળની હોડી પહોંચી નથી. અને છતાં તમે મારી નજરથી દૂર નથી, રહેવાના પણ નથી. કોઈક સંબંધમાં ક્યાંક ચિરંતનનો સ્પર્શ થઈ ગયો હોય છે, ને વળી એના પર બાપુ જેવા આત્માની મહોર લાગી ગઈ હોય એટલે કાળ જખ મારે છે. તમે જલસામાં જ રહેજો.'(પત્ર ક્રમાંકઃ ૬૬)*

ઝવેરચંદ મેઘાણીના પત્રોના સંપાદન કાર્યથી રાજી થયેલા મકરન્દ દવે બીજા એક પત્રમાં લખે છેઃ

*"તમારે હાથે જે કમાલ કામ થઈ ગયું છે તેને અંગે શું લખું ? કંઈ પણ લખીશ તો મારી અંદર બેઠેલો ફકીર બોલી ઊઠશે કે 'યહ તો કીમત હુઈ, કદ્ર ન હુઈ મિયાં !' એટલે ચૂપ છું. જીતે રહો વિનોદિયા !" (પત્ર ક્રમાંકઃ ૪૮)*

હિમાંશી શેલત સંપાદિત આ પત્રો દ્વારા આપણને 'પાંખો વીંઝો !', 'તમારો ફેરો તો ફૂલની ફોરમનો', 'ભાવસ્થૈર્ય એ સ્નેહનું પહેલું ચિહ્ન', વિશ્વપ્રવાસી વિનોદરાય માટે આંતરપ્રવાસનો આતમદરિયો હવે વાટ જોતો હશે…', 'My boy, you have a great legacy' જેવાં વિનોદ મેઘાણીને સતત હૂંફ પરી પાડતા મકરન્દ દવેના પ્રેરક શબ્દોનો પરિચય મળે છે. તો સાથે સાથે આ

પત્રોમાં મકરન્દ દવેએ લાલ, બાબા, વિનોદકાન્ત, મારા છોરુ, વિનોદરાય, વિનોદકુમાર, નીલમણિ અને ખાખી જેવાં વિનોદ મેઘાણી માટે કરેલા અનરાધાર વહાલ વરસાવતા, તરબતર સંબોધનોથી આપણને તેમના પ્રત્યેના ઉત્કટ અને ભરપૂર સ્નેહની પ્રતીતિ થાય છે. સામે પક્ષે વિનોદ મેઘાણી પણ મકરન્દ દવેના અનર્ગળ વાત્સલ્યથી રક્ષાયેલા હતાં. આ વિશે વિનોદ મેઘાણી પોતે 'લિ.હું આવું છું'ની પ્રસ્તાવનામાં નોંધે છે, "વ્યવસાયાર્થે સમુદ્રના સૌમ્ય-રૌદ્ર સામ્રાજ્યમાં ચાર દાયકા સુધી ફંગોળાતાં ફંગોળાતાં હું મકરન્દભાઈના સ્નેહની અસ્ખલિત છોળોમાં તરબોળ બન્યો હતો. એ સાહસની સૃષ્ટિમાં ચાર-ચાર દાયકાઓ મારી રક્ષા કરવામાં એમની નિર્મળ પ્રેમશક્તિનો પ્રતાપ હતો એ સ્વીકારતાં હું લેશમાત્ર અચકાતો નથી."[૧૬] વળી, મકરન્દ દવે સાથે નર્યા સ્નેહથી બંદાયેલા વિનોદ મેઘાણી સમુદ્રની સફરે ન હોય અને મકરન્દ દવેનું સ્વાસ્થ્ય કથળ્યું હોય ત્યારે અવશ્ય તેમની પાસે રહેતા. આ વાતની સાબિતીરૂપ જુઓ આ પત્રઃ

*"રાતના અઢી ત્રણની વચ્ચે - વિનોદભાઈ !*

*શું ?*

*તો કહે કાઈવ આઈવું. લિખો ! (પત્ર ક્રમાંકઃ ૨૫)*

આ સંપાદનમાં મકરન્દ દવે અને વિનોદ મેઘાણી વચ્ચેના વિશિષ્ટ સંબંધનાં સાક્ષી એવાં સંપાદક - હિમાંશી શેલતે સંપાદકીય લેખ 'ભીતરી ભરતીનો ઉછાળ'માં બંનેના વ્યક્તિત્વો વિશે આપણને વિગતે પરિચય કરાવ્યો છે. તો, પત્રોમાં આવતી સુંદર કાવ્યપંક્તિઓ, શેર, દુહા અને અંગ્રેજી અવતરણો પત્રોમાં ગૂંથાવાને લીધે વાચકને કવિ મકરંદ દવેના કાવ્યત્વનો મનભાવન પરિચય મળી રહે છે. તો પુસ્તકને અંતે પરિશિષ્ટમાં આપેલ કાવ્ય સંપાદનને વિશેષ બનાવે છે. સાથે સાથે પુસ્તકના મુખપૃષ્ઠ પર આલેખાયેલ વિનોદ મેઘાણીને પત્ર પહોંચાડાવા સરનામા અને પુસ્તકની અંદરની બાજુએ પૃષ્ઠ નંબર દર્શાવવા માટે ઉપયોગમાં લીધેલ પેન-પેપર સહિતનું સઢવાળી હોડીનું ચિત્ર તો મોજ કરાવી દે તેવાં છે. આ સંપાદનમાંથી પસાર થતાં અંતે એટલું તો જરૂર કહી શકાશે કે હિમાંશી શેલતે આ પત્રોનું સંપાદન કરી ગુજરાતી પત્રસાહિત્યમાં મૂલ્યવાન પ્રદાન કર્યું છે.

### ૫.૨.૬. 'નાયિકા પ્રવેશ'(૨૦૦૪)

'નાયિકા પ્રવેશ' એ હિમાંશી શેલતનું નારીને કેન્દ્રમાં રાખી કરાયેલું મહત્વનું સંપાદન છે. જેને એમણે અદિતિ દેસાઈ સાથે મળીને ૨૦૦૪માં સંપાદિત કર્યું હતું. વલસાડમાં દષ્ટિ મિડિયા ક્લેક્ટીવ દ્વારા નારીનું શોષણ, તેને થતો અન્યાય, તેની સાથે થતી હિંસા જેવી નારીના જીવનમાં

ઉદ્ભવતી અનેક સમસ્યાઓ અંગે 'એ લોકો' અને 'એક સૂરજ અમારી ભીતર' એ બંને નાટકો દ્વારા જનસમુદાયને ઢંઢોળવાનો પ્રયત્ન થયેલો, જે થોડે ઘણે અંશે સફળ થાય છે. આ સફળ પ્રયોગ પછી મળેલા પ્રતિભાવોને અંતે લાગ્યું કે રંગમંચ દ્વારા, દશ્યશ્રાવ્ય માધ્યમથી કહેવાયેલી વાત વધુ અસરકારક નીવડે છે અને સમાજના બહોળા વર્ગ સુધી પહોંચે છે. આથી 'વિમેન રાઈટર્સ ક્લેકટીવ' જૂથના કાર્યકર્તાઓએ સ્ત્રીઓની સમસ્યા-એમનાં પ્રશ્નોને નાટકના માધ્યમથી સમાજ સમક્ષ લઈ જવાના નિર્ધાર સાથે વલસાડ ખાતે લેખિકાઓની એક કાર્યશિબિર યોજી. જેમાં સ્ત્રીની સમસ્યા અને સંઘર્ષને વાચા આપતી - નારીલક્ષી વાર્તાઓ પસંદ કરી તેનું નાટ્યરૂપાંતર કરવામાં આવ્યું. આ કાર્યશિબિરમાંથી નીપજી આવેલી દસ નાટ્ય રચનાઓનું સંપાદન એટલે આ 'નાયિકા પ્રવેશ'.

અહીં સંપાદિત થયેલાં મોટાભાગનાં નાટકો સર્જકોએ પોતાની જ વાર્તાઓ પરથી રૂપાંતરિત કર્યાં છે. જેમાં અંજલિ ખાંડવાળાનું 'કાળું ગુલાબ', વર્ષા અડાલજાનું 'નામઃ નયના રસિક મહેતા', હિમાંશી શેલતનું 'પારકી', બિંદુ ભટ્ટનું 'મંગળસૂત્ર' અને કલ્પના ચૌધરીના 'સતી' નાટકનો સમાવેશ થાય છે. જ્યારે બકુલા ઘાસવાળાનું 'રંગ બરસે' અંજલિ ખાંડવાલાની 'રમાડી' વાર્તા પરથી તેમજ સુહાસ ઓઝાનું 'સદુબા' ઝવેરચંદ મેઘાણીની 'સદુબા' વાર્તા પરથી થયેલું નાટયરૂપાંતર છે. તો સુવર્ણાનું 'ઘેરાયેલ', આશા વીરેન્દ્રનું 'સ્વપ્નભંગ', આમ્રપાલી દેસાઈનું 'સૂર્ય પર સ્પોટ લાઈટ' સ્વતંત્ર નાટકો છે.

આ નાટકોમાં સ્ત્રીઓની ન્યાય, સમાન અધિકાર માટેની લડત, સ્વતંત્રતા અને પોતાના સ્થાનની શોધ, પોતાનાં સ્વપ્નોને સિદ્ધ કરવાનો સંઘર્ષ તેમજ કૌટુંબિક હિંસાચાર સામે પ્રતિકાર જેવા વિષયોને આવરી લેવામાં આવ્યા છે. જે પૈકી મોટાભાગનાં નાટકો સાચી ઘટનાઓ પર આધારિત છે. અંજલિ ખાંડવાળાના 'કાળું ગુલાબ' નાટકમાં આપણો સમાજ સ્ત્રીના શિક્ષણ, સંસ્કાર અને તેની કૌશલ્યતાને પ્રાધાન્ય આપવાને બદલે તેના ગૌરવર્ણને વધારે મહત્વ આપે છે. આથી જ લગ્ન સમયે શ્યામવર્ણી કન્યાને કેવી મુશ્કેલી પડતી હોય છે એ વાત કહેવાઈ છે. વર્ષા અડાલજાના 'નામઃ નયના રસિક મહેતા' નાટકમાં પતિના ત્રાસથી કંટાળેલી પત્ની પોલીસ સ્ટેશનમાં તેના પતિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવે છે. અહીં પતિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવવા ટટ્ટાર બનેલી નયનાનું પાત્ર પરિવર્તનનું પ્રતિનિધિત્વ કરે છે. હિમાંશી શેલત રચિત 'પારકી' નાટકમાં છોકરી તેના માતાપિતાને ત્યાં હોય કે પછી પરણીને સાસરીમાં ગઈ હોય પરંતુ તે બધાં માટે હંમેશા પારકી જ ગણાય છે, એ વિષય તરફ સમાજનું ધ્યાન દોર્યું છે. તો, બિંદુ ભટ્ટના 'મંગળસૂત્ર'માં ઠાકુર હોવાના મિથ્યાભિમાનમાં રાચતા

નપાણિયા પતિને કારણે ઘરનો ભાર વેંઢારતી સ્ત્રી, કલ્પના ચૌધરીના 'સતી'માં પતિથી શોષિત સ્ત્રી, બકુલા ઘાસવાળાના 'રંગ બરસે'માં અનેક બંધનોમાં જીવતી સ્ત્રી, સુહાસ ઓઝાના 'સદુબા'માં દલાલી ખાતા ચાડિયાને કારણે જુલમનો ભોગ બનેલી સ્ત્રી જેવી અનેક સ્ત્રીઓની દયનીય પરિસ્થિતિને નાટકમાં ઉજાગર કરવામાં આવી છે. સુવર્ણાના 'ઘેરાયેલ' નાટકમાં વિકૃત માનસવાળો લેખક એક યુવતીને પોતાની માયાજાળમાં ફસાવે છે. યુવતીના દેહ પર જ નજર રાખનાર લેખકની મા જ યુવતીને પોતાના પુત્રની ચુંગાલમાંથી બચાવે છે. અહીં એક નારી બીજી નારીની મદદે આવે છે તે વાત રજૂ કરાઈ છે. આશા વીરેન્દ્રના 'સ્વપ્નભંગ'માં નાયિકાના લગ્નજીવનના સ્વપ્નભંગની કથા આલેખાઈ છે. તો, આમ્રપાલી દેસાઈના 'સૂર્ય પર સ્પોટ લાઈટ'માં સમાજમાં સ્ત્રીની અસલામતીની વાતને કેન્દ્રસ્થ કરાઈ છે. ટૂંકમાં, અહીં સંપાદિત થયેલાં બધાંજ નાટકોમાં નાયિકાઓ પુરુષો દ્વારા શોષણને, અન્યાયને અને હિંસાને તાબે થવાને બદલે એમાંથી મુક્ત થવા સંઘર્ષ કરે છે તેવો વિધેયાત્મક સૂર વહેતો થયો છે.

'ગુજરાતી રંગભૂમિને ધબકતી રાખતી સૌ સ્ત્રીઓને' અર્પણ આ સંપાદન હિમાંશી શેલત અને અદિતિ દેસાઈની નારી પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સંપાદનકર્મ પ્રત્યેની નિષ્ઠાનું દ્યોતક છે. સ્ત્રીને એક માનવ તરીકે સ્વીકારાય એવા સ્વસ્થ સમાજની રચના થાય એ દિશાના તેમનાં પ્રયત્નો તરફ આ નાટયપ્રયોગોનું એક સરસ દસ્તાવેજીકરણ થયું છે. પુસ્તકની ખાલી જગ્યામાં વિષયને અનુરૂપ મુકાયેલ નીતા રામૈયાનું 'ઈતિહાસ' કાવ્ય અને સંપાદકની 'ભજવતી આવી છું' કાવ્યપંક્તિ, મયૂર વાકાણી તેમજ ભારવિ ઠાકરના વિષયાનુરૂપ ચિત્રો સંપાદનને ખાસ બનાવે છે. તો સંપાદનને અંતે સમર્થ ટ્રસ્ટ, દષ્ટિ મિડિયા ક્લેક્ટીવ અને વિમેન રાઈટર્સ ક્લેક્ટીવનો પરિચય અને 'રંગમંચ પર નાયિકા પ્રવેશે છે. એનાં રોમાંચ અને પ્રસન્નતા સાથે....' પરથી લીધેલ સંપાદનનું યથાર્થ શીર્ષક સંપાદક હિમાંશી શેલત અને અદિતિ દેસાઈના સંપાદનકાર્યની વિશેષતા બતાવે છે.

### ૫.૨.૭. 'અડધા આકાશનો રંગ' (૨૦૦૫)

'અડધા આકાશનો રંગ'એ માત્ર સ્ત્રી સર્જકો દ્વારા રચાયેલ કાવ્યો, વાર્તા, હાસ્ય, નિબંધ, સ્મરણ, વિચારવિસ્તાર તથા શિલ્પ અને ચિત્રો જેવી ગમતી રચનાઓનું હિમાંશી શેલતે કરેલું સંપાદન છે. કુલ ૧૯૬ પૃષ્ઠોમાં સમાવિષ્ઠ સ્ત્રીસર્જકોની જ રચનાઓના આ સંપાદનની પ્રથમ આવૃત્તિ ૨૦૦૫માં પ્રકાશિત થાય છે. આ સંપાદનનું નિમિત્ત ૨૦૦૩માં શ્રી મહેન્દ્ર મેઘાણી દ્વારા સંપાદિત 'અડધી સદીની વાચનયાત્રા' (ભાગ-૧) છે. ત્રણસો જેટલાં સર્જકોને સમાવતા એ દળદાર

ગ્રંથમાં લેખિકાઓ માત્ર બાર જ કેમ ? લેખિકાઓને કોઈ વાંચતું જ નહીં હોય ? કે પછી એમનું લેખન નજરે જ નહીં ચડતું હોય ? એવા કૂતુહલને કારણે તેમજ પાંચમા ધોરણના હિન્દી અને ગુજરાતી ભાષાના પાઠ્યપુસ્તકોમાં લેખિકાઓની સદંતર ગેરહાજરીથી વ્યથિત થયેલાં હિમાંશી શેલત માત્ર લેખિકાઓ - નારીસર્જકોને - સમાવતું એક સંપાદન કરવું એવો નિશ્ચય કરે છે. ભારે જહેમત અને ચીવટ માંગી લેતાં આ કાર્યને હિમાંશી શેલત એક પડકારરૂપે લઈને જુદાં - જુદાં સામયિકો અને પુસ્તકોમાંથી પસંદ કરેલી સ્ત્રીસર્જકોની પચાસથી વધુ સાહિત્યકૃતિઓ અને થોડીક ચિત્રકૃતિઓને આ પુસ્તકમાં સંપાદિત કરે છે.

ગુજરાતીમાં મહત્વનું કહી શકાય એવું આ પુસ્તક સંપાદિત કરી આપવા પાછળનું હિમાંશી શેલતને મન બીજું મહત્વનું કારણ, સ્ત્રીઓએ શબ્દ સાથે કે કલાના અન્ય માધ્યમો સાથે કેવી રીતે કામ કર્યું છે, એમની પસંદગીના વિષયો કેવા છે, સાંપ્રત ઘટનાઓ પરત્વે એમનો અભિગમ કેવો છે, એનો આલેખ મળી શકે તેમજ સ્ત્રી સર્જકોએ રચેલું કેટલુંક સાહિત્ય કાળની ગર્તામાં ધકેલાઇ જાય તે પહેલા દસ્તાવેજીકરણ કરવાનું છે. સંપાદકનું માનવું છે કે સ્ત્રીસર્જકતાને રેખાંકિત કરવા માટે, સ્ત્રીસર્જકોમાં એક નવો પ્રાણસંચાર કરવા માટેય સમયાંતરે આવા સંપાદનો થતા રહેવા જોઈએ. મોટાભાગના સંપાદનોમાં જે સામગ્રી જોવા મળે છે એની સમકક્ષ સામગ્રી લેખિકાઓ પાસેથી પણ મળી જ શકે છતાં સ્ત્રીસર્જકોની કૃતિઓનું પ્રમાણ તેમાં નહીવત્ હોય છે. અને તેથી જ રોમાંચ-પ્રસન્નતા, બલકે સ્ત્રીલેખન-શક્તિને પ્રગટ કરી આપવાનો એક અનેરો ઉત્સાહ આ સંપાદનમાં જોવા મળે છે.

સંપાદકે આ પુસ્તકની પ્રસ્તાવનામાં મહત્વની કહી શકાય તેવી કેટલીક બાબતો તરફ અંગૂલિનિર્દેશ કરી એક સાચો સંપાદકધર્મ નિભાવ્યો છે. તેમણે સંપાદકો તેમજ સાહિત્યરસિકોનું એ તરફ ધ્યાન દોર્યું છે કે, એકવીસમી સદીમાં પણ સ્ત્રીઓની બૌદ્ધિક પ્રવૃત્તિ વિશે સમાજનો અભિગમ દ્વિધાગ્રસ્ત રહ્યો છે. સ્ત્રીઓ પાસે ઉત્તમોત્તમ સાહિત્ય પડયું હોવા છતાં પણ તે ઓછું જ નજરે ચડે છે. વળી, ઘણીવાર સ્ત્રીસર્જકો બે-ચાર સુવાચ્ય, સત્ત્વશીલ રચનાઓ આપીને લખતાં જ અટકી જાય છે કે પછી અચાનક મૌનમાં સરી પડતાં હોય છે. એટલું જ નહીં પણ લખાયેલું પુસ્તકરૂપે પ્રગટ કરવામાં ઘણી સ્ત્રીઓ કંઈક ઓછી ઉત્સાહી હોય છે. તો ઘણાં સ્ત્રીસર્જકો એવાં પણ હશે, જે નિજી કલાસાધનામાં ડૂબેલાં હોય અને ભાગ્યે જ પ્રગટ થયાં હોય! આ કારણે જ એમણે સર્જેલું ને સાચવવા જેવું ભેગું કરવાની ઇચ્છા સંપાદકોએ જગાવવી જોઈએ જેથી તે કાળની ગર્તામાં ધકેલાઈ જતું બચે.

સંપાદનના પ્રસ્તાવનાલેખમાં બે બાબતો ઉપસી છે. એક તો એ કે, 'સ્ત્રીઓ કેટકેટલા વિષયોને કેવી કેવી રીતે સ્પર્શી શકે છે એની ઐતિહાસિક નોંધ માટે અને દસ્તાવેજીકરણ માટેય આવાં સંપાદનો જરૂરી છે.' તે અને બીજું, સંપાદક આ સંપાદનને સાહસનું એક ડગલું ગણાવતાં 'સ્ત્રીઓની સર્જકતાના ઉત્સવ જેવું કંઈક' કરવાની તેમની ભાવિ યોજના અંગે પણ આપણને માહિતગાર કરે છે. તેમની ઈચ્છા દર વર્ષે નહીં તો દર બે વર્ષે સ્ત્રીસર્જકોની સશક્ત રચનાઓને અનિયતકાલીન સામયિક લેખે પ્રગટ કરવાની છે તે.

સંપાદકે અહીં સુપ્રતિષ્ઠિત સ્ત્રીસર્જકોની કૃતિઓ કે પ્રતિનિધિત્વ કરતી કૃતિઓને જ સમાવવાનો આગ્રહ રાખવાને બદલે ઓછાં જાણીતાં સર્જકોની ધ્યાનાર્હ કૃતિઓ પણ સંપાદિત કરી છે. વળી ભાવકોના રસને ધ્યાનમાં રાખી અનુક્રમણિકામાં વિષયક્રમઃ કાવ્યો, વાર્તા, હાસ્ય, નિબંધ, સ્મરણ, વિચારવિસ્તાર તથા શિલ્પ અને ચિત્રો એ રીતે રાખ્યો છે. આ ઉપરાંત ચિત્રકળાના શોખિન એવાં હિમાંશી શેલત આ સંપાદિત કૃતિઓની વચ્ચે વચ્ચે સ્ત્રીઓના રોજબરોજ જીવાતાં જીવનને અનુરૂપ ચિત્રો મૂકી આપે છે જે આ સંપાદનને મુઠ્ઠી ઉંચેરું બનાવે છે. આ ઉપરાંત પુસ્તકને અંતે, ૨૦૦૫માં હૈદરાબાદ ખાતે ભારતીય લેખિકાસંમેલનમાં થયેલ અનૌપચારિક ચર્ચાની નોંધ સંપાદકે અહીં 'સાહિત્ય, સમૂહમાધ્યમો અને જનસમુદાય' નામે મુકી આપી છે. જેમાં ટેલિવિઝન જેવા માધ્યમને કારણે જનસમુદાયમાં એક આભાસી સૃષ્ટિ ઉભી થઈ છે, તેના પરિણામે નવી પેઢી સાહિત્યના વારસાથી અલિપ્ત થતી જાય છે તે અંગે વિષદ છણાવટ કરી છે. સંપાદક - હિમાંશી શેલત દઢપણે એવું માને છે કે સર્જન માટે સ્ત્રીઓ પાસે શબ્દ, રેખા કે લયથી પણ વધારે કેટલાંક માધ્યમો છે અને તેથી જ સાહિત્યકૃતિઓ ઉપરાંત એમણે 'શબ્દની બહાર સર્જનવિસ્તાર' અંતર્ગત જ્યોત્સના ભટ્ટે સિરેમિકના માધ્યમ દ્વારા સર્જેલા બે સ્કલ્પચર 'સિરેમિક કેટ' અને 'સિરેમિક જાર', તસવીરકલાની સાધના કરતાં આશા આડતિયાની બે તસવીરો 'સેન્ડ ડયૂન્સ' (લડાખ - નુબ્રાવેલી) તથા 'ડિસ્કીટ ગોમ્પા' (લડાખ - નુબ્રાવેલી) મૂકી આપી છે. તો વિવિધ માધ્યમોની શક્યતાઓનો તાગ મેળવીને એમાં પ્રયોગો કરવાની અભિલાષા અને આવડત ધરાવતાં કણિકા મુખર્જીનું એક ચિત્ર 'લેન્ડ સ્કેપ' અને બે મોઝેઇક 'મોઝેઇક ફ્રેઈમ' અને 'મોઝેઇક ટેબલ-ટોપ' રંગીન પૃષ્ઠોમાં પુસ્તકને અંતે મુદ્રિત કરી આપ્યાં છે. હિમાંશી શેલત સંપાદિત આ 'અડધા આકાશનો રંગ' સાચે જ ગુજરાતી સાહિત્યમાં નારીકેન્દ્રી સંપાદનના ક્ષેત્રે અડધા આકાશનો રંગ બની રહે છે.

### ૫.૨.૮. 'પહેલો અક્ષર' (૨૦૦૫)

'પહેલો અક્ષર' નારીને કેન્દ્રમાં રાખીને કરેલું હિમાંશી શેલતનું બીજું મહત્ત્વનું સંપાદન છે. કુલ ૯૮ પૃષ્ઠ ધરાવતા આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૨૦૦૫માં પ્રકાશિત થઈ હતી અને ૨૦૦૮માં તેનું પુનર્મુદ્રણ થયું હતું. ત્રણ જ વર્ષના ટૂંકા ગાળામાં તેનું પુનર્મુદ્રણ થવું એ આ સંપાદનની લોકપ્રિયતા દર્શાવે છે. હિમાંશી શેલત તેમનાં નિકટના સખી એવાં બાના અવસાન નિમિત્તે મા-દીકરીના અંતરંગ સંબંધો વિશે જે અગિયાર લેખો એકત્રિત કરે છે તેનું આ સંકલિત પુસ્તક છે. આ સંપાદનમાં વર્ષા દાસ, મનોજ્ઞા દેસાઈ, મલ્લિકા સારાભાઈ, સુપ્રિયા પાઠક, નિરુપમા શેઠ, ફાલ્ગુની શેઠ-ધોળકિયા, હિમાંશી શેલત (સંપાદક પોતે), સિલ્વિયા પ્લાથ, સિંમો દ્ બુવ્વા, અગાથા ક્રિસ્ટી અને વિજયાલક્ષ્મી પંડિત - જેવાં સિનેમા, નાટક, નૃત્ય, સંગીત અને સાહિત્ય જેવા વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલાં ગુજરાતી અને બિનગુજરાતી મહિલાઓએ લખેલા લેખોનો સમાવેશ થયો છે. અલબત્, મલ્લિકા સારાભાઈ અને સુપ્રિયા પાઠકે મોકલેલા અંગ્રેજી લેખોને સંપાદકે ગુજરાતીમાં અનુવાદ કરીને તેને મૂળ અંગ્રેજી લેખોની સાથે જ મૂક્યાં છે. તો, સિલ્વિયા પ્લાથ, સિંમો દ્ બુવ્વા, અગાથા ક્રિસ્ટી અને વિજયાલક્ષ્મી પંડિતના પૂર્વપ્રકાશિત અંગ્રેજી લેખોને એમણે સીધાં ગુજરાતી અનુવાદો રૂપે રજૂ કર્યા છે.

એક વ્યક્તિ તરીકે અને સર્જક તરીકે નારીસંવેદના તેમજ તેમની સમસ્યાઓમાં ઊંડો રસ ધરાવતાં હિમાંશી શેલત સંપાદક તરીકે પણ આ તંતુ જાળવી રાખે છે. માતા વિશે, માતાના પ્રેમ વિશે તેમજ મા-દીકરીના ભાવભર્યા સંબંધ વિશે અનેક ભાષામાં ઘણું બધું લખાયું હોવા છતાં મા-દીકરીના સંબંધમાં રહેલા મૈત્રીના આ વિશિષ્ટ તત્ત્વને શબ્દબદ્ધ કરવાનું એમણે બીડું ઝડપ્યું. આવું પુસ્તક સંપાદિત કરવા પાછળનો સંપાદક હિમાંશી શેલતનો મુખ્ય આશય દીકરીઓનો તેમની મા સાથેનો નજીકનો કહી શકાય એવો સંબંધ - મૈત્રીની લિજ્જત શબ્દબદ્ધ કરવાનો હતો. તો એમનો બીજો આશય, સમાજમાં સમયે સમયે પ્રવર્તતા મહિલાઓના સ્થાન વિશે ભિન્ન ભિન્ન સ્તરના પરિવારોમાં કેવી સ્થિતિ જોવા મળે છે, અને તેમના સંવેદનવિશ્વમાં આર્થિક અને ભૌતિક સ્થિતિએ કેવાં વમળો ઊભાં કર્યાં છે એનો થોડો ખ્યાલ પુસ્તકમાંથી મળી રહે તે હતો.

હિમાંશી શેલત દ્વારા સંપાદિત આ પુસ્તકમાં સિનેમા, નાટક, નૃત્ય, સંગીત અને સાહિત્ય જેવા વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલાં સશક્ત મહિલાઓએ પોતાની માતાના પ્રેમ વિશેનાં સંસ્મરણો-સંવેદનોને શબ્દબદ્ધ કર્યા છે. તો, પ્રવર્તમાન સમાજમાં મા-બાપની પોતાના સંતાનો પાસે રખાતી

વધુ પડતી અપેક્ષાને લીધે વધતી અસમાનતા હોય કે સમાજમાં દીકરીઓની ઘટતી જતી સંખ્યા હોય તેને આધારે સ્ત્રીઓના જીવન અને સામાજિક પરિસ્થિતિને શબ્દબદ્ધ કરવામાં આવી છે. અને એટલે જ સંપાદકે કરેલું આ પુસ્તકનું અર્પણ ઘટતી જતી દીકરીઓની વસ્તીસંખ્યા સંદર્ભે છે : ‘જો જન્મી શકી હોત તો કદાચ પોતાની માની મિત્ર બનીને એને અઢળક સ્નેહ અને હૂંફ આપી શકી હોત એવી આ પ્રદેશની અજન્મા દીકરીઓને…’

સંપાદક હિમાંશી શેલતે મા-દીકરીના વિશિષ્ટ ભાવસંબંધને નીરખવાનો અવસર પ્રાપ્ત થાય એ માટે, કોની કોની વચ્ચે આવી મૈત્રી હોઈ શકે એની કલ્પના કરી, જુદાં-જુદાં ક્ષેત્રોની જાણીતી મહિલાઓને લેખ માટે નિમંત્રણપત્ર મોકલ્યા હતા. નિમંત્રણપત્ર મોકલતી વેળા એમણે પોતાની અપેક્ષા સ્પષ્ટ કરેલી જેથી પુસ્તકનું રૂપ તેમનાં ધાર્યા પ્રમાણેનું બની શકે. મોટા ભાગના લેખ અપેક્ષા પ્રમાણે પ્રાપ્ત થવાના કારણે સંપાદનનું રૂપ પોતાની ઈચ્છા પ્રમાણે ઘડાયું છે. જોકે નિમંત્રણ આપ્યા પ્રમાણે બધા જ લેખ પ્રાપ્ત ન થવા અંગે સંપાદક પ્રસ્તાવનામાં નોંધે છે, “પ્રતિભાવ બધેથી હકારાત્મક જ મળ્યા એવું નહિ. કોઈકને લખવાનું મન થયું, પણ છ મહિના જેવો સમય પૂરતો ન લાગ્યો, કોઈકને વળી એમ થયું કે મા વિશે બહું કહ્યું, તો કોઈકનો સંપર્ક જ અશક્ય બન્યો.”[૧૭] અહીં સંપાદિત બધા જ લેખો કે સ્મરણો મોટાભાગે ભિન્ન-ભિન્ન કાર્યક્ષેત્રમાં રોકાયેલી મહિલાઓ તરફથી મળવાને કારણે સ્ત્રીઓનાં જીવન અને સામાજિક પરિસ્થિતિ સંદર્ભેનું આ પ્રકારનું દસ્તાવેજીકરણ કરવામાં સંપાદક સફળ થાય છે.

હિમાંશી શેલત કૃત આ સંપાદનમાં એવી કેટલીક વિશેષતાઓ નજરે ચડે છે જે આ સંપાદનને વિશેષ બનાવે છે. જેમકે, આ પુસ્તકમાં જે વિવિધ રેખાંકનો મૂકવામાં આવ્યાં છે તે મા-દીકરીના અંતરંગ ભાવને નિઃશબ્દપણે આબાદ રીતે ઝીલે છે. તો, પુસ્તકના શીર્ષકની પસંદગી પણ મા-દીકરીના વિશેષ સંબંધને પ્રગટ કરી આપે છે. વળી, આકર્ષક રંગરૂપ અને તેની મુખપૃષ્ઠ સજાવટને લીધે આ પુસ્તક અન્ય ગુજરાતી પુસ્તકોમાં એક ઉદાહરણરૂપ બન્યું છે.

હિમાંશી શેલત પોતાનાં માના અવસાનના એક વર્ષ જેટલા ટૂંકા સમયમાં મા-દીકરીની મૈત્રી અને સાહચર્ય પ્રગટ કરતા આ લેખોને સંપાદિત કરી પ્રકાશિત કરી આપે છે. અહીં હિમાંશી શેલતની સંપાદનકાર્ય પ્રત્યેની નિષ્ઠાનો આપણને પરિચય થાય છે.

### ૫.૨.૯. ‘૨૦૦૨ની શ્રેષ્ઠ વાર્તાઓ’ (૨૦૦૩)

‘૨૦૦૨ની શ્રેષ્ઠ વાર્તાઓ’એ હિમાંશી શેલતનું વાર્તાસંપાદનનું બીજું મહત્વનું પુસ્તક છે. આર. આર. શેઠની કંપની તરફથી ભગતભાઈ અને ચિંતનભાઈના પ્રસ્તાવને સ્વીકારી હિમાંશી શેલતે ૨૦૦૨ના વર્ષ દરમિયાન જુદાં-જુદાં સામયિકો, પુસ્તકો અને અખબારોમાં પ્રગટ થયેલી કેટલીક સંતર્પક, ધ્યાનાર્હ અને સ-રસ વાર્તાઓને અહીં સંપાદિત કરી છે. સંપાદક પસંદ કરેલી આ વાર્તાઓને શ્રેષ્ઠ વાર્તાઓ કહેવાને બદલે સંતર્પક અને સફળ રચનાઓ કહેવાનું વધુ પસંદ કરે છે. ૨૦૦૩માં પ્રકાશિત આ સંપાદનમાં કુલ ૨૦ વાર્તાઓ પસંદ થઈ છે. સંપાદકે આ પુસ્તકમાં પસંદ કરેલી વાર્તાઓનો અનુક્રમ વાર્તાઓના બદલે વાર્તાકારોને કક્કાવારી પ્રમાણે ગોઠવીને આપ્યો છે.

અહીં વિષયવસ્તુના વ્યાપ, વૈવિધ્ય અને ઊંડાણમાં, રચનાકૌશલ અને શૈલી સૌંદર્યમાં સમૃદ્ધ એવી વાર્તાઓ સંપાદિત થઈ છે. જેને સંપાદકે ત્રણ જૂથોમાં વહેંચી છે.૨૦૦૨ના કોમી રમખાણો અને રાજકીય આંદોલનોના વિસંવાદી વાતાવરણમાં રચાયેલી અને સમકાલીન વાસ્તવિકતા રજૂ કરતી વાર્તાઓ પ્રથમ જૂથમાં મૂકી છે, આવી કોમી દાવાનળની ભૂમિકાની પડછે રચાયેલ વાર્તાઓમાં ‘ઉદ્ધ્વસ્ત’, ‘તોત્તોચાનનું બેસણું’, ‘સ્પર્શ’, ‘ઓથાર’ અને ‘થોડુંક અમથું અજવાળું’ જેવી વાર્તાઓનો સમાવેશ થાય છે. માનવસંબંધોની, મુખ્યત્ત્વે સ્ત્રી-પુરુષ સંબંધની સંકુલતાઓને તાગવા મથતી વાર્તાઓનો બીજા જૂથમાં સમાવેશ થાય છે, તેમાં ‘મુક્તિ’, ‘આમ થાકી જવું’, ‘માણસનું મન’, ‘પોદ્દાર ચાલ’, ‘દીદી’, ‘પોપટ’, ‘ગાલનાં ટાંકા’, ‘લાઉડ થિન્કિંગ’, ‘બાલકાંડ’ અને ‘થેન્ક્યુ વિશ્વાસ’નો સમાવેશ થાય છે. ત્રીજા જૂથની વાર્તાઓના કેન્દ્રમાં વંચિતો  અને શોષિતોની વાત આલેખાઈ છે. જેમાં ‘નામઃ નયના રસિક મહેતા’, ‘ભોંય’, ‘ભળભાંખળું’, ‘પોલિટેક્નિક’ અને ‘દેડકો’નો સમાવેશ થયો છે.

પ્રતિવર્ષ વિવિધ સામયિકો અને અખબારોમાં છપાતી આવી શ્રેષ્ઠ વાર્તાઓ બધાં વાચકોના ધ્યાનમાં આવ્યા વગર ક્યારેક કાળની ગર્તામાં ધકેલાઈ વિલીન થઈ જતી હોય છે. આવી શ્રેષ્ઠ વાર્તાઓ સંગ્રહાઈને બહોળા વાચક વર્ગ સુધી પહોંચે એ હેતુથી જ મોટાભાગના સંપાદનો થતા હોય છે અને તે ભાષા-સાહિત્ય માટે ઉપકારક બનતાં હોય છે. વાર્તાસર્જક મોટા પડકારોને ઝીલીને ઉત્તમ કહી શકાય તેવી વાર્તાઓ રચવાની મથામણ કરતો હોય છે. તેમ છતાં વર્તમાન વાર્તાઓની ગુણવત્તા જોઈ સંપાદક હિમાંશી શેલત સંપાદકીય લેખમાં ‘વાર્તાને નામે ઘણું આડુંતેડું લખાઈ રહ્યું છે’ અને ‘આવી છીછરી લેખન-પ્રવૃત્તિથી વાર્તાસ્વરૂપને સહન કરવું પડે છે’ એ તરફ સૌ

વાર્તાકારોનું ધ્યાન દોરે છે. તો, એક સાચા સંપાદક અને વાર્તાકાર તરીકે હિમાશી શેલતને વર્તમાન સામયિકો અને અખબારોમાં છપાતી વાર્તાઓની ગુણવત્તા જોઈને દુઃખ થાય છે. અને તેથી જ કેટલાંક સંપાદકોને ‘જે મળી તે કૃતિઓ છાપતા રહેશે ત્યાં સુધી પેલી રેઢિયાળ લેખનપ્રવૃત્તિ અટકવાની નથી.’ એવી ટકોર કરે છે. જોકે, વાર્તાઓની પસંદગી નિમિત્તે આનંદ વ્યક્ત કરતા તેઓ લખે છે, ‘વાર્તાની પસંદગી વેળાએ ખભેખભા ઘસાતા હોય એ રીતે ત્રીસેક કૃતિઓ નજર સામે આવતી હોય તો એ સુખદ સ્થિતિ છે.’ આવાં સંપાદકીય નિરીક્ષણો ઉપરાંત સંપાદનને અંતે ૨૦૦૨ના સામયિકોમાં પ્રગટ થયેલી વાર્તાઓની સૂચિ વિગતે તૈયાર કરી આપે છે. જે સંપાદક હિમાંશી શેલતની સંપાદન કાર્ય પ્રત્યેની નિષ્ઠા દર્શાવે છે.

## ૫.૨.૧૦. ‘ગુજરાતી નવલિકાચયન-૨૦૦૭’ (૨૦૦૮)

‘ગુજરાતી નવલિકાચયન-૨૦૦૭’ એ ‘ધૂમકેતુ નવલિકા શ્રેણી’ અંતર્ગત ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ દ્વારા પ્રકાશિત થતી ઉત્તમ નવલિકાઓનું હિમાંશી શેલતે કરેલું સંપાદન છે. ૨૦૦૮માં પ્રકાશિત થયેલ આ પુસ્તકમાં સંપાદકે ૨૦૦૭ના વર્ષ દરમિયાન વિવિધ સામયિકો તથા દીપોત્સવી અંકોમાં પ્રકાશિત થયેલી ઉત્તમ કહીં શકાય એવી ૧૮ વાર્તાઓ સંપાદિત કરી છે. આ વાર્તાઓ પસંદ કરવા માટે એમણે ૨૦૦૭ના શબ્દસૃષ્ટિ, પરબ, નવનીત સમર્પણ, કુમાર, અખંડ આનંદ, હયાતી, બુદ્ધિપ્રકાશ, તાદર્થ્ય, જલારામદીપ, સંવેદન, ઉદ્દેશ, ખેવના, તથાપિ, સમીપે, એતદ્, ગદ્યપર્વ, સન્ધિ અને વિ ઉપરાંત કેટલાક દીપોત્સવી અંકોમાં પ્રકાશિત થયેલી વાર્તાઓ કાળજીપૂર્વક તપાસી છે.

અહીં સંપાદિત થયેલી ‘છૂટકારો’થી લઈ ‘ટક્કોમૂંડો’ સુધીની બધી જ વાર્તાઓમાં જુદાં-જુદાં વિષયો આલેખાયા છે. ‘વિકલ્પ’, ‘અધ્યાહાર’, ‘બાજુનું ઘર’ તથા ‘ડાઘુની માફક’ કૌટુંબિક વિસંવાદને કેન્દ્રમાં રાખીને રચાયેલી છે. ‘એક રીતે જોઈએ તો’, ‘ઝૂલતો ખાલી હીંચકો’, ‘મુન્ની’, ‘અંતિમ છાયા’માં સંતાન ગુમાવ્યાની તીવ્ર પીડાનાં વિવિધ ચિત્રો આલેખાયાં છે. તો, ‘સુદામા ચરિત’, ‘અવશેષ’, ‘મીરાનું ઘર’ અને ‘કાચી ઉંમર’માં વિશિષ્ટ મૈત્રી સંબંધની કથા કેન્દ્રસ્થ થઈ છે. જ્યારે ‘મડદાં બાળનારોનો’ અને ‘છૂટકારો’ મડદાં બાળવાના ખાસ વ્યવસાય સાથે સંકળાયેલી છે. ‘ટક્કોમૂંડો’ નાયિકાની એકલતાને, ‘ગુડ બાય ગર્લ’ યૌવનમાં પ્રવેશતી કન્યાના મનોજગત અને તેના પલટાતા ભાવોને, ‘પ્રવેશદ્વાર’માં મકાન શોધવા નીકળેલા નાયકની મથામણને, તો ‘સુખની

આરપાર' વાર્તામાં વર્તમાન જગતની અરાજકતાનું રસપ્રદ સ્થિતિમાં આલેખન થયું છે. અહીં સંપાદિત થયેલી લગભગ બધી જ વાર્તાઓમાં અંદર-બહારની અરાજકતાનો સૂર વહેતો દેખાય છે.

સંપાદકે આ વાર્તાઓની પસંદગી સંદર્ભે એક ચોક્કસ અભિગમ અપનાવ્યો છે. એમણે વાર્તાઓની પસંદગી ઉત્તમતાના ધોરણે નહિ બલ્કે કથાબીજનું સત્ત્વ અને પ્રસ્તુતિની તાજગીને લક્ષમાં રાખીને કરી છે. વળી, નવસર્જકોની વાર્તાઓ પર પણ એમણે વિશેષ ધ્યાન આપ્યું છે જેથી તેમની યોગ્ય વાર્તાઓને પણ સંપાદનમાં સ્થાન મળે. સંપાદક પોતે એક વાર્તાકાર હોવાથી વાર્તાના વિશેષ લક્ષણ એવા લાઘવના તત્ત્વને ધ્યાનમાં રાખી દીર્ઘ રચનાઓનો સમાવેશ કરવાનું ટાળીને વધુ વાર્તાઓને સમાવવાનો પ્રયત્ન કર્યો છે. સાથે આ પ્રત્યેક વાર્તાની આસ્વાદલક્ષી વિવેચના પણ 'થોડું, આ સંપાદન નિમિત્તે' નામના સંપાદકીય લેખમાં આપી છે. આ સંપાદકીય લેખમાં સમકાલીન વાર્તાસર્જન અને સામયિકોની ગુણવત્તા વિશે એમણે કેટલીક સ્પષ્ટતાઓ કરી છે તો, કેટલાંક નિરીક્ષણો આપ્યાં છે. જેમકે, 'પડકારરૂપ વિષયોને અડવાનું આજનો વાર્તાકાર ટાળી રહ્યો છે.', 'શુદ્ધ વાર્તાને વરેલાં હોય એવાં સામયિકોની ખોટ વરતાય છે. ઉચ્ચ ધોરણોનો, લેશ પણ બાંધછોડ વિનાનો, આગ્રહ સેવતાં સામયિકોનીય ખોટ છે જ. આવી સ્થિતિમાં કાચું એવું ઘણું વાર્તાને નામે છપાયા કરે છે.' તો, સંપાદકે કઠોર શિક્ષક બની દીપોત્સવી અંકના બંધારણ વિશે પણ ટકોર કરી છે. એમને દીપોત્સવી અંકોમાં પ્રગટ થયેલી મોટાભાગની વાર્તાઓનાં ધોરણ હતાશા જન્માવે એવાં જણાયાં છે.

હિમાંશી શેલત એક સંપાદક હોવાની સાથે એક સારા વાર્તાકાર છે તેથી વાર્તાસર્જનની વિશેષતાઓની સાથે સાથે તેનામાં રહેલા ભય સ્થાનો તરફ વાચકો તેમજ વાર્તાકારોનું ધ્યાન દોરે છે. સંપાદકીય લેખમાં તેઓ નોંધે છે, "ભાષાકર્મ બાબતે અતિરેકભર્યાં વલણો આજનાં વાતાકારને સ્વીકાર્ય નથી એ સ્વસ્થતાસૂચક છે. ચબરાકી અને ઝાકઝમાળ, આયાસ અને કૃત્રિમતાથી દૂર રહેવાનું એ પસંદ કરતાં હોય એમ લાગે છે. વાર્તાને આ કારણે ચોખ્ખો લાભ થયો છે. અનાવશ્યક વર્ણનો ગાળી નાખવામાં આવ્યાં હોવાથી, અને વાર્તાની સીધી, સોંસરી ગતિનો પ્રભાવ સમજાવાથી, વાર્તાનો મેદ ઘટયો છે, સૌષ્ઠવ વધ્યું છે. આ સઘળું જમાપક્ષે હોવા છતાં આજની વાર્તા સમકાલીન અવદશા સાથે આંખમાં આંખ મેળવી શકી નથી એ નોંધવું પડે. એ દિશામાં એને કોઈ પ્રયાસ કર્યો હોય એવાં ઉદાહરણો જડે તેયે આંગળીને વેઢે ગણાય તેટલા, વાર્તાકારે સાહસિક બનવું રહ્યું, નવા પડકારો ઝીલવા રહ્યા, સમકાલીન વાસ્તવને પકડવો રહ્યો, કારણ કે વાર્તા એક એવો સાહિત્યપ્રકાર

છે જે અનેક આંખોએ જીવનને જોઈ શકે, એનો વ્યાપ મોટો છે, ગતિ તેજ છે, અને શક્યતાઓ અમર્યાદ છે."[૧૮]

વિવિધ સામયિકોમાં મોટા પ્રમાણમાં છપાયેલી વાર્તાઓમાંથી વિત્ત ધરાવતી રચનાઓ પસંદ કરવાનું કામ મુશ્કેલ હોવા છતાં સંપાદકે 'જો શોધો તો મળશે' એ સૂત્રને અનુસરીને આ વાર્તાઓ શોધી છે. વાર્તાઓ શોધવામાં મર્યાદાઓ નડી હોવા છતાં આટલી મોટી સંખ્યામાં વાર્તાઓ લખાય છે, છપાય છે, નવી કલમો સાંપડે છે તેથી 'વાર્તા હજી નથી ખોવાઈ, નથી કરમાઈ' એ બાબતનો એમને બેહદ આનંદ છે. આ સંગ્રહને અંતે સંપાદકે વાર્તાકારનો ટૂંકો પરિચય તૈયાર કરી આપ્યો છે જે હિમાંશી શેલતને એક સફળ સંપાદક તરીકે ઉપસાવી આપે છે.

## ૫.૩. હિમાંશી શેલતનું વિવેચનક્ષેત્રે પ્રદાન

સંપાદનકાર્યની જેમ હિમાંશી શેલતનું વિવેચનક્ષેત્રે પણ મહત્વનું પ્રદાન રહ્યું છે. એમણે વિવેચનના ફક્ત ત્રણ જ પુસ્તકો આપ્યાં હોવાં છતાં, આ અભ્યાસ પુસ્તિકાઓ સાહિત્યના અભ્યાસીઓ તેમજ જિજ્ઞાસુઓને અવશ્ય ઉપયોગી નીવડે તેવી છે. હિમાંશી શેલતે 'પરાવાસ્તવવાદ' (૧૯૮૭), 'ગુજરાતી કથાસાહિત્યમાં નારીચેતના' (૨૦૦૦) તેમજ 'સલામત બાળપણની શોધમાં' (૨૦૧૦) નામે નાનકડી અભ્યાસ પુસ્તિકા આપી છે. આ વિવેચન પુસ્તિકાઓનો અહીં વિગતે અભ્યાસ કર્યો છે.

### ૫.૩.૧. 'પરાવાસ્તવવાદ'(૧૯૮૭)

'પરાવાસ્તવવાદ' એ હિમાંશી શેલત દ્વારા પરાવાસ્તવવાદી વિચારધારાને કેન્દ્રમાં રાખીને લખેલું વિવેચનનું પુસ્તક છે. ૧૯૮૭માં પ્રકાશિત આ પુસ્તક લખવા પાછળનો હેતુ સ્પષ્ટ કરતાં હિમાંશી શેલત આ પુસ્તકની પ્રસ્તાવનામાં નોંધે છે, "પશ્ચિમના આધુનિક સાહિત્ય પર જેનો મોટો પ્રભાવ રહ્યો છે એવી પરાવાસ્તવવાદી વિચારધારાને એની ઐતિહાસિક, રાજકીય અને સામાજિક ભૂમિકાની પડછે અવલોકવાનો અને સમજવાનો પ્રયત્ન પ્રસ્તુત પુસ્તિકામાં થયો છે."[૧૯] હિમાંશી શેલતે આ વિવેચન પુસ્તકમાં 'દાદાવાદ અને પરાવાસ્તવવાદ', 'દાદાવાદ પાછળની ઐતિહાસિક અને સાંસ્કૃતિક ભૂમિકા', 'દાદાવાદ સાથે પરાવાસ્તવવાદનું અનુસંધાન', 'પરાવાસ્તવવાદી કવિતાની વિભાવના અને અભિવ્યક્તિની લાક્ષણિકતા' 'પરાવાસ્તવવાદી ચિત્રકલા' તેમજ 'ગુજરાતી સાહિત્યમાં પરાવાસ્તવવાદ' જેવાં મુદ્દાઓની ચર્ચા કરી છે.

'દાદાવાદ અને પરાવાસ્તવવાદ' નામના પ્રકરણમાં હિમાંશી શેલતે દાદાવાદ અને પરાવાસ્તવવાદ સંજ્ઞાનો વિગતે પરિચય આપ્યો છે. પશ્ચિમના સાહિત્ય અને ચિત્રકલા પર ૧૯૧૫ થી ૧૯૨૨ દરમિયાન દાદાવાદનો નોંધપાત્ર પ્રભાવ રહ્યો હતો. સ્થાપિત મૂલ્યો પરત્વે નફરત તેમજ વ્યંગ્યના વિસ્ફોટ સમાન આ વાદે કલાપ્રવૃત્તિની ગંભીરતાનો જ મજાક કર્યો હતો. અહીં એમણે 'દાદા' શબ્દની ઉત્પત્તિ અને તેના પ્રણેતા વિશે વાત કરી છે. યુદ્ધ સમયે જ કલા અને સાહિત્યનાં મૂલ્યો, પ્રયોજન અને પ્રભાવથી શંકાશીલ બનેલાં પશ્ચિમના સર્જકો તર્ક અને બુદ્ધિના વળગણો ફગાવવા માડયાં હતાં. ચિત્તમાં જે કાંઈ થઈ રહ્યું છે તેનો સ્વીકાર કરી ચિત્તની શક્તિઓનો તાગ મેળવવા પ્રયત્નો આદરે છે. વિધ્વંસક, નકારાત્મક અને આક્રમક વલણ ધરાવતાં આ જૂથનો વ્યાપ ઘણાંબધાં દેશો સુધી ફેલાયેલો હતો. તર્કસંગત અને ગંભીર સર્જનપ્રક્રિયાની મજાક ઉડાવતું આ જૂથ, પોતાની પ્રવૃત્તિ નકારાત્મક છે એવું સંપૂર્ણપણે જાણતું હોવા છતાં, કલા અને સાહિત્ય સાથે સંકળાયેલા સિદ્ધાંતો તેમજ મૂલ્યોની સાથે સાથે કલાકૃતિઓની પણ વિડંબના કરે છે. દાદાવાદીઓ પોતાના વલણ બાબતે સ્પષ્ટ નહોતા અને તેથી જ તેઓ પરસ્પર વિરોધી વિધાનો કરતા. જોકે તેઓ એક બાબતે સ્પષ્ટ હતા અને તે છે તર્કસંગત સર્જનપ્રક્રિયા, મૂલ્યો અને સિદ્ધાંતોનો પ્રબળ વિરોધ. હિમાંશી શેલતે દાદાવાદની સાથે પરાવાસ્તવવાદ વિશે પણ વિગતે છણાવટ કરી છે. તેમના મતે પરાવાસ્તવવાદીઓનો અભિગમ દાદાવાદીઓ કરતાં વધારે સુસ્પષ્ટ હતો, તેમનું જાહેરનામું વધારે સુસંગત અને વ્યવસ્થિત હતું. દાદાવાદ અને તેના પ્રભાવ દરમિયાન જન્મેલા પરાવાસ્તવવાદ - એ બંને વાદ પાછળનું પ્રેરકબળ પરંપરાગત મૂલ્યોને પડકાર તેમજ સર્જક અને સર્જકચિત્તની સંપૂર્ણ સ્વતંત્રતાનો પુરસ્કાર હતું. આ બંને વાદ વિશેનું તારણ કાઢતા વિવેચક હિમાંશી શેલત નોંધે છે, "દાદાવાદનો ઝોક વિડંબના પરત્વે વિશેષ રહેતાં એ કેવળ નકારાત્મક પ્રવૃત્તિઓનો પર્યાય બની રહ્યો; જ્યારે પરાવાસ્તવવાદ પોતાની વિચારધારાને વફાદાર રહીને પણ એક સાતત્યપૂર્ણ અને સુસંગત 'એસ્થેટિક્સ' નીપજાવી શક્યો."[૨૦]

'દાદાવાદ પાછળની ઐતિહાસિક - સાંસ્કૃતિક ભૂમિકા અને વિચારવલણો' નામના પ્રકરણમાં વિવેચક હિમાંશી શેલત દાદાવાદીઓના વિવિધ વિચારવલણો અંગે ચર્ચા કરે છે. પ્રથમ વિશ્વયુદ્ધ પછી જે પરિસ્થિતિ ઉદ્ભવી તેને પરિણામે ધર્મ, ફિલસૂફી કે નૈતિક સામાજિક મૂલ્યો તેમને મન પોકળ લાગવા માંડયા જેથી બૌદ્ધિક વલણો પ્રત્યેનો તેમનો તિરસ્કાર પ્રબળ બને છે. સર્વસ્વીકૃત માન્યતાઓનું ખંડન અને સ્થાપિત મૂલ્યોનો ઉપહાસ તેમની મુખ્ય પ્રવૃત્તિ બની રહી. તિરસ્કાર અને

વિડંબનાની ધરી પર ઊભુ થયેલું આ જૂથ તિરસ્કાર અને વક્રોક્તિનું બળવાખોર વલણ અપનાવીને આગળ વધે છે. પ્રશિષ્ટ કલાકૃતિઓ પ્રત્યે પોતાનો વિદ્રોહ પ્રગટ કરનાર આ જૂથે ભાવકને આઘાત આપવામાં કોઈ કસર છોડી નહોતી. જોકે, દાદાવાદના સમર્થકો વચ્ચેના મતભેદો પણ સપાટી પર આવે છે. જેમ જેમ તેમનામાં રાજકારણ ભળવા માંડયું તેમ તેમ તેઓ એકબીજાનો વિરોધ કરવા લાગ્યા અને તેમની પ્રવૃત્તિઓ વિવાદાસ્પદ બનતી ગઈ. એ વાત અહીં નોંધવી રહી કે દાદાવાદના આ અભિગમથી કેટલાંક ભાવકોને તેમની વિચારધારા અંગે પ્રશ્નો થવા લાગ્યા છતાં કલા અને સાહિત્ય અંગે સ્વીકારેલા રૂઢ પરંપરાગત સિદ્ધાંતો અને મૂલ્યોને પડકારવા તેમણે ઉગ્ર લડત તો આદરી જ પરંતુ તેને દઢ પણે વળગી પણ રહ્યા. અંતે હિમાંશી શેલત પણ એ મત પર આવે છે કે દાદાવાદમાં કાંઈક નકારાત્મક શોધવાને બદલે તેને જે તે સમય સાથે જોડીને જોવો રહ્યો.

તો 'પરાવાસ્તવ સાથે દાદાવાદનું અનુસંધાન' નામના પ્રકરણમાં પરાવાસ્તવવાદના ઉદ્‌ભવ અને તેના થયેલા વિસ્તારની વિગતે ચર્ચા કરી છે. પરાવાસ્તવવાદના મુખ્ય પ્રણેતા એવા બ્રેંતોએ તેમની આ વિચારધારા અંગે સ્પષ્ટ મત રજૂ કર્યો કે, સભાન નિયંત્રણથી સંપૂર્ણપણે મુક્ત રહીને જ ચિત્ત પોતાની મૂળભૂત શક્તિઓ પ્રગટ કરી શકે છે. તેઓએ એ પણ જાહેર કર્યું કે પરાવાસ્તવવાદ એ વિદ્રોહનું એક રૂપ છે અને એ વિદ્રોહ માટે કોઈપણ પ્રવૃત્તિ કરતા અમે ખચકાઈશું નહિ. એક નિશ્ચિત વિચારધારાથી શિસ્તબદ્ધ રીતે જોડાયેલા પરાવાસ્તવવાદીઓએ પોતાની પ્રવૃત્તિને કલા પૂરતી મર્યાદિત ન રાખતાં તેનો અનેકક્ષેત્રોમાં પ્રચાર-પ્રસાર શરૂ કર્યો હતો. દાદાવાદની જેમ પરાવાસ્તવવાદીઓ પણ સમાજ સાથે સીધા સંઘર્ષમાં ઉતર્યા. તેઓ માર્ક્સની વિચારસરણીથી આકર્ષાઈ રાજકારણના માર્ગે વળ્યા. જોકે રાજકીય કાર્યક્રમો સાથે આ પરાવાસ્તવવાદીઓનો વધુ મેળ ન જામવાથી તેમની વચ્ચે મતભેદોની શરૂઆત થઈ. આ વિચારધારાનો મુખ્ય સ્તંભ એવા બ્રેંતોએ તેને ટકાવી રાખવાના અનેક પ્રયાસો કર્યા. અને એ રીતે દુનિયાના ઘણાબધાં સર્જકોને પ્રેરિત કરવામાં તેઓ સફળ રહ્યા.

'પાશ્ચાત્ય સાહિત્યમાં પરાવાસ્તવવાદી કવિતાની વિભાવના' નામના લેખમાં આન્દ્રે બ્રેંતો અને ફ્રોઈડના કાવ્યસર્જન વિષયક અભિપ્રાયોની વિગતે છણાવટ કરવામાં આવી છે. ફ્રોઈડ બાહ્યજગત અને સ્વપ્નજગત વચ્ચે ભેદરેખા આંકે છે જ્યારે પરાવાસ્તવવાદીઓના મતે આવી ભેદરેખાનું કોઈ મહત્વ નથી. તેમને મન જાગૃત અવસ્થામાં થયેલા અનુભવની સ્વપ્ન પર અસર દર્શાવવા કરતાં, સ્વપ્નાવસ્થામાં થયેલા અનુભવની જાગૃત અવસ્થા પર અસર દર્શાવવી એવો મત

ધરાવતા. અહીં ફ્રોઈડના વિચારોથી પરાવાસ્તવવાદીઓના વિચારો અલગ પડતાં હતાં. પરાવાસ્તવવાદીઓએ અમૂર્ત અને મૂર્ત એ વાસ્તવિકતાનાં બંને સ્વરૂપોને સ્વપ્નિલ જાગૃતિના અનુભવ દ્વારા પામવાનો પ્રયાસ આદર્યો. પરાવાસ્તવવાદીઓએ વિકસાવેલી મૌલિક કાવ્ય વિભાવના માટે ભાષાને આગવી રીતે પ્રયોજી રસપ્રદ પ્રયોગો કર્યા.

'પરાવાસ્તવવાદમાં અભિવ્યક્તિની લાક્ષણિકતા' લેખમાં પરાવાસ્તવવાદી કવિઓની શબ્દ પ્રત્યેની જાગૃતતા અને સંવેદનશીલતાની વાત કરી છે. કાવ્યમાં કલ્પનનો પ્રયોગ તેમના કાવ્યોમાં લાક્ષણિક રીતે થવા લાગ્યો, અને એ રીતે પરાવાસ્તવવાદી કવિઓ ભાષાની તાકાતના આધારે વૈવિધ્યપૂર્ણ અને ધ્યાનાકર્ષક કાવ્યસર્જન કરવા લાગ્યા. અહીં સર્‌રિયલ કાવ્યોમાંના વિશિષ્ટ તત્ત્વો અને વિશિષ્ટ અભિવ્યક્તિ તરીકે 'પ્રણયભાવ' અને 'હાસ્ય'ની ચર્ચા કરી છે. આ બંને તત્ત્વોથી સર્‌રિયલ સર્જન ઉત્સાહ અને પ્રસન્નતાથી ભરેલું અનુભવાય છે.

કવિતાની જેમ ચિત્રોમાં પણ પરાવાસ્તવવાદનો પ્રભાવ દેખાય છે એ અંગે વિવેચક હિમાંશી શેલતે 'પરાવાસ્તવવાદી ચિત્રકલા' નામના લેખમાં ચર્ચા કરી છે. જે રીતે ચિત્તમાં અનાયાસે પ્રવેશતા વિચારો, વસ્તુઓ કે સંવેદનોને જેવી રીતે સર્‌રિયલ કાવ્યમાં સ્થાન મળ્યું, તેમ વિવિધ પદાર્થો અને દશ્યોને આ સર્‌રિયલચિત્રમાં સ્થાન મળે છે. ટૂંકમાં, કાવ્યની જેમ ચિત્રકળાક્ષેત્રે પણ આ સમયે અવનવાં પ્રયોગો થયાં. વળી આ ચિત્રકારો કોઈ એક દેશમાં સ્થિર થવાને બદલે દેશ - વિદેશમાં ફરતાં રહ્યાં પરિણામે ચિત્રકલામાં પરાવાસ્તવવાદનો પ્રભાવ લાંબા સમય સુધી અનુભવાય છે.

'ગુજરાતી સાહિત્યમાં પરાવાસ્તવવાદ' નામના લેખમાં હિમાંશી શેલતે ગુજરાતી સાહિત્ય પર પરાવાસ્તવવાદની અને અન્ય વાદોની પડેલી અસરની ચર્ચા કરી છે. આપણું ગુજરાતી સાહિત્ય પાશ્ચાત્ય સાહિત્યના સંપર્કમાં આવ્યા પછી ત્યાંની કવિતામાં જોવા મળતા અભિવ્યક્તિના નવતર પ્રયોગોથી આકર્ષાય છે. પરિણામે ત્યાંના સાહિત્યની અસર આપણા સાહિત્ય પર જોવા મળે છે. અલબત્ આ અસર આપણે ત્યાં ઘણી મોડી જોવા મળી. આપણે ત્યાં ગુજરાતી કવિતાક્ષેત્રે 'પરાવાસ્તવવાદ' સંજ્ઞાનો પરિચય સૌ પ્રથમ સિતાંશુ યશશ્ચંદ્રના કાવ્યો દ્વારા થયો. તો રાવજી પટેલ અને લાભશંકર ઠાકરના કાવ્યોમાં પણ આપણને થોડેઘણે અંશે પરાવાસ્તવના લક્ષણો દેખા દે છે. વિવેચક હિમાંશી શેલત આ મુદ્દા અંતર્ગત આપણા ગદ્ય સાહિત્યમાં પણ પરાવાસ્તવવાદના લક્ષણોનો તાગ મેળવે છે. આપણે ત્યાં કિશોર જાદવની વાર્તાઓ સંકુલ કલ્પનશ્રેણીના કારણે ધ્યાન

ખેંચે છે. તેવી જ રીતે સત્યજિત શર્માની કેટલીક વાર્તાઓ પણ સરૂરિયલ કહેવાય તેવી છે તેની ઉદાહરણ સમેત અહીં ચર્ચા કરી છે.

આમ વિવેચક હિમાંશી શેલતે આ પુસ્તકમાં દાદાવાદ અને પરાવાસ્તવવાદની ખૂબ જ ઊંડાણપૂર્વક ચર્ચા કરી છે. તો આ પરાવાસ્તવવાદનો આપણા ગુજરાતી સાહિત્યે કેવો પ્રભાવ ઝીલ્યો છે તેનો પણ વિગતે પરિચય આપ્યો છે. કુલ ૭૮ પૃષ્ઠના આ પુસ્તકને અંતે હિમાંશી શેલતે પરિશિષ્ટ અંતર્ગત દાદાવાદ અને પરાવાસ્તવવાદના કેટલાક પ્રમુખ સર્જકોનો વિગતે પરિચય આપ્યો છે જે સાહિત્યના અભ્યાસીઓ માટે ખૂબ જ ઉપયોગી થઈ શકે તેમ છે. હિમાંશી શેલતના અંગ્રેજી ભાષા અને સાહિત્યના ઊંડા અભ્યાસી હોવાનો લાભ અંતે તો ગુજરાતી સાહિત્યને જ થતો અહીં આપણે જોઈ શકીએ છીએ.

### ૫.૩.૨. 'ગુજરાતી કથાસાહિત્યમાં નારીચેતના (૧૯૭૫-૧૯૯૯)'

'ગુજરાતી કથાસાહિત્યમાં નારીચેતના' એ હિમાંશી શેલતે 'સ્ત્રી અભ્યાસશ્રેણી' અંતર્ગત લખેલું સ્ત્રીઅભ્યાસ વિષયક વિવેચન પુસ્તક છે. ડૉ.નીરા દેસાઈ અને ડૉ.ઉષા ઠક્કર દ્વારા સંપાદિત આ પુસ્તક ૨૦૦૦માં પ્રકાશિત થયું હતું. અહીં 'ગુજરાતી કથાસાહિત્યમાં નારીચેતના (૧૯૭૫-૧૯૯૯)', 'સમાજ - પરિવર્તન અને નારીચેતના', 'નવલકથામાં નારીચેતના' તેમજ 'નવલિકામાં નારીચેતના' જેવા વિષયોને કેન્દ્રમાં રાખીને હિમાંશી શેલતે આ વિવેચનાત્મક અભ્યાસ પ્રસ્તુત કર્યો છે.

'ગુજરાતી કથાસાહિત્યમાં નારીચેતના (૧૯૭૫-૧૯૯૯)' નામના પ્રથમ પ્રકરણ અંતર્ગત હિમાંશી શેલતે ગુજરાતી કથાસાહિત્યમાં પ્રગટતા નારીચેતનાના પ્રતિબિંબ વિશે વિગતે ચર્ચા કરી છે. અહીં સૌપ્રથમ એમણે 'નારીવાદ'ની સંજ્ઞા તેમજ સાહિત્યમાં નારીવાદી અભિગમની વિષદ ચર્ચા કરી છે. લૈંગિગ ભેદને આધારે સમાજમાં સ્ત્રીઓને અપાતો ઉતરતો દરજ્જો અને તેમને થતા અન્યાય સામે અવાજ ઉઠાવવા માટે સ્ત્રીઓને જાગૃત કરતી આ વિચારધારાના મૂળ યુરોપમાં જોવા મળે છે. યુરોપમાં સ્ત્રીઓએ પોતાનો મતાધિકાર મેળવવા માટે જે આંદોલન કર્યું હતું ત્યારથી આ વિચારધારાનો પ્રચાર-પ્રસાર થયો. સાહિત્યમાં આ વિચારધારા ૧૯૬૦ પછી મજબૂત સ્થિતિમાં આવે છે. જોકે, 'The Second Sex' નામના પુસ્તક દ્વારા ફ્રેન્ચ વિચારક સિમોં-દ-બુવ્વાએ સમાજમાં લૈંગિગભેદને આધારે સ્ત્રી સાથે કરાતાં ભેદભાવ વિશે ૧૯૪૯માં પોતાના વિચારો રજૂ કર્યા હતા.

સ્ત્રી ઉતરતી કક્ષાની અને ઓછી બુદ્ધિ ધરાવતી હોવાના રૂઢ ખ્યાલને પડકારવા વિશ્વભરમાં વિરોધનો સૂર ઉઠયો, જેમાં લેખિકાઓની સાથે લેખકો પણ જોડાયા. એ રીતે પુરુષોની આવી રૂઢ માનસિકતા અને તેમના લાક્ષણિક અભિગમને ખુલ્લા પાડવાનું કામ સાહિત્યકૃતિઓ દ્વારા આરંભાયું. આગળ હિમાંશી શેલત નારીવાદી સાહિત્ય સંદર્ભે વપરાતી અને સ્ત્રીના ભાવવિશ્વ સાથે સંકળાયેલી 'નારીચેતના' અને 'નારીસંવેદના' એ બંને સંજ્ઞાઓ વિશે ચર્ચા કરે છે. તેમનાં મતાનુસાર નારીસંવેદનામાં સ્ત્રીઓ જે અનુભવી શકે એવી તમામ ઊર્મિઓનો સમાવેશ થાય છે. જ્યારે 'નારીચેતના'એ સ્ત્રીની જીવનશક્તિ અને સમજશક્તિ તથા પોતાની હયાતી અંગે સભાનતા તેમજ જાગૃતિનું સૂચન કરે છે. તેઓ એ પણ નોંધે છે કે, નારીચેતનાનું સુરેખ પ્રતિબિંબ આપણે ત્યાં કથાસાહિત્યમાં જે રીતે જોવા મળે છે તેવું અન્ય સાહિત્યસ્વરૂપોમાં જોવા મળતું નથી. ટૂંકમાં, કથાસાહિત્ય નારીચેતનાની અભિવ્યક્તિ માટે સશક્ત માધ્યમ છે.

સમાજનું જે પ્રતિબિંબ સાહિત્ય પર પડે છે અથવા કહો કે સાહિત્ય સમાજનું જે પ્રતિબિંબ ઝીલે છે તે મહત્વનું છે. હિમાંશી શેલત અહીં કથાસાહિત્યનું દસ્તાવેજી મૂલ્ય સ્વીકારતાં ગોવર્ધનરામ અને કનૈયાલાલ મુનશીના કથાસર્જનનું ઉદાહરણ આપે છે. તો સાથે સાથે ગાંધીજીના રાષ્ટ્રવાદી આંદોલનો, માર્ક્સવાદી ચળવળો તેમજ દલિત અને નારીવાદી વિચારધારાના વિશિષ્ટ અભિગમોની સ્પષ્ટ છવી સાહિત્ય પર પડેલી જોઈ શકાય છે તે વિશે વાત કરે છે. આ પ્રકરણના અંતે હિમાંશી શેલત એક સ્પષ્ટતા કરે છે કે આ પ્રકરણમાં મુકેલી સામગ્રીને સાહિત્યિક ગુણવત્તાના માપદંડને આધારે જોવાની નથી. આવી સ્પષ્ટતા એક વિવેચકની વિવેચન પ્રત્યેની નિષ્ઠા દર્શાવે છે.

'સમાજ-પરિવર્તન અને નારીચેતના' નામના બીજા પ્રકરણમાં નારીજાગૃતિના પરિણામે સમાજમાં આવતાં પરિવર્તન વિશે વિગતે ચર્ચા કરી છે. સમાજમાં સ્ત્રી કેળવણીને પરિણામે તેમને નોકરી-વ્યવસાય કરવાનું શક્ય બન્યું. સ્ત્રી પોતાના પગ પર ઊભી રહેતી થઈ અને પતિની આવકમાં પણ વધારો થયો. સમાજમાં આવેલા આ પ્રકારના ફેરફારને લીધે તેને આદરભર્યું સ્થાન મળવા લાગ્યું અને સ્ત્રી પણ પુરુષો સાથે ખભેખભા મેળવીને કામ કરવા લાગી. હવે તેનું સ્થાન ઘરના ચૂલા પૂરતું મર્યાદિત રહેવાને બદલે એવા દરેક સ્થળે એ જોવા મળે છે જ્યાં વર્ષોથી માત્ર પુરુષોએ જ કબજો જમાવી રાખ્યો હતો. હિમાંશી શેલત 'સરસ્વતીચંદ્ર' અને 'સાત પગલા આકાશમાં' જેવી કૃતિઓમાં નારીસમાજનું જે ચિત્ર આલેખાયું હતું તેની અહીં નોંધ લે છે. તે સમયે પુનર્લગ્નની વાત હોય કે વિધવા સ્ત્રીનું કપાળે ચાંદલો ધરાવવો કે સફેદ કપડાં પહેરી શણગાર

છોડવા જેવી વાહિયાત વાત હોય - સમાજની આ રૂઢિઓમાં કોઈ પરિવર્તન દેખાયું નહોતું. જોકે, જુદાં-જુદાં સમાજમાંથી આવતી અને મુખ્યત્વે મધ્યમવર્ગનું પ્રતિનિધિત્વ કરતી નારી જે રીતે યંત્રવત્ જીવન ખેંચી રહી છે તેનું પ્રતિબિંબ વાર્તા-નવલકથામાં નિરૂપાયું છે ખરું, પરંતુ તળપ્રદેશના નારીપાત્રોની સમસ્યા અને તેમની કઠિનાઈ આપણાં સાહિત્યમાં હજું જોઈએ તે રીતે નિરૂપાયાં નથી. એ તરફ વિવેચક આપણું ધ્યાન કેન્દ્રિત કરે છે.

આ ઉપરાંત સ્ત્રીઓ પર આચરવામાં આવતાં અત્યાચારો, તેને થતાં અન્યાય, ઘર અને નોકરી વચ્ચે ઝઝુમતી નારીની વિટંબણા આપણા કથાસાહિત્યમાં ઘણી જગ્યાએ નિરૂપાઈ છે. આમ, નારીનાં જુદાં-જુદાં રૂપોમાં આલેખન બાબતે આજનો સર્જક સભાન બન્યો છે. એ વિશે અહીં વિગતે વાત કરી છે.

‘નવલકથામાં નારીચેતના’ નામના ત્રીજા પ્રકરણમાં ગુજરાતી નવલકથામાં પ્રગટતી નારીચેતના વિશે વિગતે ચર્ચા કરી છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણી ગુજરાતી નવલકથાઓમાં નિરૂપાયેલ નારીપાત્રો વિશે ચર્ચા કરી છે. ર. વ. દેસાઈ, કનૈયાલાલ મુનશી અને ઝવેરચંદ મેઘાણીની નવલકથાઓની તેજસ્વી નાયિકાઓના આલેખનમાં સર્જકતાનો ધ્યાનાર્હ પરિચય મળે છે, છતાં જે તે સર્જકનો પ્રભાવ આ પાત્રો જોવા મળે છે એ વિશે વાત કરી છે. હિમાંશી શેલત આ પ્રકરણમાં કેટલીક નવલકથાઓમાં આલેખાયેલ ઓજસ્વી પાત્રો વિશે ચર્ચા કરે છે જેમાં રઘુવીર ચૌધરીની ‘અમૃતા’, ધીરૂબહેન પટેલની ‘શીમળાના ફૂલ’ની અનુક્રમે અમૃતા અને રન્નાના નારીપાત્રો વિશે વિગતે વાત કરી છે. અહીં અમૃતાને બુદ્ધિમતી અને પોતાની પસંદગી કરી શકતી સક્ષમ યુવતી તરીકે તો રન્ના જેવી એક આત્મસંપ્રજ્ઞ નારીની વહેવારજગત અને વાસ્તવિકતામાં કેવી સ્થિતિ હોઈ શકે એ દર્શાવાયું છે. તો ‘કાદંબરીની મા’માં મુખ્ય બે સ્ત્રીઓ વચ્ચેના લાગણીસભર અને મનભાવન સંબંધનું ચિત્ર તો, ‘એક ડાળ મીઠી’માં સાસરપક્ષ તરફથી લેવાયેલા પૈઠણને પાછું વાળવાનો નિર્ણય લેતી સવિતાનું પાત્ર આલેખાયું છે તે વિશે વાત કરી છે. તો નારીજીવનની આકાંક્ષાઓ અને વ્યથાઓનો પડઘો પાડતી ઈલા આરબ મહેતાની ‘બત્રીસ પૂતળીની વેદના’ અને કુન્દનિકા કાપડિઆની ‘સાત પગલાં આકાશમાં’માં નિરૂપાયેલ નારીની છબિ વિશે ચર્ચા કરી છે. આ ઉપરાંત વર્ષા અડાલજાની ‘ખરી પડેલો ટહુકો’, ‘માટીનું ઘર’, ‘મીરાં યાજ્ઞિકની ડાયરી’ અને ભગવતીકુમાર શર્માની ‘સમયદ્વીપ’માં અનુક્રમે માતૃત્વની સાથે સંકળાયેલી વિવિધ સમસ્યાઓને ઉજાગર કરતી, સહજીવનની અનેક આશાઓ લઈને નવા ઘરમાં પ્રવેશતી નારીને પડતી

યાતનાઓનો ચિતાર આપતી, નાયિકાના સજાતીયરાગ તેમજ ચુસ્ત ધાર્મિકતાનો નાયિકા દ્વારા કરાતો વિરોધ જેવા વિષયોને કેન્દ્રમાં રાખી લખાયેલી નવલકથાઓમાં નિરૂપાયેલ નારીચેતના અંગે ચર્ચા કરી છે.

'અસૂર્યલોક' કે 'સાત પગલા આકાશમાં' જેવી નવલકથાઓમાં આવતી નાયિકાઓ સાહસભર્યા નિર્ણયો લેતી તો થઈ છે, પરંતુ હજી તેમના આ નિર્ણયો અંગત સંબંધોની મર્યાદામાં રહ્યા છે. ધ્રુવ ભટ્ટની 'સમુદ્રાન્તિકે'ની પ્રાણવાન નાયિકા અવલલક્ષ્મી, 'તત્ત્વમસિ'ની સુપર્ણા, દર્શકની 'કુરુક્ષેત્ર'ની સુવર્ણા, ચિંતામણિ અને ગાંધારી, રઘુવીર ચૌધરીની 'સોમતીર્થ'ની ચૌલા જેવાં નારીપાત્રોમાં નારીચેતનાનો આપણને પરિચય થાય તે વિશે વિગતે વાત કરે છે. આ ઉપરાંત રવીન્દ્ર પારેખની બળાત્કારની ઘટનાને આલેખતી 'અતિક્રમ', માતૃત્વના વિષયને આલેખતી 'જળદુર્ગ' તેમજ સ્ત્રીના ગૃહકાર્યના બોજને કંઈક હળવાશથી નિરૂપતી 'લટહુકમ' જેવી નવલકથાઓમાં સાંપ્રત સમાજની સમસ્યાઓને વિશિષ્ટ રીતે રજૂ કરતી નવલકથાઓ વિશે પણ નોંધ કરી છે.

પ્રકરણના અંતે ડૉ. અંજના દેસાઈનો લેખ 'ગુજરાતી નવલકથામાં આધુનિક નારીનું નિરૂપણ'માં પૂછાયેલાં પ્રશ્નો વિશે પણ વિવેચક વિગતે છણાવટ કરે છે. તો સાથે સાથે ટી.વી. જેવા માધ્યમોમાં નિરૂપાતાં નારીપાત્રોની સીધી કે આડકતરી અસર આપણા સાહિત્ય પર પણ પડતી હોય છે તે તરફ આપણું ધ્યાન દોર્યું છે.

'નવલિકામાં નારીચેતના' નામના ચોથા પ્રકરણમાં ગુજરાતી નવલિકાઓમાં પ્રગટતું નારીજીવન, તેના તીવ્રતમ અનુભવો અને ચિત્તની ભિન્ન-ભિન્ન અવસ્થાઓ સાથે સંકળાયેલી વેરવિખેર ક્ષણો વિશે સરળ ભાષામાં પોતાના વિચારો અભિવ્યક્ત કર્યા છે. આપણે ત્યાં નવલિકાના આરંભથી જ નાયિકાકેન્દ્રી વાર્તાઓનું ખેડાણ થતું આવ્યું છે, જેમાં સ્ત્રીનું મનોજગત પ્રતિબિંબિત થયેલું જોવા મળે છે. શરૂઆતની વાર્તાઓમાં સ્ત્રીઓને વેઠવી પડતી યાતનાઓ, તેમને થતા અન્યાયો તથા એમની કરમાઈ ગયેલી અપેક્ષાઓનું હૃદયવિદારક નિરૂપણ જ થતું પરંતુ ત્યારબાદ ૧૯૭૦-૭૫ના ગાળામાં નારીવાદી વિચારધારા સાહિત્યક્ષેત્રે પ્રસરે છે તેની વાત કરી છે. વિવેચકે આ પ્રકરણમાં ૧૯૭૫ પછીની ટૂંકી વાર્તામાં સ્ત્રીઓમાં પોતાના દરજ્જા બાબતે આવેલી સભાનતા વિશે વિગતે ચર્ચા કરી છે. એમણે ધીરૂબહેન પટેલની સ્ત્રીશોષણને કેન્દ્રમાં રાખી લખાયેલી 'વિશ્રંભકથા' અને બે બહેનોના સ્નેહની વાત માંડતી 'મનસ્વિની' વાર્તામાં નિરૂપાયેલ

નાયિકાઓના જીવન પ્રત્યેની ઘર-સમાજની ઉદાસીનતાને લઈ વિગતે ચર્ચા કરી છે. તો કુન્દનિકા કાપડિઆની 'ન્યાય', 'તો ?', સરોજ પાઠકની 'સારિકા પિંજરસ્થા', ઈલા આરબ મહેતાની 'વિસ્તાર', વર્ષા અડાલજાની 'શીરો', ભારતી દલાલની 'એક નામે સુજાતા', વસુબહેન ભટ્ટની દિવસે 'તારા રાતે વાદળ' તેમજ રમેશ ર. દવેની 'શબવત્' વાર્તાઓમાં સ્ત્રીઓને વેઠવી પડતી યાતના, તેમનાં જીવનની કરુણા અને દયાજનક પરિસ્થિતિનું જે આલેખન થયું છે તેને આધારે નવલિકામાં નિરૂપાયેલ નારીચેતના જેવા મુદ્દા પર હિમાંશી શેલતે વિગતે વાત કરી છે.

સમાજમાં સ્ત્રીના થતાં માનસિક કે શારીરિક શોષણને, તૂટતા ઘરસંસારને બચાવવા જાત ઘસી કાઢતી સ્ત્રીઓની અવદશાને, પુરુષની ઉપેક્ષાનો બોજ વેંઢારતી સ્ત્રીઓને તેમજ દેહવ્યાપારમાં જોડાયેલી સ્ત્રીઓની વાસ્તવિકતાને કેન્દ્રમાં રાખી અસંખ્ય વાર્તાઓ લખાઈ છે. આવી વાર્તાઓમાં આલેખાયેલ નારીચેતનાને કેન્દ્રમાં રાખી વિવેચક હિમાંશી શેલતે વિગતે ચર્ચા કરી છે.

અંતે એ અવશ્ય નોંધવું રહ્યું કે 'સ્ત્રી અભ્યાસશ્રેણી' અંતર્ગત લખાયેલ આ વિવેચન પુસ્તકમાં હિમાંશી શેલતે અઘરી અને ભારરૂપ ભાષા પ્રયોજવાને બદલે સરળ ભાષામાં, નવલકથા અને નવલિકા જેવા ગદ્ય સ્વરૂપોમાં આલેખાયેલ, નારીચેતનાની ઉદાહરણ સમેત આપણી સમક્ષ ચર્ચા કરી છે. હિમાંશી શેલતના આ પુસ્તકમાં આપણને એમની વિવેચક તરીકેની વિદ્વત્તાના દર્શન થાય છે.

### ૫.૩.૩. 'સલામત બાળપણની શોધમાં' (૨૦૧૦)

૨૦૧૦માં પ્રકાશિત 'સલામત બાળપણની શોધમાં' એ હિમાંશી શેલત દ્વારા લિખિત અભ્યાસ પુસ્તિકા છે. જેમાં લેખિકાએ એમની આસપાસ જોયેલ કરમાયેલાં, દબાયેલાં અને ઉદાસ એવાં તમામ બાળકો કે જે વેરની, દ્વેષની, સ્વાર્થની, હિંસાની, વાસનાની અને લાલચની આગમાં હોમાતાં રહ્યાં છે એવાં બાળકોને સલામત અને ખુશહાલ બાળપણ આપવાની વાત કરી છે. બાળકોની માંગણીઓ, તેમનાં અધિકારો, તેમની જરૂરિયાતો, તેમની સલામતી પ્રત્યે ગરીબવર્ગ જ નહીં પણ મધ્યમ અને અમીરવર્ગ તરફથી પણ કરાતી ઉપેક્ષા તરફ આંગળી ચીંધી બાળકોને માબાપની પ્રત્યક્ષ હાજરીની, એમની સાથેના સંવાદની અને સમજ ભરેલા વ્યવહાર તેમજ હૂંફ ભરેલા માર્ગદર્શન સાથેની શારીરિક અને માનસિક સલામતી સાથે મજબૂત બનાવી વિકસાવવાની વાત પર ભાર મૂકે છે. અહીં લેખિકાએ સફળતા-નિષ્ફળતાના માપદંડો વિનાના સમતોલ અને સ્વતંત્ર વિકાસના ઉત્તેજનની પદ્ધતિઓ વિશે, નિષ્ફળતા પચાવવાની તાલીમ વિશે, વર્તમાનપત્રો

અને જાહેરખબરોની નકારાત્મક અસરો વિશે, માનસિક સુરક્ષા વિશેની વાતો પર ભાર આપી સલામત બાળપણ કેવી રીતે આપી શકાય તે તરફ દિશા નિર્દેશ કર્યો છે.

આ પુસ્તકમાં થયેલ ચર્ચા વિશે કિશોર વ્યાસ નોંધે છે, " અહીં શ્રમજીવી કુટુંબોમાં, બાળમજૂરીમાં અને આપણા પ્રાથમિક શિક્ષણમાં પીસાતાં બાળકોની હૃદયસ્પર્શી વાતો ચીંધી છે અને આ હૃદયવિદારક સ્થિતિને પલટી નાખવા સહિયારો પુરુષાર્થ કરવા સૂચવાયું છે. અહીં આંકડાઓની માયાજાળ નથી, બાળકલ્યાણની સરકારી યોજનાઓના ફેક્ટ્સ નથી તેમ ફરિયાદોના ઢગલા કે ચમકદાર નુસખાઓ નથી. બાળકના પરમહંસ સ્વરૂપ માટે હૃદયમાંથી જે નીકળ્યું એનો આ પ્રતીતિકર આલેખ છે."[૨૧]

બાળકોને સલામત કેવી રીતે રાખી શકાય અને તેમને ખુશહાલ બાળપણ કેવી રીતે આપી શકાય તેની શોધરૂપ આ પુસ્તકમાં મા-બાપ, શિક્ષકો અને સમાજના અગ્રણીઓ માટે વિચારવા જેવા કેટલાક મુદ્દાઓ પર ચર્ચા કરી છે. લેખિકા સ્પષ્ટ કહે છે કે આપણા દેશમાં બાળકોને સૌથી ઓછું મહત્વ આપવામાં આવી રહ્યું છે. એમની સલામતી તેમજ તેમની જરૂરિયાત પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવી રહ્યું છે. આવું ફક્ત શ્રમજીવી જ નહિ પરંતુ સંપન્ન પરિવારોના બાળકોમાં પણ જોવા મળે છે. મા અને બાપ બંને નોકરી કે વ્યવસાય કરતાં હોવાથી તે બાળકોને સમય આપી શકતાં નથી, તેઓ બાળકોને નોકરચાકરના હવાલે કરી દેતાં હોય છે. ટી.વી., ઇન્ટરનેટ જેવી સુવિધા આપીને મુક્ત થઈ જતાં મા-બાપે પણ વિચારવાનું રહે છે કે બાળકને ફક્ત ભૌતિક સુખ-સુવિધાઓથી જ નહિ પરંતુ તેમની પ્રત્યક્ષ હાજરીની, એમની સાથેના સંવાદની, એમના સમજ ભરેલા વ્યવહારની તેમજ હૂંફ ભરેલા માર્ગદર્શનની પણ જરૂર હોય છે. લેખિકા સમાજમાં વ્યાપેલ ગંભીર સમસ્યા તરફ આપણું ધ્યાન દોરતા જણાવે છે કે કેટલાંક મા-બાપ પોતાના બાળકોને રીઢા મૂકી દે છે, પરિણામે યોગ્ય તાલીમ ન મળવાથી ભણતરમાં મળેલ નિષ્ફળતાને કારણે આત્મહત્યા કરતા હોય છે. આ સમયે બાળકોમાં આત્મવિશ્વાસ પ્રેરનારાં, હિંમત બંધાવનારાં કેટલાં માતા-પિતા હશે ? - એવો પ્રશ્ન લેખિકા કરે છે. લેખિકા નોંધે છે કે, આપણાં દબાણો અને આગ્રહો બાળકની સ્વતંત્રતા પર સીધી તરાપ મારે છે, અને એ કારણે એ ડઘાયેલું, દબાયેલું, ભયભીત રહે છે કાંતો એ માથાભારે, ઉદ્ધત કે વિદ્રોહી બની જાય છે ત્યારે એનો તંદુરસ્ત વિકાસ થતો નથી.

માતા-પિતા અને વડીલોની નજરમાં સલામત બાળપણ એટલે બાળકોને સરસ ખાવાપિવાનું આપવું, સરસ કપડા પૂરાં પાડવા, માંદગીમાં દવા કરાવવી, રહેવા માટે સરસ મકાન કે ભણવા માટે

શાળામાં જવાની વ્યવસ્થા કરવી. પણ લેખિકા જણાંવે છે કે, સલામત બાળપણ એટલે બાળકોને હંમેશા પ્રફુલ્લિત રાખવા, ધમકી આપી કામ કઢાવવાને બદલે સલામતીનું કવચ પૂરૂં પાડવું, આખી દુનિયા સામે પડી હોય ત્યારે પોતાના બાળકની પડખે રહેવું તે છે. બાળકોના કુમળા મન પર પડતી અન્ય અસરો વિશે ચર્ચા કરતા લેખિકા કહે છે કે ટી.વી., કમ્પ્યુટર, મોબાઈલ જેવાં માહિતી વિસ્ફોટના અનેક સાધનોથી પરિચિત બાળકોના કુમળા મન પર બેહિસાબ ગંદકી ઠલવાતી રહે છે. વળી ખૂન, અપહરણ, બળાત્કાર અને જાતીય સતામણીની સાચી-ખોટી વિગતોથી તેઓ પ્રભાવિત થતા રહે છે. લેખિકા ઉપરના દરેક મુદ્દાની ચર્ચા પોતાને અભાવગ્રસ્ત બાળકો સાથેના કામ દરમિયાન થયેલાં અનુભવોને આધારે ઉદાહરણ સમેત કરે છે. લેખિકા કબૂલ કરે છે કે, ટી.વી., મોબાઈલ જેવાં અત્યાધુનિક સાધનો દ્વારા ઠલવાતી ગંદગીથી બાળકોને સુરક્ષિત રાખવાનું હવે અશક્ય બન્યું છે. આવા સમયે સલામત બાળપણને તેઓ હાલની એક અનિવાર્ય જરૂરિયાત ગણે છે. જીવનની શરૂઆતથી જ કચરાપેટી જેવાં બની ગયેલાં હ્રદય અને બુદ્ધિથી તેઓ સમાજને ઉન્નતિના શિખરે નહિ લઈ જઈ શકે એમ તેઓ સ્પષ્ટ માને છે.

બાળકોની માનસિક સલામતીને મહત્ત્વનો મુદ્દો ગણાવતાં લેખિકા પ્રશ્ન કરે છે કે, બાળકોની માનસિક સલામતી જોખમાય નહિ એવો સમાજ આપણે કેમ નથી ઘડી શકતાં ? શાળાબસ નીચે કચડાતાં બાળકો અને ગર્ભવતી સ્ત્રીઓના ઉદાહરણ આપી કહે છે કે આપણો સમાજ હજી પણ જીવનનો આદર કરતા નથી શીખ્યો. જો બાળકોને શારીરિક સલામતી નથી પ્રદાન કરી શકતાં તો માનસિક સલામતી વિશે શું અપેક્ષા રાખવી ? એ એમનો યક્ષ પ્રશ્ન છે. લેખિકા અંગ્રેજી ભાષાના વિખ્યાત નવલકથાકાર ચાર્લ્સ ડીકન્સના કથા સાહિત્યનો એક મુદ્દો અહીં બાળકની સલામતી સંદર્ભે નોંધે છે કે, "સલામતી વિનાનું બાળપણ વ્યક્તિત્વના અનેક પ્રશ્નો ખડા કરે છે અને એની કાયમી અસર એના મન પર રહી જવા પામે છે." (પૃ.૧૬) લેખિકાએ અહીં તાણગ્રસ્ત જીવનશૈલીને અપનાવીને જીવતા પરિવારો વિશે પણ ચર્ચા કરી છે. દરેક મનુષ્યને સગવડભર્યા અને સુખભર્યા જીવન જીવવાની તેમજ જોઈતું બધું જ મેળવવાની કે ઊંચે સ્થાને પહોંચવાની મહત્ત્વાકાંક્ષા હોય એ સમજી શકાય તેવી બાબત છે. પરંતુ, તે માટે તાણગ્રસ્ત જીવન જીવવું અને કુદરતનું સૌંદર્ય, કલાસર્જન, સામાજિક પ્રવૃત્તિઓ, સંબંધોની મધુરતા જેવી પ્રવૃત્તિઓથી દૂર રહેવું યોગ્ય નથી, તેને કારણે વ્યક્તિનું જીવન કંગાળ બને છે તે વિશે ચાર્ચા કરે છે. તો, ટેલિવિઝન પર દર્શાવાતી બાળકોની નૃત્ય અને સંગીતની સ્પર્ધાઓ વિશે પણ લેખિકા નારાજગી વ્યક્ત કરે છે. કોઈપણ ભોગે

પોતાનું બાળક જીતે એ માટે બાધાઆખડી રાખતાં, દર્શકો પાસે યાચના કરતાં માબાપ હકીકતે પોતાના બાળકને કેટલું નિર્બળ બનાવતાં હોય છે, તે તરફ ધ્યાન દોરતાં લેખિકા બાળકોને હંમેશા જીતવા માટે તાણ આપવાને બદલે હાર-જીતનું કોઈ મૂલ્ય નથી, ભાગ લેવા માત્રને જ મહત્ત્વ આપવાનું કહે છે. જીવવાની આકરી શરતોથી બંધાયેલું બાળક જીંદગીથી હારી જાય છે અને હતાશાના કારણે આત્મહત્યા કરે છે. આ વરવી વાસ્તવિકતાથી વાકેફ કરતાં લેખિકા આપણને ૨૦૦૪ થી ૨૦૦૬ સુધીના નેશનલ ક્રાઈમ રેકોર્ડના આંકડા આપે છે : આ વર્ષોમાં લગભગ ૧૬૦૦૦ જેટલા બાળકોએ આત્મહત્યા કરી હતી, આવું ન બને તે માટે માબાપે બાળકોને નિષ્ફળતા પચાવવાની તાલીમ આપવી જોઈએ જેથી બાળકોનો ઉછેર સમતોલ અને તંદુરસ્ત બને. આ સંદર્ભે લેખિકા નોંધે છે, “આપણા સમાજને હરીફાઈને મહત્ત્વ આપતી પદ્ધતિઓની ઓછી જરૂર છે, આપણી જરૂર છે સમતોલ અને સ્વતંત્ર વિકાસને ઉત્તેજન આપતી પદ્ધતિઓ, જેમાં સફળતા-નિષ્ફળતાના માપદંડો જ ન હોય. આ પદ્ધતિઓ જ બાળપણને સલામત રાખી શકે.” (પૃ.૨૧)

જુદાં જુદાં મુદ્દાઓ પર ચર્ચા કરતાં લેખિકા બાળકની માનસિક સુરક્ષા વિશે પણ વાત કરે છે. સમૂહમાધ્યમો, છાપાઓ ન ઠાલવવાનું સમાજ-બાળકો પર ઠાલવી રહ્યા છે. તો બીજી બાજુ બાળકો મિત્રો, શાળા કે આસપાસના વાતાવરણમાંથી પણ ન શીખવાનું શીખી રહ્યા છે. તેવામાં તેમની માનસિક સુરક્ષા કાજે મા-બાપે જ બાળકોને સાચા-ખોટાનો ખ્યાલ આપવો જોઈએ. બાળકો પોતાની જાતે સાચા-ખોટા, સારા-નરસાનો ભેદ સમજે તે માટે લેખિકા આ પુસ્તકમાં કેટલાક માર્ગ દેખાડતાં જાય છે. જેમકે ચોરી ન કરીને પ્રામાણિક રહેવાના ગુણ વિશે બાળકોને સમજાવવાના સૂચનો કરે છે.

બાળકોના માનસિક આરોગ્ય માટેના વિકલ્પો સૂચવતાં લેખિકા કહે છે કે, બાળકોને આ વાંચવા જેવું નથી, આ સાંભળવા જેવું નથી એવા સતત નકારમાં રોકવાને બદલે તેમને કુદરતની નજીક રહેવાની, પશુપંખી અને વનસ્પતિને ચાહવાની ટેવ પાડવાની વાત કરે છે. આ પ્રકારની તાલીમથી બાળકના વ્યક્તિત્વમાં ઋજુતા આવે અને પ્રકૃતિના સાન્નિધ્યમાં રહેવાથી તેના પ્રત્યે તેમનામાં કુતૂહલ જન્મે જેથી વનભ્રમણ, પક્ષીદર્શન, ફૂલોની ઓળખ, આકાશનો પરિચય, દેશવિદેશની રહસ્યભરી જાણકારી મેળવતાં થાય જેના પરિણામે તેમનામાં કલ્પનાશીલતા ખીલે. તેઓ બાળકોને ચિત્રો, માટીકામ, રોપાઓનો ઉછેર, પુસ્તકોની જાળવણી, નકામી ચીજોમાંથી કાર્ડ બનાવવાં કે અન્ય નાનીમોટી ચીજો જેવા કાર્યો તરફ વાળવાનું કહે છે, જેથી તેમને ભરપૂર આનંદ પણ મળે અને તેમની સર્જનાત્મક શક્તિ પણ ખીલે. આ સાથે લેખિકા બાળકોના થતાં અપહરણ

અને બળાત્કાર જેવી કરુણ ઘટનાઓથી બચાવવા માટે કેટલાંક સૂચનો કરે છે. તેઓ એ પણ સૂચવે છે કે બાળકોને સતર્ક રહેવાનું વડીલોએ કે પછી શાળામાં શિક્ષકોએ શિખવવું જોઈએ. લેખિકા બાળકોની સલામતી અંગે ખૂબ જ ચિંતિત છે અને એટલે જ કેટલાંક સૂચનો કરતાં કહે છે કે, બાળકો પાસે કાયદા અને નિયમોનું અવશ્ય પાલન કરાવવું જોઈએ. અયોગ્ય માંગણી માટે ક્યારેય નમતું ન જોખવાનું કહે છે. તેમના મતે જો બાળકોને જીવનનું મૂલ્ય શરૂઆતથી જ શીખવવામાં આવે તો આત્મહત્યા જેવી કમનસીબ ઘટના અવશ્ય ટાળી શકાય. તે માટે પહેલા તો વડીલોએ પોતાની જીવનપદ્ધતિને ઘરમૂળથી બદલવી જોઈએ એમ જણાંવે છે. તેઓ નોંધે છે, “બાળકને બાળપણથી વંચિત રાખવું એ પહેલો ગુનો અને એનું બાળપણ બિનસલામત રાખવું એ બીજો અક્ષમ્ય ગુનો.” (પૃ.૩૩)

આ પુસ્તકમાં સ્વસ્થ અને સલામત બાળપણને અગ્રીમતા આપવાની વાતને ભારપૂર્વક જણાવતાં લેખિકા આપણને સૌને સમાજના તમામ બાળકો માટે સલામત, વિકાસશીલ અને પ્રસન્ન બાળપણ આપવાની હાકલ કરે છે. ફક્ત ૩૫ પૃષ્ઠના આ ટચૂકડા પુસ્તકમાં લેખિકાએ અનેક ઉદાહરણો આપતાં જઈ તેમને જે કહેવું છે તેની અસરકારક રીતે રજૂઆત કરી છે. તેમણે આ સમગ્ર ચર્ચાને ભારેખમ ભાષાથી લાદી દેવાને બદલે સહજ અને પ્રવાહી શૈલીમાં આગળ વધારી છે. આ પુસ્તકના શીર્ષક ‘સલામત બાળપણની શોધમાં’ વિશે કિશોર વ્યાસ નોંધે છે, “પુસ્તિકાના શીર્ષકમાં શોધતત્ત્વને સહેતુક મુકવામાં આવ્યું છે. એમાં અહીં ચર્ચાયેલા મુદ્દાઓ ઉપરાંત વિધવિધ દિશાએથી બાળપણને સુરક્ષી, વિકસાવી શકાય એવો સંકેત પડેલો છે. એ ઉપરાંત આ શોધમાં બાળક વિશે કોઈ સલામત રાહ મળી આવે તો એ આપણા થકી મળી આવશે એ રાહ આપણે જ ખોળી કાઢવો રહે છે એવો દિશા નિર્દેશ પણ અહીં છે.”[૨૨]

ગુજરાતી સાહિત્યમાં બાળકોને કેન્દ્રમાં રાખીને લખાયેલી આ પ્રકારની અભ્યાસ પુસ્તિકા કદાચ આ પહેલી હશે! અહીં લેખિકાએ બાળકોને સલામતી કેવી રીતે પ્રદાન કરી શકાય, તેમના બાળપણને કેવી રીતે સુરક્ષિત રાખી શકાય માત્રને માત્ર તેને જ લક્ષ્ય રાખ્યું છે. બાળકો માટેનો હિમાંશી શેલતના આ અભ્યાસને ઘરનાં દરેક વડીલોએ તેમજ સમાજના અગ્રણીઓએ અવશ્ય અભ્યાસ કરવો રહ્યો જેથી બાળકોના બાળપણને સલામત રાખી શકાય.

## ૫.૪. હિમાંશી શેલતનું અનુવાદક્ષેત્રે પ્રદાન

સંપાદન અને વિવેચનની જેમ અનુવાદક્ષેત્રે પણ હિમાંશી શેલતનું મહત્વનું યોગદાન રહેલું છે. અન્ય ભાષાઓમાં લખાયેલ કેટલાંક ઉત્તમ સાહિત્યથી પરિચિત થવાય એ હેતુથી અનુવાદની પ્રવૃત્તિ મહત્ત્વની ગણાય છે. આપણે ત્યાં વિશ્વની જુદી-જુદી ભાષાઓમાં તેમજ કેટલીક ભારતીય ભાષાઓમાં લખાયેલ ઉત્તમ સાહિત્યનો અનુવાદ થયો તેમાં હિમાંશી શેલતનું પણ મહત્વનું પ્રદાન રહેલું છે. હિમાંશી શેલત પોતે અગ્રેજીના અધ્યાપક હોવાને કારણે વિશ્વભરમાં લખાયેલા કેટલાક ઉત્તમ અગ્રેજી પુસ્તકોનો તેમને પરિચય છે. વળી અંગ્રેજી વાંચનનો શોખ તેમજ અંગ્રેજી ભાષા પ્રત્યેની નિકટતાના કારણે એમણે ઘણાં ઉપયોગી કાર્ય કર્યા તેમાનું અનુવાદકાર્ય એક છે. હિમાંશી શેલતે ગુજરાતી ભાષાના નોંધપાત્ર કવિ જયંત પાઠકના કાવ્ય ‘દ્રુતવિલંબિત’નો એજ ‘દ્રુતવિલંબિત’ નામે અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. જ્યારે મહેન્દ્ર દેસાઈ કૃત ‘A Man Labelled Bhupen Khakhar Branded As Painter’નો ‘નોખા મિજાજનો અનોખો ચિત્રકાર’ તેમજ ઈલા ભટ્ટના ‘We are poor, but so many’નો ‘ગરીબ, પણ છૈયે કેટલાં બધાં !’ નામે ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. આ ત્રણેય અનુવાદિત પુસ્તકો વિશે અહીં વિગતે જોઈએ.

### ૫.૪.૧. ‘દ્રુતવિલંબિત’(૨૦૦૩)

૨૦૦૩માં પ્રકાશિત ‘Dhrutavilambita’ એ હિમાંશી શેલતે ગુજરાતી ભાષાના અગ્રણી કવિ જયંત પાઠકના અંતિમ કાવ્યસંગ્રહ ‘દ્રુતવિલંબિત’નો અંગ્રેજીમાં કરેલ અનુવાદ છે. ગુજરાતી સાહિત્યમાં લખાયેલ ઉત્તમ સાહિત્યનો અનુવાદ અંગ્રેજી અને કેટલીક ભારતીય ભાષાઓમાં પણ થવો જોઈએ, એ ન્યાયે હિમાંશી શેલતે અહીં જયંત પાઠકના કાવ્યોનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. મૂળ અંગ્રેજી વાચક - ભાવકને આ અનુસર્જનો તેની સૌંદર્યાનુભૂતિ વડે પ્રફુલ્લિત કરી દે તેવા છે. આ કાવ્યસંગ્રહના શીર્ષકનો અંગ્રેજી અનુવાદ કરવો અશક્ય હોવાથી હિમાંશી શેલતે તેને યથાતથ જાળવી રાખ્યું છે. કુલ ૯૬ પાનાનાં આ પુસ્તકમાં ૮૦ જેટલી અનુવાદિત રચનાઓ સંગ્રહાઈ છે. હિમાંશી શેલતે ગુજરાતીમાંથી અંગ્રેજી ભાષામાં કરેલ અત્યંત વિશ્વસનીય કહી શકાય એવું આ કાર્ય અંગ્રેજી ભાષા-સાહિત્યના રસિકો માટે ખૂબ જ ઉપયોગી થાય તેવું છે. હિમાંશી શેલત દ્વારા અનુવાદિત આ ‘દ્રુતવિલંબિત’ કૃતિ વિશે નીના ભાવનગરી નોંધે છે, “‘દ્રુતવિલંબિત’ના અનુવાદમાં ‘સાહિત્યની સૌરભ વરતાય છે.’ સાથે જ આ અનુવાદ પ્રમાણભૂત અને વિશ્વસનીય છે.

કવિતા - કલાના માણીગર અનુવાદક પ્રત્યેક કાવ્યના ભાવધ્વનિને પકડીને અંગ્રેજીમાં અનુરૂપ, અર્થસાધક પર્યાયપદો કે પદસમૂહોમાં એનું શીર્ષક બાંધે છે અને પછી કવિતાના લયમાં સમગ્ર કાવ્યને મૂકે છે. સંગ્રહની ડૉ. ઓઝાએ લખેલી પ્રસ્તાવના અને જયંત પાઠકના સ્વનિવેદન ના ગદ્યાનુવાદથી માંડીને સંગ્રહના અંતિમ કાવ્ય સુધી સતત આપણને અનુવાદકની ઉત્કટ સંવેદનગ્રાહ્યતા અને લક્ષ્યભાષા પરના એમના પ્રભુત્વની પ્રતીતિ થતી રહે છે."[૨૩]

'સાહિત્ય સંગમ' દ્વારા સ્પોન્સર થયેલી અને અન્ય ભાષામાં અનુવાદો કરવાની યોજના અંતર્ગત હિંદી, મરાઠી અને અંગ્રેજીમાં પણ એકી સાથે પ્રગટ થયેલ શ્રી ચંદ્રકાન્ત બક્ષી કૃત 'સમકાલ' (નવલકથા), શ્રી ભગવતીકુમાર શર્મા કૃત 'સમયદ્વીપ' (નવલકથા), સ્વામી સચ્ચિદાનંદ કૃત 'આપણે અને પશ્ચિમ' (પ્રવાસ), શ્રી લાભશંકર ઠાકર 'મરી જવાની મજા' (નાટિકા), શ્રી વિનોદ ભટ્ટ 'વિનોદમેળો' (હાસ્ય)ની સાથે શ્રી જયંત પાઠક કૃત 'દ્રુતવિલંબિત' (કાવ્ય)નો પણ સમાવેશ થાય છે.

૧૯૨૦માં પંચમહાલ જિલ્લાના રાજગઢ ગામે જન્મેલા શ્રી જયંત પાઠકનું સ્થાન આધુનિક ગુજરાતી સાહિત્યસર્જકોની અગ્ર હરોળમાં છે. વિસ્મય અને અતીતરાગ એ એમની કવિતાનો મધ્યવર્તી ભાવ છે, જે એમના કાવ્યસર્જનને અનોખી લાક્ષણિકતા બક્ષે છે. શૈશવકાળમાં એમના મન પર પડેલી પ્રકૃતિના સૌંદર્યની અમિટ છાપ એમની સર્જકતાનો મૂળ સ્ત્રોત છે. મુગ્ધ અને વિદગ્ધભાવનું અજબ સંમિશ્રણ ધરાવતા આ કવિએ પરંપરાગત અને આધુનિક પ્રયોગવાદી કવિતાઓની સાથે સાથે છંદમુક્ત રચનાઓ પણ વિપુલ પ્રમાણમાં આપી છે. જયંત પાઠક સાચા અર્થમાં સૌંદર્યના ઉપાસક બની રહ્યા છે. 'દ્રુતવિલંબિત' શ્રી જયંત પાઠકનો દસમો કાવ્યસંગ્રહ છે. જેમાં ૧૯૯૬ પછીનાં કાવ્યો સંગ્રહાયા છે.

હિમાંશી શેલત દ્વારા અનુવાદિત મૂળ કાવ્યોનાં આ અંગ્રેજી અનુવાદો અગ્રેજી ભાવકને પ્રસન્નતાથી ભરી દે એવાં થયાં છે. કેટલાંક માણવા ગમે એવાં ઉદાહરણો...

જેમકે, પ્રકૃતિના સૌંદર્યનો ભરપૂર અનુભવ કરાવતા 'પાવાગઢમાં એક વરસાદી અનુભૂતિ' કાવ્યનો અનુવાદ મૂળ કાવ્યપંક્તિઓ સાથે...

"પછી તો પ્હાડોએ નિજ પર ઓઢી જલદો
અને ઢંકાયાં સૌ શિખર, ખીણ, ઉત્તુંગ તરુઓ

તળાવો યે ડૂબ્યાં અતલ તલમાં આવરણના
ભૂંસાઈ ગૈ દ્યાવાપૃથિવી વચમાંની સરહદો !" (પૃ.૭૧)

" The mountains then covered themselves with rainy clouds
all the peaks and the dales and trees now veiled
even the lakes submerged deep under cover
the boundaries between the sky and earth wiped off ! " (Pg.71)

તો 'ભીનું ભીનું' સૉનેટમાં વાતાવરણની ભીનાશનું દશ્ય અને સ્પર્શ્ય કલ્પનનું કવિએ કરેલું આલેખન અનુવાદમાં કેવું સુંદર રીતે ઝીલાયું છે તે જોઈએ…

"ભીનાં ભીનાં ઘન ટપકતાં, વાયરા વાય ભીના,
ભીનાં ભીનાં વન ટપકતાં, ઉત્સરે ભીની ગંધ,
ભીનો ભીનો સૂરજ ટપકે પર્ણથી દીપ્તઅંગ,
ભીના પ્હાડો, ખળખળભીના બેય કાંઠા નદીના. (પૃ.૭૨)

" Rain clouds dripping, wet is the wind,
damp and moist woods trickling, lake has a fragrance moist,
the sodden sun dripping light from the leaves,
moist are the mounts, the banks of the gurgling river moist too. (Pg.72)

'શૂળી ઉપર સેજ' કાવ્યસંગ્રહ પછી જયંત પાઠકની કવિતાઓમાં અતીતરાગિતાને બદલે વેદના અને મૃત્યુ વિશેનું ચિંતન વધારે જોવા મળે છે. તેમના 'વિસર્જન-સર્જન' કાવ્યમાં આલેખાયેલ આવાં તાત્ત્વિક ચિંતન - દર્શનથી ભરેલી કાવ્યપંક્તિઓ અંગ્રેજીમાં પણ કેવી અર્થપૂર્ણ રીતે ઉતરી આવી છે તે જુઓ…

"મળ્યાં પાંચે ભૂતો તણી સરજી અસ્તિત્વઘટના
હવે ધીરેધીરે નિજની રહી પામી વિઘટના;
બધું પૃથ્વીતત્ત્વે, ક્રમશઃ લહું પાછું ભળતું;

અનાદિ તે મૂળે ગહન, સઘળું રૂપ ગળતું.
હવે આકારો સૌ અરૂપવિષયે ઓગળી રહ્યા
બધાં દ્રવ્યો છાંડી નિજ ગુણ, મટોડી અસલ થ્યા." (પૃ.૨૬)

"The event called existence,
merging of the five elements, is disintegrating,
returning to the source.
Into that mysterious eternity all forms melt.
All elements leaving their separateness return to dust" (Pg. 26)

હિમાંશી શેલતે મૂળ કાવ્યના લયને, તેના પ્રાસને અંગ્રેજીમાં ઉતારવાનો શક્ય તેટલો પ્રયાસ કર્યો છે, અને તેને સિદ્ધ કરવામાં તેઓ સફળ પણ થયાં છે. જુઓ 'તમે તમારે -' કાવ્યની આ પંક્તિઓ...

"તમે તમારે લઢો - વઢો, તલવારો તાણો
જીવતર જાણો સૂરજ - ચંદર અમ્મરિયાં,
ભલાં અમારે પલનાં ઘૂમવાં ઘમ્મરિયાં;" (પૃ.૨૯)

"Free you are to clash and collide,
draw swards and fight, as if life were eternal,
happy we are with the transient life's swirl and whirl;" (Pg. 29)

જયંત પાઠકે આ પુસ્તક જેમને અર્પણ કર્યું હતું તે અંગેનો હિમાંશી શેલતે કરેલો આ અનુવાદ જુઓ...

"મિત્ર ચંદ્રકાન્ત શેઠને
કવવું તે દ્રવવું જાણે"

"To
Chandrakant Sheth
For whom
Writing poetry is to exude"

હિમાંશી શેલતે પ્રસ્તુત અનુવાદમાં કેટલાંક મૂળ શીર્ષકોનો અંગ્રેજીમાં યથાતથ અનુવાદ મુકવાને બદલે એમણે તેનો પોતાની કાવ્યસૂઝને આધારે અનુવાદ કર્યો છે. મૂળ ગુજરાતીમાં લેવાયેલ આ શીર્ષકોનું એમણે આ રીતે રૂપાંતર કર્યું છે. જેમકે... સત્યસ્યાવિદિતં મુખમ્ - About Truth (૨), અઢળક ઢળિયા તમે - Bounteous You Are (૩), કસોટી - Encounter Bitter (૩), ભાલાજીને કહેણ - Thicket, alluring (૨૬), - પછી - Rains Torrential (૨૭), ઋતુ અને અદ્‌ભુત - The Creator (૩૭), માણસજી - Bliss it is (૩૮), એકાકાર ભયો - One and Identical (૫૩), ભીનું ભીનું - Rain Clouds (૫૯), તલાવડી - Invitation (૭૭) વગેરે.

આ અનુવાદિત પુસ્તકમાં ક્રૌંચ પક્ષી, તમસ નદી અને તેના કિનારે ક્રૌંચપક્ષીના થયેલ વધથી દુઃખી થયેલ વાલ્મિકી ઋષિના મુખમાંથી નીકળેલ શ્લોક, શરદઋતુ, શ્રી કૃષ્ણના મિત્ર ઓધવજી, ચાતક પક્ષી, શ્રી કૃષ્ણનું બીજું નામ એવું મોહન, વ્રજભૂમિ, કલમ અને કમળ, નંદિગ્રામ અને મકરન્દ દવે, સંત કબીરના પુત્ર કમાલ, ગંગાસતી, પાનબા, ગોરખ, મત્સ્યેન્દ્ર, કાશી, ઓમ, નારાયણ, નાભિકમલ, પાવાગઢ, યક્ષ, શિશિર, હેમન્ત, કૈલાસ, ગુલમહોર, ગરમાળો, ઈગ્લુ, નંદલાલ અને રેવા જેવાં અર્થસભર સંદર્ભો અનુવાદકે પાદટીપમાં આપ્યાં છે એમાં આપણને એક કુશળ અનુવાદકના દર્શન થાય છે. જોકે, પરભાષાની કેટલીક મર્યાદાઓ અનુવાદકે અવશ્ય સ્વીકારવી રહી એ અંગે નીના ભાવનગરી નોંધે છે, "ભારતીય ભાષાની કવિતામાં ગૂંથાયેલા અર્થસભર સંદર્ભો - પુરાકથાવિષયક, નૈમિત્તિક, સ્થાનગત કે પાત્રગત - પરભાષામાં અનુવાદ કરતી વખતે પાદટીપોમાં સ્પષ્ટ કરવા અનિવાર્ય બને અને અંગ્રેજી અનુવાદમાં અહીં એમ થયું છે, છતાં જુદો જ સાંસ્કૃતિક - સામાજિક સન્દર્ભ ધરાવતી, ભિન્ન પ્રકૃતિ ધરાવતી વિદેશી ભાષામાં સ્રોત ભાષાના વર્ણસૌંદર્ય, અર્થાનુરૂપ પદો અને વર્ણોની વ્યંજકતા કે યમકાદિ - જે મૂળ કવિતામાં અનાયાસે કવિના કશા સાયાસ-સભાન પ્રયત્ન વિના ગૂંથાઈ ગયા હોય, તેને ઉતારવાં અશક્ય છે.

'બે અંતર વચ્ચેનું અંતર, અઘરો મેળ તણો છે મંતર' (૪૧) જેવી પંક્તિઓમાં ઘૂંટાયેલી ચિરવિરહવેદના એવી જ શબ્દચમત્કૃતિ સાથે અંગ્રેજીમાં ક્યાંથી ઝિલાવાની ? પરભાષાની એટલી મર્યાદા ભાવકે સ્વીકારવી જ રહી."[૨૪]

ટૂંકમાં, પુસ્તકના મુદ્રણમાં થયેલ કેટલીક ભૂલો આ પુસ્તકને ઝાંખુ પાડે છે. અન્યથા ૨૦૦૩માં પ્રકાશિત આ પુસ્તકના અનુવાદમાં હિમાંશી શેલતે રાખેલી ચીવટ તેને વિશેષ બનાવે છે.

### ૫.૪.૨. 'નોખા મિજાજનો અનોખો ચિત્રકાર' (૨૦૦૪)

૨૦૦૪માં પ્રકાશિત 'નોખા મિજાજનો અનોખો ચિત્રકાર'એ મહેન્દ્ર દેસાઈના અગ્રેજી પુસ્તક 'A Man Labelled Bhupen Khakhar Branded As Painter'નો હિમાંશી શેલતે ગુજરાતીમાં કરેલો અનુવાદ છે. મહેન્દ્ર દેસાઈએ આ પુસ્તકમાં પોતાના મિત્ર એવા પ્રસિદ્ધ ચિત્રકાર ભૂપેન ખખ્ખરનો ઉષ્માભર્યો પરિચય કરાવ્યો છે. હિમાંશી શેલતે આ પુસ્તકનો સીધો અનુવાદ કર્યો નથી, જે આપણને પુસ્તકના અનુવાદિત શીર્ષકમાં જોઈ શકાય છે. વળી, ચિત્રકળા અંગેનું હિમાંશી શેલતનું વિશેષ જ્ઞાન પણ આ પુસ્તકનો અનુવાદ કરવામાં ખપમાં આવ્યું છે. આપણાં કલાસાહિત્યને સમૃદ્ધ કરતાં આ પુસ્તકમાં મહેન્દ્ર દેસાઈએ ભૂપેન ખખ્ખરના ચિત્રોનો આસ્વાદ કરાવવાની સાથે સાથે ચિત્રકાર તરીકેના તેમના નોખા અને વિલક્ષણ વ્યક્તિત્વનો પણ પરિચય કરાવ્યો છે.

ચિત્રકળાનો શોખ ધરાવતાં હિમાંશી શેલતને આ પુસ્તક ખૂબ જ ગમ્યું હતું. આ પુસ્તકની પ્રસ્તાવનામાં તેઓ નોંધે છે, "પુસ્તક હાથમાં લેતાવેંત જ વાંચવાની ઉત્કંઠા થાય એવું સોહામણું, પ્રથમ પૃષ્ઠથી સામગ્રી ચિત્તને જકડી લે અને અંત સુધી એ પકડ યથાવત્ રહે એવી રસાળ રજૂઆત. વચ્ચે વચ્ચે આવતાં ચિત્રો અને તસ્વીરો એક જુદી જ દુનિયા ઊભી કરી દે એવાં અને આ રમણીય લીલા પૂરાં સિત્તેર પણ નહીં, એટલાં જ પૃષ્ઠોમાં સમાઈ જાય."[૨૫] અહીં આપણે જોઈ શકીએ છીએ કે આ પુસ્તકનો અનુવાદ કરવાનું હિમાંશી શેલતે જે બીડું ઝડપ્યું તેની પાછળનું કારણ તેમને આ પુસ્તક ગમ્યું તેને પણ ગણાવી શકાય.

તો, હિમાંશી શેલત દ્વારા અનુવાદિત આ પુસ્તક વિશે ભરત મહેતા નોંધે છે, "ચિત્રકળાનો રસ એમને જેમ 'આઠમો રંગ' જેવી નવલકથા લખાવે છે તે રીતે 'નોખા મિજાજનો અનોખો ચિત્રકાર'(૨૦૦૪) નો અનુવાદ પણ કરાવે છે. ભુપેન ખખ્ખર આપણા લબ્ધપ્રતિષ્ઠિત ચિત્રકાર, એમના મિત્ર મહેન્દ્ર દેસાઈએ ભૂપેનભાઈનો પરિચય કરાવતું એક પુસ્તક 'A Man Labelled Bhupen Khakhar Branded As Painter' લખેલું એનો અનુવાદ છે. બેઠા ભાષાંતરનો લેખિકાને ઈરાદો નથી એ શીર્ષકના અનુવાદ પરથી ખબર પડી જાય છે."[૨૬]

અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદિત કલાવિષયક આ પુસ્તકમાં મૂળ પુસ્તકમાં આવેલ દીર્ઘવાક્યો, શબ્દસમૂહો અને પદાવલીઓના સમૂહનો હિમાંશી શેલતે અત્યંત ચોકસાઈથી અર્થપૂર્ણરીતે અનુવાદ કર્યો છે. જોકે, ક્યાંક ક્યાંક જે તે શબ્દ કે વાક્યનો અર્થ ન જળવાતો હોય તેવી જગ્યાએ એમણે છૂટ પણ લીધી છે. સુંદર, પ્રાસાદિક અને પ્રવાહી ભાષાશૈલીનો હિમાંશી શેલતે

કરેલો ઉપયોગ આ અનુવાદિત પુસ્તકનું નવલું નજરાણું છે. તો, આ પુસ્તકનું ગદ્ય સહજ, સરળ અને વાચકને પોતીકું લાગે તેવું છે. અહીં અનુવાદકે મૂળ પુસ્તકમાં સમાવિષ્ટ અંગ્રેજી વાક્યોના પદક્રમને એ જ ક્રમમાં મૂકવાને બદલે ગુજરાતી ભાષાની વાક્યરચનાને અનુરૂપ ફેરફાર કર્યો છે તેથી આ પુસ્તક સુવાંગ ગુજરાતીમાં જ લખાયું હોય એવું લાગે છે. હિમાંશી શેલતે આ પુસ્તકમાં કેટલાંક ફેરફાર કર્યા છે. જેમકે, મૂળ પુસ્તકમાં ક્વચિત જ દેખાતાં ઉપશીર્ષકો આ અનુવાદિત પુસ્તકમાં ઉમેર્યા છે. જેમાં ગુલામ મોહમ્મદ શેખ, રણછોડભાઈ મકવાણા, ટિમથિ-ટિમોથિ હાયમન, વલ્લભદાસ શાહ, શીતલ અને કિન્નરી લાખિયા, વિવાન સુન્દરમ્ વગેરેનો સમાવેશ થાય છે.

અન્ય અનુવાદિત પુસ્તકોથી આ પુસ્તક કેવી રીતે વિશિષ્ટ છે તે વિશે જણાવતાં નીના ભાવનગરી નોંધે છે, “ચિત્રકળાનાં પ્રેમી અને મર્મી ભાવક હિમાંશીબેને અંગ્રેજી ભાષાની કળાવિષયક અભિવ્યક્તિતરેહોને ગુજરાતી ભાષાની અભિવ્યક્તિતરેહોમાં સહજપણે ઉપસાવી છે, તેથી અનેક અનુવાદોની જેમ આ અનુવાદ વિચિત્ર કે અંગ્રેજીમાંથી સીધો થયો હોય એવો ક્યાંય નથી લાગતો. લાંબા અને સંકુલ શબ્દસમૂહોથી પ્રચુર વાક્યોને એમણે પૂરેપૂરા અર્થ-ભાવ-સહિત સરળ ગુજરાતી વાક્યોમાં મૂક્યાં છે. ભૂપેન ખખ્ખરના સમગ્ર વ્યક્તિત્વનું ચિત્ર આપતાં અને એનાં ચિત્રોનું કલાકીય, વિશદ અર્થઘટન આપતાં વાક્યો આવી વાક્યસંરચનાનાં મને નોંધપાત્ર ઉદાહરણો લાગ્યાં છે.”[૨૭]

સુંદર અને આકર્ષક છાપકામ ધરાવતું આ પુસ્તક કળાપ્રિય ગુજરાતી ભાવકને એક નોખા મિજાજના અનોખા ચિત્રકારનો પરિચય કરાવવામાં ખૂબ જ ઉપયોગી થયું છે. અનુવાદનું આવું સુંદર પુસ્તક આપીને હિમાંશી શેલતે એક પ્રશંસનીય કાર્ય કર્યું છે.

### ૫.૪.૩. ‘ગરીબ, પણ છૈયે કેટલાં બધાં!’ (૨૦૦૭)

‘ભારતના સ્વાશ્રયી નારીસમુદાયની ગાથા’ એવું ઉપશીર્ષક ધરાવતું ‘ગરીબ, પણ છૈયે કેટલાં બધાં!’ એ પુસ્તક ઈલાબહેન ભટ્ટ રચિત અગ્રેજી પુસ્તક ‘We are poor, but so Many’નો હિમાંશી શેલતે ગુજરાતીમાં કરેલો અનુવાદ છે. મૂળ અંગ્રેજીમાં લખાયેલ ‘We are poor, but so Many’ એ પુસ્તક Oxford University Press દ્વારા ૨૦૦૬માં પ્રકાશિત થયું હતું. આ પુસ્તકની ગુજરાતી અનુવાદિત આવૃત્તિ ૨૦૦૭માં પ્રકાશિત થઈ હતી. જેમાં ભારતની મહિલાઓના વ્યવસાયિક સંગઠન - ‘સેવા’ (સેલ્ફ એમ્પ્લોયડ વીમેન્સ એસોસિયેશન)ના ઉદ્ભવ અને કાર્ય પાછળ

રહેલી દૃષ્ટિ અને એના વિકાસનો ચિતાર સંસ્થાના સ્થાપક ઈલા ભટ્ટે આપ્યો છે. જેમાં રદ્દી વીણનારાં, સિલાઈકામ કરનારાં, ફેરિયાઓ અને ખેતમજૂરોનાં કામનું વિગતસમૃદ્ધ અને સ્પષ્ટ આલેખન છે. ગરીબ, સંઘર્ષરત, શ્રમજીવી એવા ભિન્ન-ભિન્ન ધર્મ, જાતિ અને વર્ગની વિવિધ કામધંધા સાથે સંકળાયેલી અનેક સ્ત્રીઓની સામે પડકાર ફેંકતા અવરોધોની સાથે સાથે એમનાં સંગઠન, પ્રતિકારશક્તિ અને અનુકૂલન સાધવાની ક્ષમતાનો અહીં પરિચય મળે છે. અહીં ગામ અને શહેરની મહિલાઓનાં રોજિંદાજીવન, એમાં આવતા પડકારો, સતત ગરીબાઈમાં ધકેલતી પરિસ્થિતિઓ, એમનાં સંઘર્ષો તથા ઘર અને કામનાં સ્થળે જોવા મળતી સ્થિતિના આલેખની સાથે-સાથે ગરીબ મહિલાઓની પ્રચંડશક્તિ, નિષ્ઠા અને કાબેલિયતનો પરિચય મળે છે. જે તેમની ચીલાચાલું ઓળખને પલટી નાખે છે. વળી, અહીં અનૌપચારિક ક્ષેત્રની મહિલા શ્રમશક્તિને સંગઠિત કરવાના મહત્ત્વના કાર્યની જાણકારીની સાથે-સાથે કામ અને કામદારની મૂળભૂત વ્યાખ્યા તથા અર્થકારણમાં અનૌપચારિકક્ષેત્રના પ્રદાનની વિશદ છણાવટ કરવામાં આવી છે. ઉત્તમ અંગ્રેજી અને શિષ્ટ શૈલીમાં સ્વાશ્રયી મહિલાઓના કાર્યક્ષેત્રનો લેખિકાએ કરાવેલ પરિચય ગુજરાતી વાચકને હિમાંશી શેલત દ્વારા રસાળ અનુવાદથી થાય છે.

વ્યવસાયે વકીલ અને ઉચ્ચ-સંસ્કારી કુટુંબમાં જન્મેલ લેખકા ઈલા ર. ભટ્ટનો પ્રારંભિક પરિચય આપતા આ પુસ્તકના જેકેટ પૃષ્ઠ પર નોંધ્યું છે કે, "વિશ્વના ગ્રામીણ વિકાસને ક્ષેત્રે ઔદ્યોગિક સાહસના પ્રણેતાઓમાં ઇલા ર. ભટ્ટનું નામ સુખ્યાત છે. 'મૃદુ ક્રાંતિકારી' તરીકે જાણીતાં ઈલાબહેને પોતાનું જીવન ભારતની અત્યંત ગરીબ અને પીડિત મહિલાઓના જીવન-પરિવર્તનના ભગીરથ કાર્યને સમર્પિત કર્યું છે. ૧૯૭૨માં એમણે 'સેવા' - સેલ્ફ એમ્પ્લોયૂડ વીમેન્સ એસોસિયેશનની સ્થાપના કરી. આજે આ સંગઠનનાં દસ લાખ સભ્યો છે. ઈલાબહેન રાજ્યસભાનાં નિયુક્ત-સભ્ય ઉપરાંત પ્લાનિંગ કમિશનનાં સભ્ય રહી ચૂક્યાં છે. 'વીમેન્સ વર્લ્ડ બેન્કિંગ' તથા ઘર આંગણે કામ કરતાં શ્રમજીવીઓના આંતરરાષ્ટ્રીય ગઠન 'હોમનેટ'નાં તેઓ સ્થાપક અને પ્રમુખ રહ્યાં છે. વીમેન ઈન ઈન્ફોર્મલ એમ્પ્લોયમેન્ટ, ગ્લોબલાઈઝિંગ, ઓર્ગેનાઈઝિંગ WIEGOના સ્થાપક-પ્રમુખ લેખે પણ એમણે કામ કર્યું છે. રોકફેલર ફાઉન્ડેશનનાં ટ્રસ્ટી તરીકે એમણે દાયકાની સેવા આપી છે. એમને મળેલાં અનેક માન-સન્માનોમાં પ્રતિષ્ઠિત મેગ્સેસ એવોર્ડ અને રાઈટ લાઈવલીહૂડ એવોર્ડનો પણ સમાવેશ થાય છે. હાર્વર્ડ, યેલ તથા અન્ય શૈક્ષણિક પ્રતિષ્ઠાનોએ એમને ડોક્ટરેટની માનદ્ પદવીથી નવાજ્યાં છે."[૨૮]

આ પુસ્તક કેવી રીતે લખાયું એ વિશે પુસ્તકની પ્રસ્તાવના ‘સ્વીકાર’માં લેખક ઈલા ર. ભટ્ટ જણાંવે છે કે, “લેખન - પ્રક્રિયા મારે માટે સરળ નથી અને એમાં સેવા વિશે લખવું એ તો વળી સવિશેષ મુશ્કેલ. ત્રીસ વર્ષના સમયપટ પર અમારા સંગઠનનાં કામો અને સમૂહચિંતન વિસ્તર્યાં છે. એ બધું વર્ણવવા માટે જે પ્રાણવાન અને ધારદાર શબ્દો જોઈએ તે ક્યાંથી લાવું ? હું કેટલું કહું, અને કેટલું નહીં ?

અમદાવાદના શહેરના ઈતિહાસકાર હોવાર્ડ સ્પોડેક કેટલાંક વર્ષોથી આગ્રહ કરી રહ્યા હતા કે સ્વાશ્રયી બહેનો સાથેની મારી પ્રવૃત્તિઓ અને અનુભવોનું આલેખન મારે કરવું. આરંભે મળેલા એમના આ પ્રોત્સાહન વગર પ્રસ્તુત પુસ્તક કદાચ લખાયું ન હોત.”[૨૯]

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા પ્રકાશિત આ પુસ્તકમાં પૂર્વભૂમિકા ઉપરાંત ગરીબ, સ્વાશ્રયી સ્ત્રીઓ, રદ્દી વીણનારાં, ચીંદીની સિલાઈ અને તૈયાર કપડાં, ફેરિયાઓ, બેન્કસેવા, સ્વાસ્થ્ય સંભાળ, ભરતકામનાં કારીગરો, ગ્રામ હાટ, સુખી અને સુધારણા એમ જુદાં-જુદાં ૧૦ પ્રકરણોનો સમાવેશ કરાયો છે. આ પુસ્તકના જેકેટ પૃષ્ઠ પર આ પુસ્તકનો વિગતે પરિચય આપતા નોંધ્યુ છે કે, “આ પુસ્તક ભારતની મહિલાઓના વ્યાવસાયિક સંગઠન સેવા - સેલ્ફ એમ્પ્લોયૂડ વીમેન્સ એસોસિયેશન - ના સ્વાનુભવનો આલેખ છે. આ વિશિષ્ટ સંસ્થાના ઉદ્‌ભવ અને કાર્ય પાછળ રહેલી દષ્ટિ અને એના વિકાસનો ચિતાર સંસ્થાનાં સ્થાપક ઇલા ભટ્ટ પાસેથી મળે છે. ઇલાબહેન વાચકને સ્વાશ્રયી મહિલાઓની દુનિયામાં લઈ જાય છે અને એમના કાર્યક્ષેત્રનો પરિચય કરાવે છે. કામ અને કામદારની મૂળભૂત વ્યાખ્યા તથા અર્થકારણમાં અનૌપચારિક ક્ષેત્રના પ્રદાનની વિશદ છણાવટ પ્રસ્તુત પુસ્તકમાંથી મળે છે. આ આલેખ મહિલા કામદારોના શ્રમનું મહિમાગાન છે. એમના અદશ્ય હાથ માત્ર કુટુંબનો જ નહીં, દેશના અર્થતંત્રનો પણ મોટો આધાર છે.”[30]

આવા પુસ્તકનો અનુવાદ સમાજશાસ્ત્ર અને સમાજકાર્યના સંશોધકો માટે કેટલો ઉપયોગી નીવડે તેવો છે તે વિશે જણાંવતા ભરત મહેતા નોંધે છે, “હિમાંશી બહેન સર્જકની સાથોસાથ કર્મશીલ વ્યક્તિ પણ છે. એમાંય સ્ત્રીઓ અને બાળકો એમનું વિશેષ કાર્યક્ષેત્ર. આજીવિકા અર્થે દેહવ્યાપાર કરતી સ્ત્રીઓની પીડાના પણ જાણતલ તેથી સ્ત્રીઓને આર્થિક રીતે પગભર કરનારાંઓ એમની સલામને પામે છે. ‘સેવા’ સંસ્થાએ આવું કામ ખૂબ કર્યું છે. ‘સેવા’ના ઈલાબહેન ભટ્ટે ‘We are poor, but so Many’ નામનાં પુસ્તકમાં સેવાની પ્રવૃત્તિ તેમજ પોતાના અનુભવોનું નિરૂપણ કર્યું છે. આ પુસ્તકનો અનુવાદ હિમાંશી બહેને ‘ગરીબ, પણ છૈયે કેટલાં બધાં!’ શીર્ષકથી આપ્યો છે.

આજે જ્યારે નારીવાદી અભ્યાસોના નિમિત્તે આંતરવિદ્યાકીય કામો થવાં માંડયા છે ત્યારે આવા પુસ્તકનો અનુવાદ સમાજશાસ્ત્ર, સમાજકાર્યના સંશોધકો માટે ઉપયોગી નીવડે તેવો છે.”[૩૧]

ઈલા ર. ભટ્ટ આ પુસ્તકની પૂર્વભૂમિકામાં ગરીબ - સંઘર્ષરત સ્ત્રીઓ વિશે, સેવાના ઉદ્‌ભવ વિશે, પોતાના માતા-પિતા વિશે, સુરતની ઝૂંપડપટ્ટીમાં સબડતા ગરીબો વિશે, પતિ-રમેશના કુટુંબ અને તેની સમજશક્તિ વિશે, મજૂર મહાજન નામે ઓળખાતા સંગઠન વિશે, ૧૯૬૮માં અમદાવાદમાં બંધ થયેલ બે મોટી ટેક્ષટાઈલ મિલો બંધ થવાથી હજારો કામદારો રોજી વિના રઝળી પડયા ત્યારે પુરુષો આંદોલનો કરવામાં અને ઘર ચલાવવાની જવાબદારી સ્ત્રીઓને માથે આવી એ વિશે, સેવાની સહકારી બૅન્કની સ્થાપના વિશે, ૧૯૭૨ના એપ્રિલમાં ‘સેવા’ની સ્થાપના થઈ એ વિશે, કામદારોના થતા શોષણ વિશે, ૧૯૭૫માં મેક્સિકો ખાતે યોજાયેલ મહિલાઓના આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં ભારતના બિનસરકારી પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે હાજરી આપી તે વિશે, ‘વીમેન્સ વર્લ્ડ બૅન્કિંગ’ વિશે, ૧૯૮૧ના અનામત વિરોધી આંદોલન વિશે, મજૂર મહાજન સંઘથી ‘સેવા’ને અલગ કરાઈ તે વિશે, સેવાની કુલ સભ્ય સંખ્યા ૭૦૦૦૦૦ થઈ તે વિશે, શહેર અને ગ્રામ્યમાં વિસ્તરેલ કુલ ૯૦ જેટલા સહકારી એકમો વિશે, શ્રમજીવી સહકારી મંડળીની સ્થાપના કરવામાં નડેલી મુશ્કેલીઓ વિશે, ‘સેવા’ના વિકાસ દરમિયાન ઉદ્‌ભવતા નવાં નવાં પ્રશ્નો વિશે, ૨૦૦૧માં કચ્છમાં આવેલ ભૂકંપથી સર્જાયેલી તારાજી વિશે તેમજ ૨૦૦૨માં ફાટી નીકળેલાં કોમી તોફાનો વિશે પ્રારંભિક વાત કરી પુસ્તકમાં સમાવિષ્ઠ વિષયો અંગેની રૂપરેખા આપી છે.

હિમાંશી શેલત દ્વારા અનુવાદિત આ પુસ્તકની ખાસિયત વિશે જણાવતાં નીના ભાવનગરી નોંધે છે કે, “અનુવાદના પાનેપાને ભાષાની સહજતા, સ્વાભાવિકતા અને વાસ્તવિકતા સ્પર્શી જાય છે. અનુવાદક પોતે શ્રમજીવી વર્ગનાં સભ્યો વચ્ચે-સાથે કામ કરી ચૂક્યાં છે, તેથી આ વર્ગની કામઢી, સ્વાશ્રયી મહિલાઓ જે પ્રકારની લઢણ, લહેકાથી આત્મવિશ્વાસભરી વાત કરી શકે તે ગુજરાતીમાં સુપેરે મુકાઈ છે. પુસ્તકમાં છેલ્લે પાને અનુવાદકે ખણખોદ કરીને ‘સેવા’માંથી શોધી કાઢેલું પાનીબહેન રોહીતનું ‘અમારી લડત’ વિશેનું ગીત તળપદી ભાષામાં મહિલાઓના સંઘર્ષ અને સામાજિક સહકાર-સ્વીકાર માટેની એમની સંગઠિત તાકાતનું સચોટ ચિત્ર આપે છે. હિમાંશીબેને મૂળ પુસ્તકમાં અંગ્રેજી રૂપાંતરરૂપે મુકાયેલું, અગરિયાઓના કપરા, મુશ્કેલીભર્યા જીવન વિષેની યુવાન નવવધૂની હૈયાવરાળને વાચા આપતું તળપદી બોલીનું ગીત પણ અહીં સંશોધન કરીને ઉમેર્યું છે. (૧૮૫-૧૮૬)

આ પુસ્તકમાં મહિલા કામદારોના શ્રમનું મહિમાગાન છે અને 'સેવા'માં લેખિકાના સ્વાનુભવો, કામ અને કામદારની વ્યાખ્યા તથા અર્થકારણમાં આ અનૌપચારિક ક્ષેત્રના પ્રદાનનો આલેખ પણ છે. આ સ્ત્રીઓના અદશ્ય હાથ માત્ર પરિવારને જ નહીં, દેશના અર્થતંત્રને પણ મોટો આધાર આપે છે. આ પ્રકારના વિષયને અનુરૂપ નક્કર વાસ્તવિકતા વર્ણવતી બળૂકી ભાષાની જ અપેક્ષા હોય."[૩૨]

હિમાંશી શેલતે આ પુસ્તકની પ્રસ્તાવના લખ્યા વગર મૂળ પુસ્તકનો સીધો જ અનુવાદ આપ્યો છે. સુઘડ, સુવાચ્ય અને મુદ્રણદોષો વિનાનું છાપકામ ધરાવતું આ પુસ્તક એના સરળ, પ્રવાહી અને પ્રાસાદિક ગદ્યને લીધે અર્થશાસ્ત્ર તેમજ સમાજશાસ્ત્ર વિષયક અભ્યાસ કરનારાંઓ માટે મહત્ત્વનું સન્દર્ભ પુસ્તક બની રહે તેવું છે. તો 'સેવા'ને ગતિમાન રાખનારાં સભ્યો તેમજ કાળી મજૂરી કરીને ભરણપોષણ કરતાં કેટલાંક કામદારોના ફોટોગ્રાફ પ્રસ્તુત પુસ્તકને વિશેષ બનાવે છે. હિમાંશી શેલતે આ અનુવાદમાં કેટલાક સરળ અગ્રેજી શબ્દોને યથાવત્ રાખ્યા છે જેથી વાચક - અભ્યાસીને તે સમજવામાં સરળતા રહે. હિમાંશી શેલત આ પુસ્તકના શીર્ષકનો 'ગરીબ, પણ છૈયે કેટલાં બધાં!' જેવો સૂચક અને આકર્ષક અનુવાદ આપે છે. ટૂંકમાં, અંગ્રેજી ભાષા-સાહિત્યના ઊંડાં અભ્યાસી હિમાંશી શેલતે અંગ્રેજી પુસ્તકનો આપેલો આ સુવાંગ અનુવાદ ગુજરાતી સાહિત્ય માટે મહત્ત્વનું પ્રદાન ગણી શકાય.

## ૫.૫. ઉપસંહાર

ટૂંકી વાર્તા, નવલકથા, સ્મરણકથા, નિબંધ, હાસ્ય-વ્યંગ્ય અને બાળ સાહિત્યની જેમ સંપાદન, વિવેચન અને અનુવાદ ક્ષેત્રે પણ હિમાંશી શેલતનું મહત્વનું યોગદાન રહ્યું છે. તેમનાં ટૂંકી વાર્તા અને નવલકથાના સર્જકત્ત્વથી તો આપણે સૌ પરિચિત છીએ જ, પરંતુ સર્જનાત્મક સાહિત્યના વિકાસ અને તેના સંવર્ધન માટે મહત્ત્વનાં ગણાતાં સંપાદન, વિવેચન અને અનુવાદ જેવાં સાહિત્યસ્વરૂપોમાં પણ હિમાંશી શેલતે મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે.

હિમાંશી શેલતનું સંપાદનક્ષેત્રે મહત્વનું યોગદાન રહ્યું છે. એમણે જુદાં-જુદાં પ્રકારના કુલ ૧૦ સંપાદનો કર્યા છે. એમાંના પાંચ વ્યક્તિલક્ષી, ત્રણ નારીકેન્દ્રી તેમજ બે શ્રેષ્ઠ વાર્તા ચયનના સંપાદનો કર્યા છે. એમણે સંપાદનના આદર્શ નમૂનારૂપ 'સ્વામી અને સાંઇ'માં મકરન્દ દવે પાસેથી મળેલા ૩૦૦ જેટલા મૂલ્યવાન કહી શકાય તેવા પત્રોમાંથી ૧૭૪ પત્રો સમયક્રમાનુસાર વ્યવસ્થિત રૂપે સંપાદિત કરીને મૂક્યા છે. એમનું 'પ્રતિરૂપ' એ સંસ્કૃત, બંગાળી, પંજાબી અને અંગ્રેજી સ્તવનો

તથા કાવ્યોના મકરન્દ દવેએ કરેલા પદ્યાનુવાદોનું મહત્વનું સંપાદન છે. તો 'અંતર-છબિ' એ હિમાંશી શેલત અને વિનોદ મેઘાણીએ સાથે મળીને ૧૯૯૮માં સંપાદિત કરેલું શ્રી ઝવેરચંદ મેઘાણીનું સંકલિત આત્મવૃત્તાંત છે. કુલ ૬૦૮ પાનના આ દળદાર ગ્રંથમાં ઝવેરચંદ મેઘાણીના પ્રગટ-અપ્રગટ અને ગ્રંથસ્થ-અગ્રંથસ્થ સાહિત્યમાંથી પ્રસ્તાવનાઓ, પુસ્તકનિવેદનો, પત્રો, મુલાકાતો, અહેવાલ, પ્રવાસ વર્ણનો, વ્યાખ્યાનો, ટાંચણપોથીઓ અને બીજાંઓનાં સંસ્મરણોમાંથી એમના ઉદ્‌ગારોના આત્મકથનાત્મક અંશોનું આત્મદર્શન છે. હિમાંશી શેલતે વિનોદ મેઘાણી સાથે મળીને 'લિ. હું આવું છું'ને બે ભાગમાં સંપાદિત કર્યું છે. જે શ્રી ઝવેરચંદ મેઘાણીના પત્રજીવનનું નવસંસ્કરણ છે. 'મધદરિયે મહેફિલ' એ હિમાંશી શેલતે કરેલું અન્ય એક મહત્વનું પત્રસંપાદન છે. 'સ્વામી અને સાંઈ'ની જેમ જ પત્રસાહિત્ય જગતમાં મહત્વનું ગણાતું આ સંપાદન એમણે ૨૦૧૧માં કર્યું હતું. વ્યવસાય અર્થે જીવનના ચાલીસ વર્ષ સુધી દરિયો ખેડનાર વિનોદ મેઘાણી પરના સર્વશ્રી મકરન્દ દવેએ લખેલા લગભગ સો-સવાસો જેટલા ઉત્કટ, ઊંડા અને એક સરખા પ્રવાહમાં વહેતા સંબંધને વ્યક્ત કરતા પત્રો હિમાંશી શેલતે અહીં સંપાદિત કર્યા છે. કમ્પ્યૂટર અને મોબાઈલના જમાનામાં પત્રો લખવાનું હવે છેક જ ભુલાતું જાય છે ત્યારે હિમાંશી શેલતનું આ સંપાદન અમૂલ્ય દસ્તાવેજ સમાન છે.

'નાયિકા પ્રવેશ' એ હિમાંશી શેલતનું નારીને કેન્દ્રમાં રાખી અદિતિ દેસાઈ સાથે મળીને કરેલું નાટકોનું સંપાદન છે. તેમાં સંપાદિત થયેલાં મોટાભાગનાં નાટકો સર્જકોએ પોતાની જ વાર્તાઓ પરથી રૂપાંતરિત કર્યાં છે. 'ગુજરાતી રંગભૂમિને ધબકતી રાખતી સૌ સ્ત્રીઓને' અર્પણ આ સંપાદન હિમાંશી શેલત અને અદિતિ દેસાઈની નારી પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સંપાદનકર્મ પ્રત્યેની નિષ્ઠાનું દ્યોતક છે. સ્ત્રીને એક માનવ તરીકે સ્વીકારાય એવા સ્વસ્થ સમાજની રચના થાય એ દિશાના તેમનાં પ્રયત્નો તરફ આ નાટ્યપ્રયોગોનું એક સરસ દસ્તાવેજીકરણ થયું છે. તો 'અડધા આકાશનો રંગ'એ માત્ર સ્ત્રી સર્જકો દ્વારા રચાયેલ કાવ્યો, વાર્તા, હાસ્ય, નિબંધ, સ્મરણ, વિચારવિસ્તાર તથા શિલ્પ અને ચિત્રો જેવી ગમતી રચનાઓનું હિમાંશી શેલતે કરેલું સંપાદન છે. હિમાંશી શેલતનું 'પહેલો અક્ષર' નારીને કેન્દ્રમાં રાખીને કરેલું મહત્ત્વનું સંપાદન છે. ૨૦૦૫માં પ્રકાશિત આ સંપાદનનું ૨૦૦૮માં ત્રણ જ વર્ષના ટૂંકા ગાળામાં તેનું પુનર્મુદ્રણ થવું એ આ સંપાદનની લોકપ્રિયતા દર્શાવે છે. હિમાંશી શેલત તેમનાં નિકટના સખી એવાં બાના અવસાન નિમિત્તે મા-દીકરીના અંતરંગ સંબંધો વિશે જે અગિયાર લેખો એકત્રિત કરે છે તેનું આ સંકલિત

પુસ્તક છે. ‘૨૦૦૨ની શ્રેષ્ઠ વાર્તાઓ’ એ હિમાંશી શેલતનું વાર્તાસંપાદનનું મહત્વનું પુસ્તક છે. હિમાંશી શેલતે ૨૦૦૨ના વર્ષ દરમિયાન જુદાં-જુદાં સામયિકો, પુસ્તકો અને અખબારોમાં પ્રગટ થયેલી કેટલીક સંતર્પક, ધ્યાનાર્હ અને સ-રસ વાર્તાઓને અહીં સંપાદિત કરી છે. તો ‘ગુજરાતી નવલિકાચયન-૨૦૦૭’ એ ‘ધૂમકેતુ નવલિકા શ્રેણી’ અંતર્ગત ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ દ્વારા પ્રકાશિત થતી ઉત્તમ નવલિકાઓનું હિમાંશી શેલતે કરેલું સંપાદન છે. સંપાદકે આ વાર્તાઓની પસંદગી સંદર્ભે એક ચોક્કસ અભિગમ અપનાવ્યો છે. એમણે વાર્તાઓની પસંદગી ઉત્તમતાના ધોરણે નહિ બલ્કે કથાબીજનું સત્ત્વ અને પ્રસ્તુતિની તાજગીને લક્ષમાં રાખીને કરી છે.

ઉપરનાં દરેક સંપાદનોમાંથી પસાર થયા પછી એટલું અવશ્ય કહી શકાય કે, હિમાંશી શેલત એક નિષ્ઠાવાન સંપાદકની જેમ સંપાદનકાર્યમાં જોડાય છે. એમની અહીં એક ખાસિયત આપણને જોવા મળે છે કે, તેઓ પુસ્તકની શરૂઆતમાં જે તે સંપાદનમાં થયેલ કાર્ય વિશેનો વિસ્તૃત સંપાદકીય લેખ આપે છે અને પુસ્તકના અંતે પરિશિષ્ટો આપે છે. જે એમને એક મોટા ગજાના સંપાદક તરીકે પ્રસ્થાપિત કરે છે. વળી એમણે ‘પ્રતિરૂપ’માં મકરન્દ દવેની અનુવાદ પ્રક્રિયા વિશે મહત્વના નિરીક્ષણો પૂરાં પાડવાની સાથે સાથે એમણે રવીન્દ્રનાથ ટાગોર અને સુરેશ જોષી જેવા ભારતીય તેમજ કેટલાંક પાશ્ચાત્ય વિદ્વાન અનુવાદકો - વિચારકોના મંતવ્યો ટાંકીને અનુવાદ દરમિયાન ઉદ્‌ભવતી સમસ્યાઓ તરફ ભાવકનું ધ્યાન દોર્યું છે જેથી અનુવાદની પ્રક્રિયાથી તેઓને વાકેફ કરી શકાય. શાસ્ત્રીય પદ્ધતિએ કરેલા ‘અંતર-છબિ’ના સંપાદનમાં એમણે સંપાદકીય લેખ ઉપરાંત મુદ્રણ નોંધો તેમજ પરિશિષ્ટો આપ્યાં છે જે આ સંપાદનને ગુજરાતીમાં અગાઉ થયેલા સંપાદનોથી જુદું પાડે છે. સુંદર કલાઘાટ ધરાવતા આ સંપાદનમાં સંપાદકોએ મુદ્રણ નોંધ, સંખ્યાબંધ પ્રતીકચિત્રો, રેખાંકનો, સુવ્યવસ્થિત રીતે મૂકેલા વિવિધ પરિશિષ્ટો તેમજ સૂચિ આપી છે. જે સંપાદનકાર્ય પ્રત્યેની સંપાદકોની જહેમત અને નિષ્ઠા દર્શાવે છે.

‘લિ. હું આવું છું’ના દરેક વિભાગ આગળ ભૂમિકારૂપ નોંધ મૂકવામાં આવી છે વૈજ્ઞાનિક મુદ્રણ - સંકેતોની વ્યવસ્થા પ્રમાણે ગોઠવાયેલ આ સંપાદનમાં સંપાદકોએ વિગતે શબ્દસૂચિ પણ આપીને એક રસપ્રદ અને વિચારણીય પત્રસંપુટ સંકલિત કરી આપ્યું છે. આ સંપાદનની ખાસ વિશેષતા તેનું શાસ્ત્રીય ઢબે થયેલું સંપાદન છે. ‘મધદરિયે મહેફિલ’માં હિમાંશી શેલતે સંપાદકીય લેખમાં બંનેના વ્યક્તિત્વો વિશે આપણને વિગતે પરિચય કરાવ્યો છે. પુસ્તકને અંતે પરિશિષ્ટ તો પુસ્તકના મુખપૃષ્ઠ પર આલેખાયેલ વિનોદ મેઘાણીને પત્ર પહોંચાડાવા સરનામા અને પુસ્તકની

અંદરની બાજુએ પૃષ્ઠ નંબર દર્શાવવા માટે ઉપયોગમાં લીધેલ પેન-પેપર સહિતનું સઢવાળી હોડીનું ચિત્ર આ સંપાદનને અન્ય પુસ્તકોથી વિશેષ બનાવે છે. હિમાંશી શેલતે આ પત્રોનું સંપાદન કરી ગુજરાતી પત્રસાહિત્યમાં મૂલ્યવાન પ્રદાન કર્યું છે. 'નાયિકા પ્રવેશ' જેવાં પુસ્તકની ખાલી જગ્યામાં વિષયને અનુરૂપ મુકાયેલ કાવ્યપંક્તિઓ તેમજ ચિત્રો આ સંપાદનને ખાસ બનાવે છે. તો 'અડધા આકાશનો રંગ'માં સંપાદકે પ્રસ્તાવનામાં મહત્વની કહી શકાય તેવી કેટલીક બાબતો તરફ અંગૂલિનિર્દેશ કરી એક સાચો સંપાદકધર્મ નિભાવ્યો છે. આ ઉપરાંત ચિત્રકળાના શોખિન એવાં હિમાંશી શેલત આ સંપાદિત કૃતિઓની વચ્ચે વચ્ચે સ્ત્રીઓના રોજબરોજ જીવાતાં જીવનને અનુરૂપ ચિત્રો મૂકી આપી આ સંપાદનને આકર્ષક બનાવે છે. હિમાંશી શેલત સંપાદિત આ 'અડધા આકાશનો રંગ' સાચે જ ગુજરાતી સાહિત્યમાં નારીકેન્દ્રી સંપાદનના ક્ષેત્રે અડધા આકાશનો રંગ બની રહે છે. તો 'પહેલો અક્ષર'માં હિમાંશી શેલતની સંપાદનકાર્ય પ્રત્યેની નિષ્ઠાનો આપણને પરિચય થાય છે. '૨૦૦૨ની શ્રેષ્ઠ વાર્તાઓ' સંપાદકીય નિરીક્ષણો ઉપરાંત સંપાદનને અંતે ૨૦૦૨ના સામયિકોમાં પ્રગટ થયેલી વાર્તાઓની સૂચિ વિગતે તૈયાર કરી આપે છે. જે સંપાદક હિમાંશી શેલતની સંપાદન કાર્ય પ્રત્યેની નિષ્ઠા દર્શાવે છે. 'ગુજરાતી નવલિકાચયન-૨૦૦૭' સાથે આ પ્રત્યેક વાર્તાની આસ્વાદલક્ષી વિવેચના પણ 'થોડું, આ સંપાદન નિમિત્તે' નામના સંપાદકીય લેખમાં આપી છે. હિમાંશી શેલત એક સંપાદક હોવાની સાથે એક સારા વાર્તાકાર છે તેથી વાર્તાસર્જનની વિશેષતાઓની સાથે સાથે તેનામાં રહેલા ભય સ્થાનો તરફ વાચકો તેમજ વાર્તાકારોનું ધ્યાન દોરે છે. આ સંગ્રહને અંતે સંપાદકે વાર્તાકારનો ટૂંકો પરિચય તૈયાર કરી આપ્યો છે જે હિમાંશી શેલતને એક સફળ સંપાદક તરીકે ઉપસાવી આપે છે.

સંપાદનકાર્યની જેમ હિમાંશી શેલતનું વિવેચનક્ષેત્રે પણ મહત્વનું પ્રદાન રહ્યું છે. એમણે વિવેચનના ફક્ત ત્રણ જ પુસ્તકો આપ્યાં હોવાં છતાં, આ અભ્યાસ પુસ્તિકાઓ સાહિત્યના અભ્યાસીઓ તેમજ જિજ્ઞાસુઓને અવશ્ય ઉપયોગી નીવડે તેવી છે. 'પરાવાસ્તવવાદ' એ હિમાંશી શેલત દ્વારા પરાવાસ્તવવાદી વિચારધારાને કેન્દ્રમાં રાખીને લખેલું વિવેચનનું પુસ્તક છે. જેમાં વિવેચક હિમાંશી શેલતે દાદાવાદ અને પરાવાસ્તવવાદની ખૂબ જ ઊંડાણપૂર્વક ચર્ચા કરી છે. તો આ પરાવાસ્તવવાદનો આપણા ગુજરાતી સાહિત્યે કેવો પ્રભાવ ઝીલ્યો છે તેનો પણ વિગતે પરિચય આપ્યો છે. 'ગુજરાતી કથાસાહિત્યમાં નારીચેતના' એ હિમાંશી શેલતે 'સ્ત્રી અભ્યાસશ્રેણી' અંતર્ગત લખેલું સ્ત્રીઅભ્યાસ વિષયક વિવેચન પુસ્તક છે. ડો.નીરા દેસાઈ અને ડો.ઉષા ઠક્કર દ્વારા સંપાદિત

આ પુસ્તક ૨૦૦૦માં પ્રકાશિત થયું હતું. અહીં 'ગુજરાતી કથાસાહિત્યમાં નારીચેતના (૧૯૭૫-૧૯૯૯)', 'સમાજ - પરિવર્તન અને નારીચેતના', 'નવલકથામાં નારીચેતના' તેમજ 'નવલિકામાં નારીચેતના' જેવા વિષયોને કેન્દ્રમાં રાખીને હિમાંશી શેલતે આ વિવેચનાત્મક અભ્યાસ પ્રસ્તુત કર્યો છે. આ ઉપરાંત ૨૦૧૦માં પ્રકાશિત 'સલામત બાળપણની શોધમાં' એ હિમાંશી શેલત દ્વારા લિખિત અભ્યાસ પુસ્તિકા છે. જેમાં લેખિકાએ એમની આસપાસ જોયેલ કરમાયેલાં, દબાયેલાં અને ઉદાસ એવાં તમામ બાળકો કે જે વેર, દ્વેષ, સ્વાર્થ, હિંસા, વાસના અને લાલચની આગમાં હોમાતાં રહ્યાં છે એવાં બાળકોને સલામત કેવી રીતે રાખી શકાય અને તેમને ખુશહાલ બાળપણ કેવી રીતે આપી શકાય તેની વાત કરી છે.

હિમાંશી શેલતે વિવેચનક્ષેત્રે આપેલ આ પુસ્તકોમાં કેટલીક વિશેષતાઓ તરત નજરે પડે છે. જમેકે, 'પરાવાસ્તવવાદ' પુસ્તકને અંતે હિમાંશી શેલતે પરિશિષ્ટ અંતર્ગત દાદાવાદ અને પરાવાસ્તવવાદના કેટલાક પ્રમુખ સર્જકોનો વિગતે પરિચય આપ્યો છે જે સાહિત્યના અભ્યાસીઓ માટે ખૂબ જ ઉપયોગી થઈ શકે તેમ છે. 'ગુજરાતી કથાસાહિત્યમાં નારીચેતના' એ વિવેચન પુસ્તકમાં હિમાંશી શેલતે અઘરી અને ભારરૂપ ભાષા પ્રયોજવાને બદલે સરળ ભાષામાં, નવલકથા અને નવલિકા જેવા ગદ્ય સ્વરૂપોમાં આલેખાયેલ, નારીચેતનાની ઉદાહરણ સમેત આપણી સમક્ષ ચર્ચા કરી છે. હિમાંશી શેલતના આ પુસ્તકમાં આપણને એમની વિવેચક તરીકેની વિદ્વત્તાના દર્શન થાય છે. તો, 'સલામત બાળપણની શોધમાં' એ પુસ્તકમાં લેખિકાએ અનેક ઉદાહરણો આપતાં જઈ તેમને જે કહેવું છે તેની અસરકારક રીતે રજૂઆત કરી છે. ગુજરાતી સાહિત્યમાં બાળકોને કેન્દ્રમાં રાખીને સાદી સરળ ભાષામાં લખાયેલી આ પ્રકારની અભ્યાસ પુસ્તિકા કદાચ આ પહેલી હશે! અહીં લેખિકાએ બાળકોને સલામતી કેવી રીતે પ્રદાન કરી શકાય, તેમના બાળપણને કેવી રીતે સુરક્ષિત રાખી શકાય તેને જ લક્ષ્ય રાખ્યું છે.

સંપાદન અને વિવેચનની જેમ અનુવાદક્ષેત્રે પણ હિમાંશી શેલતનું મહત્વનું યોગદાન રહ્યું છે. હિમાંશી શેલત પોતે અગ્રેજીના અધ્યાપક હોવાને કારણે વિશ્વભરમાં લખાયેલા કેટલાક ઉત્તમ અગ્રેજી પુસ્તકોનો તેમને પરિચય છે. વળી અંગ્રેજી વાંચનનો શોખ તેમજ અંગ્રેજી ભાષા પ્રત્યેની નિકટતાના કારણે એમણે ઘણાં ઉપયોગી કાર્ય કર્યા તેમાંનું અનુવાદકાર્ય એક છે. ૨૦૦૩માં પ્રકાશિત 'Dhrutavilambita' એ હિમાંશી શેલતે ગુજરાતી ભાષાના અગ્રણી કવિ જયંત પાઠકના અંતિમ કાવ્યસંગ્રહ 'દ્રુતવિલંબિત'નો અંગ્રેજીમાં કરેલ અનુવાદ છે. તો ૨૦૦૪માં પ્રકાશિત 'નોખા

મિજાજનો અનોખો ચિત્રકાર'એ મહેન્દ્ર દેસાઈના અગ્રેજી પુસ્તક 'A Man Labelled Bhupen Khakhar Branded As Painter'નો હિમાંશી શેલતે ગુજરાતીમાં કરેલો અનુવાદ છે. મહેન્દ્ર દેસાઈએ આ પુસ્તકમાં પોતાના મિત્ર એવા પ્રસિદ્ધ ચિત્રકાર ભૂપેન ખખ્ખરનો ઉષ્માભર્યો પરિચય કરાવ્યો છે. હિમાંશી શેલતે આ પુસ્તકનો સીધો અનુવાદ કર્યો નથી, જે આપણને પુસ્તકના અનુવાદિત શીર્ષકમાં જોઈ શકાય છે. વળી, ચિત્રકળા અંગેનું હિમાંશી શેલતનું વિશેષ જ્ઞાન પણ આ પુસ્તકનો અનુવાદ કરવામાં ખપમાં આવ્યું છે. 'ભારતના સ્વાશ્રયી નારીસમુદાયની ગાથા' એવું ઉપશીર્ષક ધરાવતું 'ગરીબ, પણ છૈયે કેટલાં બધાં!' એ પુસ્તક ઈલાબહેન ભટ્ટ રચિત અગ્રેજી પુસ્તક 'We are poor, but so Many'નો હિમાંશી શેલતે ગુજરાતીમાં કરેલો અનુવાદ છે. ભારતની મહિલાઓના વ્યવસાયિક સંગઠન - 'સેવા' (સેલ્ફ એમ્પ્લોય્ડ વીમેન્સ એસોસિયેશન)ના ઉદ્ભવ અને કાર્ય પાછળ રહેલી દષ્ટિ અને એના વિકાસનો ચિતાર સંસ્થાના સ્થાપક ઈલા ભટ્ટે આપ્યો છે.

ઉપરનાં ત્રણેય અનુવાદિત પુસ્તકોને વિગતે જોયા પછી એ વિશે કહી શકીએ કે, 'દ્રુતવિલંબિત'માં હિમાંશી શેલત દ્વારા અનુવાદિત મૂળ કાવ્યોનાં અંગ્રેજી અનુવાદો અગ્રેજી ભાવકને પ્રસન્નતાથી ભરી દે એવાં થયાં છે. જોકે, પુસ્તકના મુદ્રણમાં થયેલ કેટલીક ભૂલો આ પુસ્તકને ઝાંખુ પાડે છે. અન્યથા ૨૦૦૩માં પ્રકાશિત આ પુસ્તકના અનુવાદમાં હિમાંશી શેલતે રાખેલી ચીવટ તેને વિશેષ બનાવે છે. 'નોખા મિજાજના અનોખા ચિત્રકાર'માં સુંદર, પ્રાસાદિક અને પ્રવાહી ભાષાશૈલીનો હિમાંશી શેલતે કરેલો ઉપયોગ આ અનુવાદિત પુસ્તકનું નવલું નજરાણું છે. આ પુસ્તકનું ગદ્ય સહજ, સરળ અને વાચકને પોતીકું લાગે તેવું છે. સુંદર અને આકર્ષક છાપકામ ધરાવતું આ પુસ્તક કળાપ્રિય ગુજરાતી ભાવકને એક નોખા મિજાજના અનોખા ચિત્રકારનો પરિચય કરાવવામાં ખૂબ જ ઉપયોગી થયું છે. અનુવાદનું આવું સુંદર પુસ્તક આપીને હિમાંશી શેલતે એક પ્રશંસનીય કાર્ય કર્યું છે. તો સુઘડ, સુવાચ્ય અને મુદ્રણદોષો વિનાનું છાપકામ ધરાવતું પુસ્તક 'ગરીબ, પણ છૈયે કેટલાં બધાં!' એના સરળ, પ્રવાહી અને પ્રાસાદિક ગદ્યને લીધે અભ્યાસીઓ માટે મહત્ત્વનું સન્દર્ભ પુસ્તક બની રહે તેવું છે. ટૂંકમાં, અંગ્રેજી ભાષા-સાહિત્યના ઊંડાં અભ્યાસી હિમાંશી શેલતે અંગ્રેજી પુસ્તકનો આપેલો આ સુવાંગ અનુવાદ ગુજરાતી સાહિત્ય માટે મહત્ત્વનું પ્રદાન ગણી શકાય.

## : પાદટીપ :


૧. 'હિમાંશી શેલતનો વાર્તાલોક', સં. ભરત મહેતા, ડિવાઇન પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૨૦, પૃ.૩૪

૨. 'હિમાંશી શેલત અધ્યયનગ્રંથ', સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૩૧૬

૩. 'સ્વામી અને સાંઈ', સં. હિમાંશી શેલત, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પુનઃમુદ્રણઃ ૨૦૧૨, સંપાદકીય લેખ પૃ.૭

૪. 'પ્રતિરૂપ', સં. હિમાંશી શેલત, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્ર.આ. ૧૯૯૫, સંપાદકીય લેખ, પૃ.૧૭

૫. એજન, પૃ.૧૬

૬. 'પરબ', સં.રમેશ ર. દવે, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, અંક-૧૦, ઓકટોબર ૨૦૦૦, પૃ.૧૮

૭. 'પાંચ દાયકાનું પરિદર્શન', સં. હર્ષદ ત્રિવેદી, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્ર.આ.૨૦૧૧, પૃ.૯૧

૮. 'પરબ', સં.રમેશ ર. દવે, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, અંક-૧૦, ઓકટોબર ૨૦૦૦, પૃ.૧૯

૯. 'સંદર્ભસંકેત', ભરત મહેતા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, બી.આ. ૨૦૧૬, પૃ.૧૯૧

૧૦. 'પ્રત્યક્ષ', જુલાઈ - સપ્ટેમ્બર ૨૦૦૪, પૃ.૩૧

૧૧. 'હિમાંશી શેલત અધ્યયનગ્રંથ', સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૩૧૯

૧૨. 'પ્રત્યક્ષ', જુલાઈ - સપ્ટેમ્બર ૨૦૦૪, પૃ.૩૧

૧૩. એજન, પૃ.૩૧

૧૪. 'સંદર્ભસંકેત', ભરત મહેતા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, બી.આ. ૨૦૧૬, પૃ.૨૦૬

૧૫. 'મધદરિયે મહેફિલ', સં. હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૧, પ્રસ્તાવના લેખ પૃ.xvi

૧૬. 'લિ. હું આવું છું', સં.વિનોદ મેઘાણી - હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, નવસંસ્કરણઃ ૨૦૦૩, પૃ.૧૦

૧૭. 'પહેલો અક્ષર', સં.હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણઃ ૨૦૦૮, પ્રસ્તાવના લેખ પૃ.૫

૧૮. ‘ગુજરાતી નવલિકાચયન ૨૦૦૭’, સં. હિમાંશી શેલત, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૮, પ્રસ્તાવના પૃ.4

૧૯. ‘પરાવાસ્તવવાદ’, ડૉ.હિમાંશી શેલત, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્ર.આ. ૧૯૮૭, પ્રસ્તાવના પૃ.૬

૨૦. એજન, પૃ.૬

૨૧. ‘હિમાંશી શેલત અધ્યયનગ્રંથ’, સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૩૭૬

૨૨. એજન, પૃ.૩૭૩

૨૩. એજન, પૃ.૩૫૯

૨૪. એજન, પૃ.૩૬૪

૨૫. ‘નોખા મિજાજનો અનોખો ચિત્રકારઃ ભૂપેન ખખ્ખર’, લે.મહેન્દ્ર દેસાઈ, અનુ.હિમાંશી શેલત, વિકલ્પ પ્રકાશન, મુંબઈ, પ્ર.આ. ૨૦૦૪, પ્રસ્તાવના

૨૬. ‘હિમાંશી શેલતનો વાર્તાલોક’, સં. ભરત મહેતા, ડિવાઇન પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૨૦, પૃ.૩૫

૨૭. ‘હિમાંશી શેલત અધ્યયનગ્રંથ’, સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૩૬૫

૨૮. ‘ગરીબ, પણ છૈયે કેટલાં બધાં!’, લે.ઈલા ર. ભટ્ટ, અનુ.હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૭, જેકેટ પૃષ્ઠ

૨૯. એજન, પ્રસ્તાવના પૃ.૪

૩૦. એજન, જેકેટ પૃષ્ઠ

૩૧. ‘હિમાંશી શેલતનો વાર્તાલોક’, સં. ભરત મહેતા, ડિવાઇન પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૨૦, પૃ.૩૫

૩૨. ‘હિમાંશી શેલત અધ્યયનગ્રંથ’, સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૩૬૯